RNI:- GUJGUJ/2016/67425

પાક્કો ગુજરાત

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Date:- 29-10-2026 I VOL : 12 I Issue : 224 I Page : 8 I Price : 1.00/-

સુવિચાર

સારા શબ્દો કોઈના જીવનમાં આશા જગાવી શકે છે.

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

3 અંકલેશ્વર અને હાંસોટ પંથકમાં કુદરતનો રેલો અને ખેડૂતોની વેદના: હાઇવે...

4 મુંબઈથી રિલાયન્સ જિયોનો મહા-વિજય 10.3 લાખ કરોડના જંગી...

6 જેનિફર વિંગેટે પરિણીતી ચોપરા સાથેના અણબનાવ અંગે તોડ્યું મૌન

7  3 ગોલ્ડ મેડલ જીતનારા ભારતીય ચેમ્પિયન નીરજ યાદવે જીવન...

ટાટા સંસમાં નેતૃત્વ અંગે ચાલી રહેલો આંતરિક વિવાદ મોદી-શાહનું રમકડું નથી

ટાટા ગ્રૂપને બરબાદ કરાઈ રહ્યું છે: રાહુલ ગાંધી

ટાટા જૂથને સુનિયોજિત રીતે બરબાદ કરવામાં આવી રહ્યું છે અને દેશનો કોઈ પણ ઉદ્યોગપતિ આ મુદ્દે ખુલીને બોલવાની હિંમત દાખવી રહ્યો નથી

નવી દિલ્હી

કોંગ્રેસ સાંસદ અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ બુધવારે ટાટા જૂથને લઈને એક મોટું નિવેદન આપ્યું છે. તેમણે આક્ષેપ કર્યો છે કે ટાટા જૂથને સુનિયોજિત રીતે બરબાદ કરવામાં આવી રહ્યું છે અને દેશનો કોઈ પણ ઉદ્યોગપતિ આ મુદ્દે ખુલીને બોલવાની હિંમત દાખવી રહ્યો નથી. રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'x' પર પોસ્ટ કરીને જણાવ્યું હતું કે, 'ભારતીય વ્યાપાર કે ઉદ્યોગો વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહનું કોઈ અંગત રમકડું નથી. ભલે ઉદ્યોગપતિઓમાં બોલવાની હિંમત ન હોય, પરંતુ કોંગ્રેસમાં છે અને આ કથિત અપરાધો માટે ન્યાય સુનિશ્ચિત કરવામાં આવશે. ટાટા જૂથની મુખ્ય કંપની 'ટાટા સન્સ'માં અત્યારે લીડરશીપ અંગે મોટો આંતરિક વિવાદ ચાલી રહ્યો છે. 17 સપ્ટેમ્બરના રોજ બોર્ડ બેઠકમાં એન. ચંદ્રશેખરનને ફરીથી ચેરમેન બનાવવાનો પ્રસ્તાવ પાસ કરાયો હતો. જોકે, ટાટા ટ્રસ્ટ્સના ચેરમેન નોએલ ટાટાએ આ નિર્ણય સામે વાંધો ઉઠાવ્યો છે અને તેને પડકાર્યો છે. બંને ટોચના પદો વચ્ચેનો આ મતભેદ હવે બોર્ડ ઑફ ડિરેક્ટર્સ સુધી પહોંચી ગયો છે, જેના કારણે દેશના કોર્પોરેટ જગતમાં ભારે ચર્ચા જાગી છે. રાહુલ ગાંધીએ દેશના ઉદ્યોગપતિઓ સામે સવાલ ઉઠાવ્યો છે કે તેઓ ક્યાં સુધી આમને

આમ શાંત બેસી રહેશે? શું તેઓ ત્યારે જ અવાજ ઉઠાવશે જ્યારે બધું જ તેમના હાથમાંથી નીકળી જશે? રાહુલ ગાંધીના આ ગંભીર આરોપો અને ટાટા સન્સના નેતૃત્વ સંબંધિત વિવાદ પર હજુ સુધી કેન્દ્ર સરકાર કે ટાટા ગ્રૂપ તરફથી કોઈ સત્તાવાર નિવેદન કે જવાબ આવ્યો નથી. આ સમગ્ર ઘટનાને કારણે દેશના રાજકારણ અને વેપાર ક્ષેત્રમાં મોટી ચર્ચા શરુ કરી દીધી છે. કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ ટાટા જૂથને સુનિયોજિત રીતે બરબાદ કરાઈ રહ્યાનો ગંભીર આક્ષેપ કર્યો છે. તેમણે 'X' પર પોસ્ટ કરી કહ્યું કે, ટાટા સંસમાં નેતૃત્વ અંગે ચાલી રહેલો આંતરિક વિવાદ મોદી-શાહનું રમકડું નથી. નોએલ ટાટાએ એન. ચંદ્રશેખરનને ચેરમેન બનાવવાનો પ્રસ્તાવ પડકાર્યો છે. આ મુદ્દે સરકાર કે ટાટા જૂથ તરફથી કોઈ પ્રતિક્રિયા આવી નથી. નોંધનીય છે કે ટાટા ટ્રસ્ટ્સના ચેરમેન નોએલ ટાટાએ ટાટા સન્સના એક્ઝિક્યુટિવ ચેરમેન એન. ચંદ્રશેખરનને આપવામાં આવેલા બીજા પાંચ વર્ષના એક્સટેન્શનને પડકાર્યું છે. તેમણે નિયમોની અવગણના, મતદાનના નિયમોના ઉલ્લંઘન અને 'કોન્ફ્લિક્ટ ઑફ ઈન્ટરેસ્ટ' એટલે કે હિતોના ટકરાવના આક્ષેપો કર્યા છે.

ધ ઈકોનોમિક ટાઈમ્સના અહેવાલ મુજબ, નોએલ ટાટાએ ટાટા સન્સના કંપની સેક્રેટરીને પત્ર લખીને 17 સપ્ટેમ્બરની બોર્ડ મીટિંગનો રેકોર્ડ માંગ્યો છે. તેમાં ઑડિયો અને વીડિયો રેકોર્ડિંગ, વોટિંગ રેકોર્ડ્સ અને રજિસ્ટ્રાર ઑફ કંપનીઝમાં દાખલ કરાયેલા તમામ દસ્તાવેજોની માંગ કરવામાં આવી છે.

એક નજર...

મૌની રોયનો કાતિલ અંદાજ, સોશિયલ મીડિયા પર લગાવી આગ

એક્ટ્રેસ મૌની રોય પોતાના દરેક લુકથી ફેન્સને દિવાના બનાવે છે. અભિનેત્રી સોશિયલ મીડિયા પર પણ ખૂબ જ એક્ટિવ રહે છે. ટીવીની દુનિયાથી બોલિવૂડ સુધીની સફર કરનાર હૉટ એન્ડ બ્યુટીફુલ એક્ટ્રેસ મૌની રોય ફરી એકવાર પોતાના બોલ્ડ અંદાજને કારણે ચર્ચામાં આવી છે. સોશિયલ મીડિયા પર તેની આ સુંદરતાના વખાણ થાય છે.

સરકારોને સહમત જજો ગમે છે: જસ્ટિસ એસ.કે. કૌલ

કોલેજિયમે સ્વતંત્ર રીતે નિર્ણયો લેવા જોઈએ અને સરકાર પાસેથી પહેલેથી મંજૂરી લેવાનું ટાળવું જોઈએ

નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટના પૂર્વ ન્યાયાધીશ સંજય કિશન કૌલે કહ્યું કે સરકારો હંમેશાં એવા ન્યાયાધીશોને પસંદ કરતી રહી છે, જેઓ તેમના વિચારો સાથે સહમત હોય. તેમણે કહ્યું કે ન્યાયતંત્રએ પોતાની સ્વતંત્રતા જાળવવા માટે મજબૂતીથી ઊભા રહેવું જોઈએ. પૂર્વ CJI ડી.વાય. ચંદ્રચૂડના ન્યાયિક નિમણૂકો અંગેના અભિગમની ટીકા કરતાં કૌલે કહ્યું કે કોલેજિયમે સ્વતંત્ર રીતે નિર્ણયો લેવા જોઈએ અને સરકાર પાસેથી પહેલેથી મંજૂરી લેવાનું ટાળવું જોઈએ. તેમણે આ વાતો પોતાની આગામી પુસ્તક 'વિથઆઉટ ફિયર ઑર ફેવર'

અંગેની ચર્ચા દરમિયાન કહી હતી. સુપ્રીમ કોર્ટના પૂર્વ ન્યાયાધીશ જસ્ટિસ સંજય કિશન કૌલે સ્પષ્ટ કર્યું છે કે તેઓ કોકરોચ જનતા પાર્ટીના નેતા સૌરવ દાસને માર્ગદર્શન આપી રહ્યા ન હતા. તેમણે કહ્યું કે તેઓ તેમને પત્રકાર તરીકે માત્ર થોડા વખત મળ્યા હતા અને તેમને પોતાની ભાષામાં થોડો સંયમ રાખવાની સલાહ આપી હતી, જે ઘણીવાર પેઢી પ્રમાણે અલગ હોય છે. અનુચ્છેદ 370 હટાવવા અંગે: અનુચ્છેદ 370 હટાવવાના મામલે નિર્ણય આપતી વખતે તેમણે પોતાને કાશ્મીરી હિંદુ નહીં, પરંતુ એક બંધારણીય ન્યાયાધીશ માન્યા. તેમના પરિવારે 1947ના ભાગલાનું દુઃખ સહન કર્યું હતું, પરંતુ ન્યાય કરતી વખતે પોતાના અનુભવોને નિર્ણય પર હાવી થવા દીધા નહીં. ડિસેમ્બર 2023માં તેઓ પાંચ ન્યાયાધીશોની બંધારણીય પીઠનો ભાગ હતા, જેણે અનુચ્છેદ 370 હટાવવાના નિર્ણયને યથાવત્ રાખ્યો હતો. જમ્મુ-કાશ્મીરમાં હિંસા અંગે: જમ્મુ-કાશ્મીરમાં લાંબા સમયથી ચાલી રહેલી હિંસા અને માનવાધિકાર ઉલ્લંઘનની ઘટનાઓને સ્વીકારવી જરૂરી છે. તેમણે રાજ્ય અને બિન-રાજ્ય પક્ષો તરફથી થયેલા ઉલ્લંઘનોની તપાસ કરવા માટે એક નિષ્પક્ષ સત્ય અને સમાધાન આયોગ બનાવવાનું સૂચન કર્યું હતું.

MLC ચૂંટણી: વારાણસીમાં જ ભાજપનો પરાજય થયો

ઉત્તર પ્રદેશ વિધાન પરિષદ(MLC) ચૂંટણીમાં સમાજવાદી પાર્ટીએ(SP) શાનદાર પ્રદર્શન કર્યું

નવી દિલ્હી

ઉત્તર પ્રદેશ વિધાન પરિષદ(MLC) ચૂંટણીમાં સમાજવાદી પાર્ટી(SP)એ શાનદાર પ્રદર્શન દર્શાવીને તાકાતમાં વધારો કર્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સંસદીય ક્ષેત્ર ગણાતા વારાણસીમાં જ ભાજપને મોટો ઝટકો લાગ્યો છે. વારાણસી શિક્ષક બેઠક પરથી સપાના ઉમેદવાર લાલ બિહારી યાદવ અને આગ્રા શિક્ષક બેઠક પરથી સપાના ઉમેદવાર ડૉ. આકાશ અગ્રવાલે જીત મેળવી છે. આ ઉપરાંત અલ્હાબાદ-ઝાંસી, વારાણસી અને લખનૌ સ્નાતક બેઠકો પર પણ સપાના ઉમેદવારો મજબૂત સરસાઈ ભોગવી રહ્યા છે. સપા પ્રમુખ અને પૂર્વ મુખ્યમંત્રી અખિલેશ યાદવની ખાસ રણનીતિ આ ચૂંટણીમાં ખૂબ સફળ સાબિત થઈ છે. વર્ષ 2020માં યોજાયેલી MLC ચૂંટણીમાં સપાને આ 11 બેઠકોમાંથી 3 બેઠકો મળી હતી. જ્યારે આ વખતે સપા પોતાની જૂની 3 બેઠકો બચાવવા ઉપરાંત અન્ય 2 બેઠકો પણ પોતાના ખાતામાં ઉમેરતી જોવા મળી રહી છે.

NEWS TRACK

કૅપ્ટન સ્મિત મચ્છરને UAEનું સન્માન, રાષ્ટ્રપતિ ભેટ્યાં:રાજકુમારે કહ્યું- તેઓ અમારી ઓળખ છે

યુએઈએ ભારતીય પાયલટ સ્મિત મચ્છરને મંગળવારે પોતાના સૌથી મોટા સન્માનોમાંના એક 'ઝાયેદ II- ફર્સ્ટ ક્લાસ'થી સન્માનિત કર્યા. આ દરમિયાન યુએઈના રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન જાયેદ અલ નાહ્યાને કેપ્ટન મચ્છરને ભેટ્યાં. ફ્લાયદુબઈ ફ્લાઇટના પાયલટ મચ્છરે 30 સપ્ટેમ્બરના રોજ વિમાનને ક્રેશ કરાવવાના પ્રયાસને નિષ્ફળ બનાવ્યો હતો. આ વિમાન દુબઈથી તેલ અવીવ જઈ રહ્યું હતું. આ દરમિયાન સહ-પાયલટે તેમના પર હુમલો કર્યો હતો. રાષ્ટ્રપતિ બિન ઝાયદે મંગળવારે ફ્લાઇટના ક્રૂના સભ્યો સાથે પણ મુલાકાત કરી. આ દરમિયાન UAEના ઉપપ્રમુખ, વડાપ્રધાન અને દુબઈના શાસક શેખ મોહમ્મદ બિન રાશિદ અલ મકતૂમ પણ હાજર હતા. UAEના નેતાઓએ કેપ્ટન મચ્છર અને ક્રૂના સભ્યોની હિંમત તથા જવાબદારીની પ્રશંસા કરી. તેમણે કહ્યું કે મુશ્કેલ પરિસ્થિતિઓમાં પણ ક્રૂએ મુસાફરોની સુરક્ષાને સૌથી વધુ પ્રાધાન્ય આપ્યું. કેપ્ટન મચ્છર જ્યારે ઈજાઓની સારવાર કરાવી રહ્યા હતા.

સ્પેનમાં 200 કિમીની ઝડપે જતી હાઈ-સ્પીડ ટ્રેન વચ્ચે ભયાનક ટક્કર: 64 લોકોના મોત

સ્પેનના ટોલેડો પ્રાંતમાં બુધવારે બે હાઈ સ્પીડ ટ્રેનો અથડાઈ ગઈ. DD ન્યૂઝ મુજબ, આ અકસ્માતમાં 64 લોકોનાં મોત થયા છે, જ્યારે 179 લોકો ઘાયલ થયા છે. રાહત અને બચાવ કામગીરી માટે ઈમરજન્સી અને તબીબી ટીમો ઘટનાસ્થળે પહોંચી ગઈ છે. સ્પેનિશ અહેવાલો અનુસાર, અકસ્માત સ્થાનિક સમય મુજબ સવારે 9 વાગ્યે થયો. એક ટ્રેને બીજી ટ્રેનને પાછળથી ટક્કર મારી. અનેક ડબ્બા કાટમાળમાં ફેરવાઈ ગયા છે. અકસમાત બાદ રાજધાની મેડ્રિડને સ્પેનના દક્ષિણ આંદાલુસિયા વિસ્તાર સાથે જોડતી રેલવે લાઇન બંધ કરી દેવામાં આવી છે. ટક્કર સ્પેનની સરકારી ટ્રેન Renfe AVE 2080 અને ખાનગી ટ્રેન Iryo 6076 વચ્ચે થઈ છે. તેમની સરેરાશ ઝડપ 200 કિમી પ્રતિ કલાકથી વધુ હોય છે. એક ટ્રેન સવારે 8 વાગ્યે મેડ્રિડથી સેવિલ માટે રવાના થઈ હતી. તે દરમિયાન બીજી ટ્રેન તેની સાથે અથડાઈ ગઈ. રેલવે નેટવર્કનું સંચાલન કરતી કંપની અડિફે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર આ અંગે માહિતી આપી હતી.

વાવાઝોડા 'અર્નબ'થી આંધ્રપ્રદેશમાં તબાહી, 3નાં મોત, 31 ઘરો ક્ષતિગ્રસ્ત

અમરાવતી

બંગાળની ખાડીથી ઉઠેલું ચક્રવાતી વાવાઝોડું 'અર્નબ' મંગળવાર મોડી રાત્રે 3:30 વાગ્યે આંધ્રપ્રદેશના તટ સાથે અથડાયું હતું. અહીં 125 થી 135 કિમી પ્રતિ કલાકની ઝડપે ફૂંકાતા પવન સાથે ભારે વરસાદ પડી રહ્યો છે. આંધ્રપ્રદેશમાં 3 લોકોનાં મોત થયાં છે. રાજ્યમાં 31 ઘરને નુકસાન પહોંચ્યું છે. 57 હજાર લોકોને અન્યત્ર ખસેડ્યા છે. વાવાઝોડાના કારણે 50 ટ્રેનો અને વિજયવાડા-વિશાખાપટ્ટનમ એરપોર્ટ પર 21 ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે. ઓડિશામાં ભારે વરસાદના પગલે 16 જિલ્લાઓમાં શાળાઓ બંધ છે. અહીં 30 હજાર લોકોને સુરક્ષિત જગ્યાઓ પર પહોંચાડ્યા છે. આંધ્રપ્રદેશ અને ઓડિશામાં 4,000 સાયક્લોન શેલ્ટર બનાવ્યા છે. વિશાખાપટ્ટનમમાં 27 ઑક્ટોબરની સવારે 8:30 વાગ્યાથી 28 ઑક્ટોબરની સવારે 3 વાગ્યા સુધી, એટલે કે લગભગ 18 કલાકમાં 200mmથી વધુ વરસાદ નોંધાયો છે. આ જુલાઈ મહિનામાં થતા સરેરાશ વરસાદ કરતા દોઢ ગણાથી પણ વધારે છે.

દરેક અટકેલા હાઉસિંગ પ્રોજેક્ટ માટે સુપ્રીમ કોર્ટ મંચ બની શકે નહીં: CJI

નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટે અટકેલા રિયલ એસ્ટેટ પ્રોજેક્ટ્સના ઘર ખરીદદારો દ્વારા સતત દાખલ કરવામાં આવી રહેલી અરજીઓ અંગે ચિંતા વ્યક્ત કરી છે. કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે, જો દરેક હાઉસિંગ પ્રોજેક્ટ સાથે જોડાયેલા મામલાની અલગ-અલગ સુનાવણી શરૂ કરવામાં આવશે, તો મુખ્ય કેસમાં આખરી ચુકાદો આપવો મુશ્કેલ બની જશે. જસ્ટિસ જોયમાલ્ય બાગચીએ નોંધ્યું કે, ભારતમાં દરેક સમસ્યાગ્રસ્ત હાઉસિંગ પ્રોજેક્ટ માટે સુપ્રીમ કોર્ટ એક પ્લેટફોર્મ બની શકે નહીં.

કેન્દ્રીય કર્મચારીઓને દિવાળી ગિફ્ટ: DAમાં 3 ટકાનો વધારો, મળશે 4 મહિનાનું એરિયર

નવી દિલ્હી

લાંબા સમયથી કેન્દ્રીય કર્મચારીઓ આશા રાખીને બેઠા હતા કે સરકાર દિવાળીના તહેવાર પર તેમને મોંઘવારી ભથ્થામાં વધારાની ભેટ આપશે. કેન્દ્રીય કેબિનેટે આ રાહનો સુખદ અંત આણતાં જુલાઈ મહિનાથી લાગુ થનારા મોંઘવારી ભથ્થામાં 3%ના વધારાને સત્તાવાર મંજૂરી આપી દીધી છે. કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે કેબિનેટના નિર્ણયોની માહિતી આપતાં જણાવ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 48 લાખ કેન્દ્રીય કર્મચારીઓ અને 68 લાખથી વધુ પેન્શનર્સને દિવાળીની આ શાનદાર ભેટ આપી છે. DA વધીને 63 ટકા થયું, સરકારી તિજોરી પર રૂ.10,016 કરોડનો બોજ કેન્દ્ર સરકારના કર્મચારીઓ માટે મોંઘવારી ભથ્થામાં 3 ટકાનો વધારો મંજૂર કરાયો છે, જેના કારણે હવે કર્મચારીઓનું DA 60% થી વધીને 63% થઈ ચૂક્યું છે. મોંઘવારી ભથ્થામાં આ વધારો જુલાઈ મહિનાથી અમલી ગણાશે. સરકારના આ પગલાથી કેન્દ્ર સરકારની તિજોરી પર આશરે રૂ.10,016 કરોડનો વધારાનો નાણાકીય બોજ પડશે. ઑક્ટોબરના પગાર સાથે 4 મહિનાનું એકસાથે મળશે એરિયર કર્મચારીઓને જુલાઈ મહિનાથી લાગુ થયેલા આ વધારા સાથે ઑક્ટોબર સુધીના કુલ 4 મહિનાનું એરિયર એકસાથે આપવામાં આવશે.

સુરત મહાનગરપાલિકાની ઉઘાડી પડી પોલ! જનતા દૂષિત પાણીથી ત્રાહિમામ, નેતાઓ પાસે બહાનાબાજી અપરંપાર

સુરત રામ ભરોસે! કમળ જેવા શહેરને મળ્યું ગંદુ પાણી: કરોડોના બજેટ છતાં તંત્ર નિષ્ફળ, નેતાઓએ દોષનો ટોપલો 'એલ નીનો' પર ઢોળ્યો!

નળમાંથી આવી રહ્યું છે દુર્ગંધ મારતું પીળાશ પડતું પાણી: પ્રજાના ટેક્સના પૈસાનું કિંમત શૂન્ય, રોગચાળો ફેલાવાની ભીતિ વચ્ચે કોર્પોરેટરો લાચાર

સુરત

જે શહેરને સ્માર્ટ સિટી, ડાયમંડ સિટી અને સ્વચ્છતામાં દેશભરમાં ડંકો વગાડનાર શહેર તરીકે ઓળખવામાં આવે છે, તે સુરતમાં આજે નાગરિકો માટે સૌથી પ્રાથમિક જરૂરિયાત એવા 'શુદ્ધ પીવાના પાણી'ના પણ ફાંફા પડી રહ્યા છે. કરોડો રૂપિયાના વાર્ષિક બજેટવાળી સુરત મહાનગરપાલિકા (SMC) શહેરના લોકોને પીવાનું ચોખ્ખું પાણી પૂરું પાડવામાં સાવ નિષ્ફળ નીવડી છે. શહેરના અનેક વિસ્તારોમાં લાંબા સમયથી નળમાંથી ગંદુ, કાળું-પીળાશ પડતું અને માટી-દુર્ગંધ મારતું પાણી આવી રહ્યું છે. પાણીના આ દૂષિત પુરવઠાને કારણે સ્થાનિક રહીશો ભયાનક રોગચાળાના છાયા હેઠળ જીવવા મજબૂર બન્યા છે.

અજબ-ગજબ તર્ક: જવાબદારીમાંથી હાથ ખંખેરવા 'એલ નીનો'નું બહાનું!

સૌથી વધુ આશ્ચર્ય અને આક્રોશની વાત તો એ છે કે, આટલી ગંભીર સમસ્યાનો ત્વરિત અને નક્કર ઉકેલ લાવવાના બદલે પ્રજાના પ્રતિનિધિઓ એટલે કે કોર્પોરેટરો અને સંબંધી તંત્ર પોતાની જવાબદારીમાંથી સાવ હાથ ખંખેરી રહ્યા છે! સ્થાનિકો જ્યારે ફરિયાદ લઈને પહોંચે છે, ત્યારે નેતાઓ દૂષિત અને ગંદા પાણી માટે 'એલ નીનો' (El Nio) જેવી આંતરરાષ્ટ્રીય અને કુદરતી ઘટનાઓને જવાબદાર ઠેરવી રહ્યા છે!

શાસકોના આવા વિચિત્ર તર્ક અને બહાનાબાજી સાંભળીને સુરતની જનતા માથે હાથ દઈને બેસી ગઈ છે. જનતાનો એક જ બુલંદ સવાલ છે–'શું સુરતના નાગરિકોએ ટેક્સના કરોડો રૂપિયા આવા અબૌદ્ધિક તર્ક અને બહાના સાંભળવા માટે ભર્યા છે?'

ગંદુ પાણી અને રોગચાળાનો ભય: જનતા બીમાર, તંત્ર લાચાર

સુરતના અનેક રહેણાંક વિસ્તારો, સોસાયટીઓ અને ઝૂંપડપટ્ટી વિસ્તારોમાં પરિસ્થિતિ અત્યંત ગંભીર બની છે. પીવાના પાણીમાં ગંદકી આવતી હોવાના કારણે નાના બાળકોથી લઈને વૃદ્ધોમાં ઝાડા-ઊલટી, કમળો, ટાઈફોઈડ અને પેટના ઈન્ફેક્શન જેવા ગંભીર રોગો થવાનું જોખમ ચિંતાજનક રીતે વધી ગયું છે. લોકોએ ફરજિયાતપણે પીવાનું પાણી બહારથી ખરીદવું પડી રહ્યું છે અથવા તો દૂષિત પાણી ઉકાળી-ઉકાળીને વાપરવાની મજબૂરી ઊભી થઈ છે.

એક તરફ તંત્ર કાગળ પર મોટી-મોટી ડંફાસો મારે છે અને બીજી તરફ દૂષિત પાણીની લાઈનોનું આયોજનબદ્ધ લેવલિંગ કે ફિલ્ટરેશન પ Plant માં સુધારા કરવામાં તંત્ર સાવ ટાંચું પુરવાર થયું છે.

તંત્ર કુંભકર્ણ નિદ્રામાંથી ક્યારે જાગશે?

સુરત મહાનગરપાલિકાના સત્તાધીશો અને કમિશનરે તાત્કાલિક ધોરણે દરેક વોર્ડમાં તપાસ હાથ ધરીને લાઈનોમાં મિશ્રિત થતા ડ્રેનેજના પાણી અને ફિલ્ટરેશન પ્લાન્ટની ખામીઓ દૂર કરવી જોઈએ. જો વહેલી તકે સુરતવાસીઓને શુદ્ધ પીવાનું પાણી પૂરું પાડવામાં નહીં આવે, તો સ્માર્ટ સિટી સુરતની જનતા રસ્તા પર ઉતરીને ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવા મજબૂર બનશે.

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

પાખંડનો પર્દાફાશ અને ખુલ્લો પડકાર; સાધુતાના ઓઢણા પાછળના કાળી સચ્ચાઈ સામે જૈન સમાજનો આક્રોશ!

- "સાધુ વેશ ત્યાગો, કરોડો રૂપિયા પરત કરો અને સામાન્ય જિંદગીમાં પાછા ફરો!" – પાક્કો ગુજરાત ન્યૂઝ અને જૈન સમાજના બુદ્ધિજીવીઓની સણસણતી ચેતવણી!
- પાપ હવે છૂપાતા નથી અને જરાય નૈતિકતા બચી હોય તો જાહેર માફી માંગી સાધુ વેશ છોડો: ધર્મના નામે ચાલતી અય્યાશી અને દાનના નાણાંના ખેલ સામે આરપારની લડાઈ!

ઉજ્જૈન/અમદાવાદ

જૈન ધર્મ એટલે ત્યાગ, તપસ્યા, સત્ય, અહિંસા અને પરમ પવિત્ર આચરણનો પાવન માર્ગ. પરંતુ ધર્મના આવા પવિત્ર ઓઢણા પાછળ પોતાના કાળી કરતૂતો છુપાવનારા તથાકથિત અને કંકિત સંતો સામે હવે સમગ્ર સમાજે લાલઆંખ કરી છે. સાધુ વેશમાં રહીને કલંકિત કારનામા આચરનારા અને દાનના નામે કરોડો રૂપિયાની કમાણી કરીને પોતાના પાપ છુપાવવા પેડ ટીમ બનાવનારા તત્વો સામે 'પાક્કો ગુજરાત ન્યૂઝ' અને જૈન સમાજના બુદ્ધિજીવી નાગરિકોએ સણસણતો પ્રહાર કરીને સીધી અને આકરી ચેતવણી આપી દીધી છે.



પાક્કો ગુજરાત ન્યૂઝ અને સમાજના પ્રબુદ્ધ નાગરિકોએ કડક શબ્દોમાં સ્પષ્ટ કર્યું છે કે જો આ તથાકથિત સંતમાં જરાય નૈતિકતા કે શરમ બચી હોય, તો તેણે તાત્કાલિક ધોરણે આ પગલાં ભરવા પડશે:

૧. જૈન સમાજની જાહેર માફી માંગીને તુરંત જ પોતાનો સાધુ વેશ ત્યાગી દેવો અને પોતાની સામાન્ય જિંદગીમાં પાછા ફરી જવું, જેથી જૈન સમાજ અને તેની સદીઓ જૂની પવિત્ર પરંપરાઓ સુરક્ષિત રહી શકે.

૨. દાનના નામે એંઠેલા કરોડો રૂપિયા તાત્કાલિક ધોરણે જૈન સમાજને પરત લોટાવવામાં આવે અને ધર્મના નામે ચાલતો અય્યાશીનો ધંધો અને પાખંડનો આ ખેલ સદાને માટે બંધ કરવામાં આવે.

ભગવાન મહાવીર સ્વામીનો માર્ગ પવિત્રતા અને સત્યનો છે. કોઈ પણ કલંકિત અને ભ્રષ્ટ વ્યક્તિને 'સંત' કહેવડાવવાનો કે જૈન ધર્મના ધ્વજ તળે શાસન કરવાનો કોઈ જ નૈતિક અધિકાર નથી. દાન આપનારા શ્રદ્ધાળુઓના પૈસાનો ઉપયોગ પોપટ જેવા અંધભક્તોની ફોજ ઊભી કરવા અને સત્ય અવાજને દબાવવા માટે કરવામાં આવી રહ્યો છે, જે હવે સહન કરવામાં નહીં આવે.

પાક્કો ગુજરાત ન્યૂઝનો ખુલ્લો ચેલેન્જ: હવે જોવાનું એ છે કે હિંમત બતાવે છે કે નવા પેંતરા રચશે?

જૈન સમાજના માન-સન્માન, સાધ્વીજીઓની સુરક્ષા અને ધર્મની રક્ષા માટે આદરવામાં આવેલું આ મહા-અભિયાન હવે અટકવાનું નથી. પાક્કો ગુજરાત ન્યૂઝ દ્વારા ઉજ્જૈનમાં યોજાનારી પક્કા પુરાવા સાથેની પ્રેસ કોન્ફરન્સના ખુલ્લા આમંત્રણ અને આ સણસણતા પડકાર પર આ તથાકથિત સંત સામે આવવાની હિંમત દાખવે છે કે પછી પોતાના પાપ પર પડદો પાડવા માટે નવા રાજકીય કે નાણાકીય પેંતરા અજમાવે છે, તેના પર સમગ્ર દેશ અને જૈન સમાજની નજર મંડાયેલી છે.

જૈન ધર્મની પવિત્રતા અને શ્રદ્ધાળુઓની આસ્થાની રક્ષા માટે આ સત્યની લડાઈ નિરંતર જારી રહેશે!

વડોદરા ગ્રામ્ય LCBનો બૂટલેગરો પર મોટો પ્રહાર: કોટંબીના શાહ ઇન્ડસ્ટ્રીયલ પાર્કમાં કૂખ્યાત ગોડાઉન પર દરોડા

વડોદરા

ગુજરાતમાં દારૂબંધીના કાયદાને વધુ કડક બનાવવા અને દારૂના કાળો કારોબાર ચલાવતા બૂટલેગરોની કમર તોડવા માટે પોલીસ તંત્ર સતત એક્શન મોડમાં છે. તેવામાં વડોદરા ગ્રામ્ય લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) ની ટીમને એક અત્યંત મોટી અને ચોંકાવનારી સફળતા સાંપડી છે. વડોદરા તાલુકાના કોટંબી ગામ પાસે આવેલા શાહ ઈન્ડસ્ટ્રીયલ પાર્ક-૩ માં આવેલા એક વિશાળ ગોડાઉન પર પોલીસે ગુપ્ત બાતમીના આધારે અચાનક ત્રાટકીને દરોડો પાડ્યો હતો. આ સપાટા દરમિયાન ગોડાઉનમાંથી કરોડો રૂપિયાની કિંમતનો ભારતીય બનાવટનો વિદેશી દારૂનો અતિ વિપુલ જથ્થો ઝડપી પાડવામાં આવ્યો છે. વડોદરા ગ્રામ્ય LCB ની આ સપાટાબંધ કાર્યવાહીથી સમગ્ર રાજ્યના દારૂના અડ્ડા ચલાવતા અને સપ્લાય કરતા બૂટલેગરોમાં ભારે ફફડાટ અને સન્નાટો વ્યાપી ગયો છે. મળતી સત્તાવાર વિગતો અનુસાર, વડોદરા ગ્રામ્ય LCB ની ટીમને ચોક્કસ અને ગુપ્ત બાતમી મળી હતી કે કોટંબી સ્થિત શાહ ઈન્ડસ્ટ્રીયલ પાર્ક-૩ ના ગોડાઉનમાં ઔદ્યોગિક કામકાજની આડમાં વિદેશી દારૂનો મોટો જથ્થો છૂપાવીને રાખવામાં આવ્યો છે અને ત્યાંથી જ આસપાસના વિસ્તારોમાં સપ્લાય કરવાની પેરવી ચાલી રહી છે. આ બાતમી આધારે LCB ની ટીમે ક્ષણનો પણ વિલંબ કર્યા વગર ગોડાઉનની ચારેય તરફ ઘેરાબંધી કરીને કડક દરોડો પાડ્યો હતો. જ્યારે પોલીસે ગોડાઉનના શટર ખોલીને અંદર તપાસ કરી, ત્યારે અંદર પેટીઓનો અંબાર જોઈને પોલીસ અધિકારીઓ પણ દંગ રહી ગયા હતા.

પોલીસની સટીક બાતમી અને માસ્ટર સ્ટ્રોક! વડોદરાના ગોલ્ડન ટોલ નાકા પાસેથી વિદેશી દારૂનો જંગી જથ્થો ઝડપાયો

વડોદરા

ગુજરાતમાં દારૂબંધીના કડક દાવાઓ વચ્ચે બુટલેગરો દ્વારા પોલીસની આંખમાં ધૂળ નાખીને ચાલતા ગેરકાયદેસર દારૂના ધંધા પર વડોદરા પોલીસે સકંજો કસી દીધો છે. વડોદરાના હરણી પોલીસ સ્ટેશનની ટીમે બાતમીના આધારે એક મોટી કાર્યવાહી હાથ ધરીને ગોલ્ડન ટોલ નાકા પાસેથી લાખો રૂપિયાની કિંમતના વિદેશી દારૂના જથ્થા સાથે એક ફોર-વ્હીલર ગાડીને ઝડપી પાડી છે. આ મામલે પોલીસે બે આરોપીઓની ધરપકડ કરી છે, જ્યારે મુખ્ય સૂત્રધાર સહિત અન્ય એક વિરુદ્ધ ગુનો નોંધીને તેમની શોધખોળ શરૂ કરી છે. મૂળ માહિતી અનુસાર, હરણી પોલીસ સ્ટેશનના સ્ટાફને ચોક્કસ બાતમી મળી હતી કે એક શંકાસ્પદ ફોર-વ્હીલર વાહનમાં વિદેશી દારૂનો જંગી જથ્થો ભરીને હાઈવે પરથી પસાર થવાનો છે. બાતમીના આધારે તુરંત જ સક્રિય થયેલી પોલીસે ગોલ્ડન ટોલ નાકા પાસે વોચ ગોઠવી દીધી હતી. પોલીસે બાતમીવાળી શંકાસ્પદ કારને રોકીને તેની સઘન તલાશી લીધી હતી. ગાડીની અંદર તપાસ કરતા પોલીસ અધિકારીઓ પણ ચોંકી ઉઠ્યા હતા. ગાડીમાંથી જુદી-જુદી બ્રાન્ડની વિદેશી વ્હિસ્કી અને વોડકાની કુલ ૧૪૫ બોટલો મળી આવી હતી. જપ્ત કરાયેલા આ વિદેશી દારૂના જથ્થાની બજાર કિંમત આશરે રૂ. ૩,૫૮,૫૪૦/- આંકવામાં આવી છે.

PSIએ સર્વિસ રિવોલ્વરથી લમણે ગોળી મારી આત્મહત્યા કરી: CMની સિક્યોરિટીમાં ફરજ બજાવતા, ઘર કંકાસમાં પગલું ભર્યું હોવાની આશંકા

ગાંધીનગર

ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સિક્યોરિટીમાં ફરજ બજાવતા PSIએ આત્મહત્યા કરી લીધી છે. સેકટર 27 પોલીસ લાઈનમાં રહેતા PSI તન્વીરસિંહ ઝાલાએ પોતાની જ સર્વિસ રિવોલ્વરથી આપઘાત કરતા ગાંધીનગર એસપી સહિતના ઉચ્ચ પોલીસ અધિકારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયા હતા. આ સમગ્ર મામલે ઊંડાણપૂર્વકની તપાસનો દોર શરૂ કર્યો છે. મૃતક છેલ્લા કેટલાક દિવસોથી માનસિક તણાવ કે પારિવારિક મુશ્કેલીનો સામનો કરી રહ્યા હતા કે કેમ તે અંગે તેમના પરિવારજનો, નજીકના મિત્રો અને સાથી કર્મીઓની પૂછપરછ કરવામાં આવી રહી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, આપઘાતનું સાચું કારણ તો ઊંડી તપાસ અને જો સુસાઈડ નોટ મળી આવે તો અથવા ફોરેન્સિક રિપોર્ટ આવ્યા બાદ જ સ્પષ્ટ થશે. મૃતક પીએસઆઈ લાંબા સમયથી ગાંધીનગર ખાતે ફરજ બજાવી રહ્યા હતા. તેમણે અચાનક લમણે ગોળી મારી આત્મઘાતી પગલું ભરી લીધા બાદ ગોળીનો અવાજ સાંભળીને આસપાસના લોકો અને સહકર્મીઓ તાત્કાલિક સ્થળ પર દોડી ગયા હતા. પરંતુ ત્યાં સુધીમાં ઘણું મોડું થઈ ગયું હતું. આ અંગે સેકટર 21 પીઆઈ દેસાઈએ કહ્યું કે, પીએસઆઈ ઝાલાના પરિવારમાં પત્ની અર્ચના અને બે બાળકો છે.

દહેગામમાં LCBના દરોડામાં 3 લાખનો દારૂ ઝડપાયો: દારૂ-બિયરની 83 પેટી જપ્ત

ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાના દહેગામ શહેરમાં લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) ની ટીમે ચોક્કસ બાતમીના આધારે જોષીની ખડકી સ્થિત એક મકાનમાં દરોડો પાડીને રૂ. 3 લાખની કિંમતનો વિદેશી દારૂ અને બિયરનો 2160 નંગ જથ્થો પકડી પાડ્યો છે. LCB ની આ સફળ કામગીરીથી સ્થાનિક પોલીસ ઊંઘતી ઝડપાઈ છે. જોકે દરોડા દરમિયાન રીઢો બુટલેગર સ્થળ પરથી પોલીસને હાથતાળી આપીને નાસી જવામાં સફળ રહ્યો હતો. ગાંધીનગર LCB ના PI દિવાનસિંહ વાળાની ટીમ દહેગામ વિસ્તારમાં વિશિષ્ટ પેટ્રોલિંગમાં હતી ત્યારે દહેગામ બસ સ્ટેન્ડ નજીક ખાનગી બાતમી મળી હતી. બાતમી મુજબ, લીંબચમાતાની ફળીમાં રહેતો રીઢો બુટલેગર ભાવસિંહ ઉર્ફે ભાવો પ્રહલાદસિંહ ઝાલા જોષીની ખડકી સ્થિત પોતાના મકાનમાં વિદેશી દારૂ સંતાડીને ગેરકાયદે વેચાણ કરતો હતો, જેના આધારે પોલીસે દરોડો પાડ્યો હતો. દરોડાની ગંધ આવી જતાં બુટલેગર મકાન ખુલ્લું મૂકીને નાસી ગયો હતો. પોલીસે મકાનમાં સર્ચ ઓપરેશન હાથ ધરતાં પ્રથમ માળેથી વિદેશી દારૂ અને બિયરના ટીન ભરેલી 83 પેટીઓ મળી આવી હતી.

સરદાર સાહેબના નામે કરોડોનો પ્રચાર તાયફો કે ખેડૂતોની વેદના?

ડૉ. મનિષ દોશીની સરકાર સામે આક્રમક લાલઆંખ!

31મી ઓક્ટોબરના ભવ્ય કાર્યક્રમો અને સરકારી-સહકારી તિજોરીના ધુમાડા સામે ગંભીર સવાલો

ગાંધીનગર

દેશના લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલના નામે પોતાની રાજકીય છબી ચમકાવવા અને કરોડો રૂપિયાના ખર્ચે મોટા-મોટા પ્રચારાત્મક કાર્યક્રમો યોજવાની કેન્દ્ર અને રાજ્ય સરકારની નીતિ સામે હવે વિપક્ષી મોરચેથી આક્રમક પ્રહારો શરૂ થઈ ગયા છે. ૩૧મી ઓક્ટોબરે યોજાનારા કાર્યક્રમોના સંદર્ભમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશી દ્વારા એક અત્યંત તીખા અને સણસણતા નિવેદન સાથે સરકારની પ્રાથમિકતાઓ પર ગંભીર સવાલો ઉઠાવવામાં આવ્યા છે.

ડૉ. મનિષ દોશીએ સરકારને સીધા સવાલો કરતા આડે હાથ લીધી છે. તેમણે જણાવ્યું હતું કે, ગુજરાતના ૧૫ જિલ્લાઓના ૪૫થી વધુ તાલુકાઓમાં દુષ્કાળની ગંભીર અસર હોવા છતાં માત્ર ચાર જિલ્લાઓને જ અછતગ્રસ્ત જાહેર કરવામાં આવ્યા છે. એક તરફ રાજ્યનો ખેડૂત આર્થિક સંકટ સામે ઝઝૂમી રહ્યો છે, ખેતીની કથળેલી સ્થિતિથી પાયમાલ થઈ રહ્યો છે અને ગામડાં મોટા પાયે મુશ્કેલીઓનો સામનો કરી રહ્યાં છે, ત્યારે બીજી તરફ મોદી સરકાર પોતાની છબી ઊભી કરવામાં વ્યસ્ત છે.

સરદાર સાહેબે રાષ્ટ્રની એકતા, જનસેવા અને અત્યંત સાદગીનું મહાન ઉદાહરણ પૂરું પાડ્યું હતું. સરદાર સાહેબનું નામ લેવું સહેલું છે, પરંતુ તેમના આદર્શો પ્રમાણે શાસન કરવું એ ખરી કસોટી છે. છેલ્લા ૩૦ વર્ષથી ગુજરાતમાં અને ૧૨ વર્ષના કેન્દ્રના શાસનમાં ભાજપા સરકારે જનતાના પરસેવાના કરોડો રૂપિયા પોતાની સ્વપ્રસિધ્ધી અને પ્રચાર પાછળ વેરફી નાખ્યા છે.

મળતી માહિતી મુજબ, ગુજરાતનાં ૧૮,૦૦૦ ગામોમાં ભાષણ કાર્યક્રમોનું આયોજન કરવાની વાત સામે આવી છે. આશ્ચર્યજનક વિગતો એ છે કે આમાંથી અંદાજે ૧૨,૦ ગામોના ખર્ચની જવાબદારી અમૂલ, ૩,૦૦૦ ગામોની ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ (GSC) અને ૩,૦૦૦ ગામોની ગુજકોમાસોલ દ્વારા ઉઠાવવામાં આવનાર છે. આ કરોડો રૂપિયાના અધધ ખર્ચની સત્તાવાર વિગતો અને નાણાંના સ્ત્રોત અંગે સરકારે સ્પષ્ટતા કરવી જ પડે. ડૉ. મનિષ દોશીએ સવાલ કર્યો છે કે–'શું સહકારી સંસ્થાઓનાં નાણાં ખેડૂતો, પશુપાલકો અને ગ્રામ્ય વિકાસ માટે વપરાવા જોઈએ કે પછી સરકારના ભાષણો અને વ્યક્તિગત છબીના પ્રચાર માટે?'

તલોદ-દહેગામ હાઇવે પર કારની ટક્કરે યુવકનું મોત

ભાદરોડા ચોકડી પાસે શરદ પૂનમે દર્શનાર્થે જઈ રહેલા હર્ષદસિહ ઝાલાનું સારવાર દરમિયાન નિધન

ગાંધીનગર

સાબરકાંઠાના તલોદ-દહેગામ હાઈવે પર ભાદરોડા ચોકડી પાસે એક અકસ્માત થયો. શરદ પૂનમે દર્શનાર્થે જઈ રહેલા બે યુવકોને કારે ટક્કર મારી. ગંભીર ઘવાયેલા હર્ષદસિંહ હીરસિંહ ઝાલાનું હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થયું. બોરીયા (તા. તલોદ) ના ગજેન્દ્રસિંહ ઝાલા અને તેમના કાકાના દીકરા હર્ષદસિંહ મોટરસાયકલ (GJ-18-FL-4764) પર ઉંટરડા મંદિરે જતા હતા. 25 ઓક્ટોબર રાત્રે નવ વાગ્યે ભાદરોડા ચોકડી પાસે પૂરઝડપે આવેલી ફોરવીલ (GJ-15-PP-6127) એ તેમને ટક્કર મારી. અકસ્માતમાં ગજેન્દ્રસિંહને મોઢા-શરીરે ઈજા થઈ, હર્ષદસિંહના માથામાં ગંભીર ઈજા થતાં તેઓ બેભાન થયા. કાર ચાલક ભાગી છૂટ્યો. મિત્રોએ તેમને હોસ્પિટલ પહોંચાડ્યા. અમદાવાદ સિવિલમાં હર્ષદસિંહનું મોત થયું, ગજેન્દ્રસિંહ સારવાર હેઠળ છે. પોલીસે ફરાર કાર ચાલક સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી.

ખોરજ જમીન વિવાદમાં મોટો વિસ્ફોટ

ફરિયાદ પક્ષનો યુ-ટર્ન અને પોલીસ તંત્ર સામે ગંભીર લાંચ-ભ્રષ્ટાચારના આક્ષેપો!

ગાંધીનગર

અતિ ચર્ચિત અને વિવાદિત ખોરજ જમીન વિવાદ અને તેના સંબંધિત અપહરણ કેસમાં એક નવો અને અત્યંત સનસનાટીપૂર્ણ વળાંક આવ્યો છે. અત્યાર સુધી જે કેસમાં પોલીસ તપાસ કરી રહી હોવાના દાવાઓ થઈ રહ્યા હતા, તે જ કેસની મુખ્ય ફરિયાદી મહિલા કાજલ ઠાકોરે હવે પોલીસની ભૂમિકા સામે જ સીધો મોરચો માંડી દીધો છે. ફરિયાદીના આ યુ-ટર્ન અને પોલીસ તંત્ર પર કરાયેલા ગંભીર પ્રહારોથી સમગ્ર ગાંધીનગર અને અમદાવાદ પોલીસ વિભાગમાં હડકંપ મચી ગયો છે. ઘટનાની વિગતો મુજબ, અપહરણની ફરિયાદ નોંધાવનાર કાજલ ઠાકોરે હવે ખુલ્લેઆમ સામે આવીને પોલીસ તપાસ સામે સવાલો ઊભા કર્યા છે. તેમણે ગંભીર આરોપ લગાવ્યો છે કે તેમના પતિ છેલ્લા બે મહિનાથી ઘરની બહાર (ગાયબ/લાપતા) છે અને વિધિવત ફરિયાદ નોંધાવવા છતાં પણ તંત્ર દ્વારા તેમને કોઈ જ ન્યાય આપવામાં આવ્યો નથી. મહિલાના નિવેદનથી હવે એવો સવાલ ઊભો થઈ રહ્યો છે કે, શું ખરેખર પોલીસના ડરથી પીડિત પરિવાર અત્યાર સુધી ચૂપ હતો? કાજલ ઠાકોરના આ આક્રમક વલણ બાદ સમગ્ર અપહરણ કેસ અને જમીન કૌભાંડમાં પોલીસની ભૂમિકા શંકાના દાયરામાં આવી ગઈ છે. આ કેસમાં સૌથી વિસ્ફોટક દાવો રવિ ઠાકોર દ્વારા કરવામાં આવ્યો છે. રવિ ઠાકોરના દાવો અનુસાર, અડાલજ પોલીસ ઈન્સ્પેક્ટર (PI) ને ૭૦ લાખ રૂપિયા રોકડા આપ્યા હતા, જ્યારે આ કેસમાં સેટલમેન્ટ કે તોડ કરવા માટે ટોકન પેટે ૨ કરોડ રૂપિયા આપવાના હતા! વધુમાં એવો પણ ગંભીર આક્ષેપ કરાયો છે કે આ બંગી રકમ અને પૈસાનો વ્યવહાર રેન્જ આઈજી (Range IG) વીરેન્દ્ર યાદવ સુધી પહોંચાડવાનો હતો. પોલીસના ઉચ્ચ આઈપીએસ (IPS) અધિકારી અને સ્થાનિક પોલીસ પર આટલા મોટા પાયે નાણાકીય લેવડ-દેવડના આરોપો લાગતાં પોલીસ બેડાની છબી ખરડાઈ છે. રવિ ઠાકોર અને સ્થાનિકો દ્વારા એવો પણ સનસનાટીપૂર્ણ આક્ષેપ કરવામાં આવ્યો છે કે આઈજી સાહેબના નામે બુટલેગર સલીમ આખા બોર્ડર કે વિસ્તારનો 'વહીવટ' સંભાળે છે. દારૂ અને જુગાર જેવા ગેરકાયદેસર અડ્ડાઓ પરથી હપ્તા ઉઘરાવવાનું કામ પણ આ સિન્ડિકેટ દ્વારા ચાલતું હોવાના આકરા પ્રહારો કરવામાં આવ્યા છે. અગાઉ પણ આ અધિકારી સામે અનેક ગંભીર ફરિયાદો અને આરોપો ઊઠી ચૂક્યા હોવાનું જણાવીને, રજૂઆતમાં સ્પષ્ટ માંગ કરવામાં આવી છે કે: 'રાજ્ય સરકાર દ્વારા તાત્કાલિક ધોરણે 'ગંગા જળ સ્કીમ' (Ganga Jal Scheme - ઉચ્ચ સ્તરીય નિષ્પક્ષ કમિટી) હેઠળ આ IPS અધિકારી અને સંકળાયેલા પોલીસ કર્મચારીઓ વિરુદ્ધ તટસ્થ અને કડક તપાસ સોંપવામાં આવે!'

રાજકારણના તળિયે પહોંચેલી

ટિપ્પણી સામે ગાંધીનગરમાં ભાજપનું ભવ્ય વિરોધ પ્રદર્શન!

ગાંધીનગર

દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી સાહેબ વિરુદ્ધ વિપક્ષી નેતાઓ દ્વારા કરવામાં આવતી અભદ્ર ટિપ્પણીઓને લઈને રાજ્યભરમાં ભારે રોષ ભભૂકી ઊઠ્યો છે. કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે દ્વારા દેશના પ્રધાનમંત્રીના પૂજ્ય પિતાશ્રી અંગે કરવામાં આવેલી અત્યંત અસભ્ય, ગેરવાજબી અને સંસ્કારહીન ટિપ્પણીના સખત વિરોધમાં આજે રાજ્યની રાજધાની ગાંધીનગર ખાતે ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટી દ્વારા એક અતિ વિરાટ અને આક્રમક વિરોધ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. ગાંધીનગર મહાનગરના ઘ-૫ સ્થિત રવિશંકર મહારાજ સર્કલ ખાતે આયોજિત આ આક્રમક પ્રદર્શનમાં ભાજપના હજારો કાર્યકરો અને નેતાઓ ઉમટી પડ્યા હતા. વિરોધ પ્રદર્શન દરમિયાન કોંગ્રેસ પક્ષ અને મલ્લિકાર્જુન ખડગે સામે ભારે સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. આ વિરોધ પ્રદર્શન ગુજરાત ભાજપના પ્રદેશ પ્રભારી શ્રી તરુણ ચુગ જી અને પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશ વિશ્વકર્મા જીની ખાસ ઉપસ્થિતિમાં યોજાયું હતું. બંને શીર્ષ નેતાઓની આગેવાનીમાં ભાજપના કાર્યકરોએ કોંગ્રેસની કૂટનીતિ અને ગંદી રાજનીતિનો પર્દાફાશ કરીને સખત આક્રોશ વ્યક્ત કર્યો હતો. પ્રદર્શન સ્થળેથી વિરોધનો સૂર બુલંદ કરતા ભાજપના નેતાઓએ જણાવ્યું હતું કે, લોકશાહીમાં રાજકીય મતભેદો અને નીતિઓની ટીકા આવકાર્ય છે, પરંતુ જ્યારે વિપક્ષી નેતાઓ પાસે મુદ્દાઓ ખૂટી પડે છે ત્યારે તેઓ વડાપ્રધાન અને તેમના સ્વર્ગસ્થ પિતાશ્રી જેવા અંગત સ્વજનો સામે અસભ્ય અને નીચલા સ્તરની ટિપ્પણીઓ કરવા પર ઊતરી આવે છે. પ્રદેશ પ્રભારી શ્રી તરુણ ચુગ અને પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશ વિશ્વકર્માએ સ્પષ્ટ શબ્દોમાં સંભળાવ્યું હતું કે, ભારતની જનતા પોતાના લોકપ્રિય નેતા અને તેમના પરિવારનું આવું અપમાન ક્યારેય સહન નહીં કરે.

દિવાળી પહેલાં પગાર ચૂકવવા 96,329 ભોજન માતાની નાણામંત્રીને રજૂઆત:સંચાલકોને ₹7,000 અને રસોઈયા-મદદનીશોને ₹5,000 ચૂકવવા માગ

ગાંધીનગર

દિવાળી તહેવાર પહેલાં PM POSHAN શક્તિ નિર્માણ યોજના અને મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના હેઠળ કામ કરતા કર્મચારીઓને ઓક્ટોબર અને નવેમ્બર-2026નું માનદ વેતન એડવાન્સમાં ચૂકવવાની માગ ઊઠી છે. PM POSHAN શક્તિ નિર્માણ યોજના કર્મચારી સંઘ, ગુજરાત પ્રદેશના પ્રમુખ રાજેન્દ્રસિંહ બી. ચુડાસમાએ નાણામંત્રી કનુ દેસાઈને પત્ર લખીને 5 નવેમ્બર, 2026 સુધીમાં બે મહિનાનું માનદ વેતન અને કૂકિંગ કોસ્ટની બાકી રકમ ચૂકવવા રજૂઆત કરી છે. સંઘના જણાવ્યા અનુસાર, ગુજરાતમાં PM POSHAN અને મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના હેઠળ આશરે 96,329 ભોજન માતાઓ, સંચાલકો, રસોઈયા અને મદદનીશ બહેનો કામગીરી કરી રહ્યાં છે. તેઓ છેલ્લા 40 વર્ષથી રાજ્યનાં આશરે 40 લાખ બાળકોને દરરોજ ભોજન પીરસવાની કામગીરી કરી રહ્યાં છે. આ કર્મચારીઓ રાજ્યમાં સૌથી ઓછું વેતન મેળવતા હોવા છતાં મોટી જવાબદારી નિભાવી રહ્યા હોવાનું પત્રમાં જણાવાયું છે.

સંઘે નાણામંત્રી સમક્ષ બે મહિનાનું માનદ વેતન દિવાળી પહેલાં એડવાન્સમાં ચૂકવવાની માગ કરી છે. આ મુજબ સંચાલકોને આશરે રૂ. 7,000 અને રસોઈયા તથા મદદનીશ બહેનોને આશરે રૂ. 5,000 ચૂકવવા રજૂઆત કરવામાં આવી છે. સમયસર વેતન મળે તો કર્મચારીઓ પણ પોતાના પરિવાર સાથે દિવાળીનો તહેવાર સારી રીતે ઉજવી શકે અને બાળકો માટે નવાં કપડાં તથા ફટાકડાં ખરીદી શકે તેવી લાગણી પત્રમાં વ્યક્ત કરાઈ છે. પત્રમાં જણાવ્યા મુજબ, યોજનાની લગભગ 90 ટકા રકમ ગુજરાત સરકાર પોતાના બજેટમાંથી ચૂકવે છે. સંચાલકના કુલ રૂ. 4,500ના માનદ વેતનમાંથી કેન્દ્ર સરકારનો હિસ્સો રૂ. 1,000 છે, જ્યારે બાકીના રૂ. 3,500 રાજ્ય સરકાર ચૂકવે છે. તેવી જ રીતે, રસોઈયા અને મદદનીશના કુલ રૂ. 3,750ના માનદ વેતનમાંથી રૂ. 2,500થી વધુ રકમ રાજ્ય સરકાર ભોગવે છે. આથી, દિવાળી પહેલાં બે મહિનાનું માનદ વેતન ચૂકવવાથી સરકાર પર વધારાનો નાણાકીય બોજ નહીં પડે, પરંતુ નિયમિત ચૂકવવાની રકમ અગાઉથી ચૂકવવામાં આવશે, તેવી દલીલ સંઘે કરી છે. મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના હેઠળ કર્મચારીઓએ પોતાના ખર્ચે શાકભાજી અને મસાલા ખરીદીને યોજના ચલાવી હોવાનો ઉલ્લેખ પણ પત્રમાં કરવામાં આવ્યો છે. આ કામગીરીની કૂકિંગ કોસ્ટની બાકી રકમ પણ દિવાળી પહેલાં ચૂકવવા માંગ કરવામાં આવી છે. સંઘના પ્રમુખ રાજેન્દ્રસિંહ બી. ચુડાસમાએ જણાવ્યું છે કે, સમયસર ચૂકવણું થવાથી 96,329 પરિવારોમાં દિવાળીની ખુશી આવશે. નાણામંત્રીને વાલી સમાન ગણાવી કર્મચારીઓએ તેમની સંવેદનશીલતા પર વિશ્વાસ વ્યક્ત કર્યો છે.

એક તરફ ઉત્પાદનમાં મોટો ઘટાડો તો બીજી તરફ ભાવ વધવા છતાં ખેડૂતો રડવા મજબૂર!

અંકલેશ્વર અને હાંસોટ પંથકમાં કુદરતનો રેલો અને ખેડૂતોની વેદના: હાઇવે અને રોડ પર પથરાયું 'કાચું સોનું'

અંકલેશ્વર/ભરૂચ

ગુજરાતના અન્નદાતા ખેડૂતો પર કુદરતની વકરી રહેલી વેરભાવના અને બેફામ માર વચ્ચે હવે અંકલેશ્વર અને હાંસોટ પંથકમાંથી એક અત્યંત ચોંકાવનારા અને હૃદયદ્રાવક દ્રશ્યો સામે આવ્યા છે. કાળી મજૂરી કરીને ખેતરમાં સોના જેવા પાકને લણનાર ખેડૂતોની લાચારી એવી હદે વધી ગઈ છે કે તેમણે પોતાના ડાંગરના પાકને સૂકવવા માટે સરકારી માર્ગો અને હાઈવે પર પથારી કરવી પડી છે. અંકલેશ્વર અને હાંસોટ વિસ્તારમાં માર્ગો પર જાણે 'કાચું સોનું' (ડાંગર) પાથરેલું હોય તેવા દ્રશ્યો સર્જાયા છે, જેને જોઈને કોઈપણ સંવેદનશીલ વ્યક્તિની આંખો ભીની થઈ જાય. કમોસમી ભેજ અને કુદરતી માર સામે ઝઝૂમતા ખેડૂતોએ મજબૂરીવશ અંકલેશ્વર-હાંસોટ પંથકમાં આશરે ૮ થી ૧૦ કિલોમીટર જેટલા લાંબા રસ્તાઓ પર પોતાનો ડાંગરનો પાક સૂકવવા માટે પાથરી દીધો છે. મળતી સત્તાવાર અને જમીની હકીકત મુજબ, ચાલુ વર્ષે થયેલા અનિયમિત અને ભારે વરસાદ તથા વાતાવરણમાં રહેલા ભારે ભેજ (મોઈશ્ચર) ના કારણે ખેતરોમાં કાપણી કરીને લાવવામાં આવેલા ડાંગરના પાકમાં ભેજનું પ્રમાણ ખૂબ જ ઊંચું રહ્યું છે. નિયમ મુજબ જો ડાંગરમાં ભેજ વધુ રહે તો સરકારી ટેકાના ભાવે કે ખુલ્લા બજારમાં વેચાણ કરતી વખતે ખેડૂતોને ભાવમાં ભારે નુકસાન સહન કરવું પડે છે અથવા તો વેપારીઓ માલ સ્વીકારતા નથી.

ઘરમાં કે ખેતરમાં પાક સૂકવવા માટે યોગ્ય સગવડ કે તડકાનો અભાવ હોવાથી અને પાક બગડી જવાનો ડર હોવાથી અંકલેશ્વર અને હાંસોટના હિંમતબાજ ખેડૂતોએ અનોખો પણ જોખમી રસ્તો અપનાવ્યો છે. વાહનોની અવરજવર વચ્ચે અન્નદાતાઓએ રસ્તાની બંને બાજુએ અંદાજે ૮ થી ૧૦ કિલોમીટરના લાંબા પટ્ટા પર પોતાના ડાંગરના પુષ્કળ જથ્થાને પાથરી દીધો છે, જેથી વાહનોના ટાયરની રગડ અને તડકાના કારણે ડાંગરમાંથી ભેજ ઝડપથી દૂર થઈ શકે. હાઈવે અને ગ્રામ્ય માર્ગો પર ડાંગર પાથરવાના આ દ્રશ્યો ગુજરાતના કૃષિ જગતની વાસ્તવિક કઠિન પરિસ્થિતિની પોલ ખોલી નાખે છે. એક તરફ ખેડૂતો ભેજ દૂર કરવા માટે વલખાં મારી રહ્યા છે, તો બીજી તરફ આ વર્ષે કૃષિ અર્થવ્યવસ્થાનું ગાણું બેસ બેસ થવામાં મોટો ફટકો પડ્યો છે. બજારમાં ડાંગરના ભાવમાં થોડો ઉછાળો જોવા જરૂર મળ્યો છે, પરંતુ ખેડૂતો માટે આ ખુશી અધૂરી છે કારણ કે આ વર્ષે હેક્ટર દીઠ ડાંગરના કુલ ઉત્પાદનમાં ભયાનક ઘટાડો નોંધાયો છે. ખેડૂતોના જણાવ્યા અનુસાર, સિઝનની શરૂઆતથી જ હવામાનની અનિયમિતતા, જીવાતોનો ઉપદ્રવ અને પૂર કે ભારે વરસાદના કારણે ઊભો પાક નિષ્ફળ ગયો હતો અથવા તો દાણા ભરાયા ન હતા. પરિસ્થિતિ એવી છે કે જે ખેતરમાંથી ગત વર્ષે મબલખ અનાજ પાકતું હતું, ત્યાં આ વર્ષે માંડ અડધું કે તેથી ઓછું ઉત્પાદન હાથમાં આવ્યું છે. ભાવ વધારાનો ફાયદો મેળવવો તો દૂરની વાત છે, ખેડૂતો માટે તો પોતાનો ખર્ચ કાઢવો પણ મુશ્કેલ બની ગયો છે.

પડતર પ્રશ્નોના કાયમી ઉકેલ માટે ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે કર્મચારીઓનો બુલંદ અવાજ!

ગાંધીનગર

રાજ્યના પાટનગર ગાંધીનગર ખાતે આવેલી ઐતિહાસિક સત્યાગ્રહ છાવણી ફરી એકવાર કર્મચારીઓના વિરોધ પ્રદર્શન અને બુલંદ નારાઓથી ગુંજી ઊઠી છે. રાજ્ય સરકારના વિવિધ વિભાગોમાં ફરજ બજાવતા સરકારી, અર્ધ-સરકારી, કરાર આધારિત અને પંચાયત ક્ષેત્રના કર્મચારીઓ પોતાના લાંબા સમયથી પડતર રહેલા પ્રશ્નો અને આ પડતર માંગણીઓના કાયમી નિરાકરણ માટે મોટી સંખ્યામાં ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે એકઠા થયા છે. વારંવારની લેખિત રજૂઆતો અને વચનો છતાં કોઈ ઉકેલ ન આવતાં આખરે કર્મચારીઓએ ગાંધીચિંધ્યા માર્ગે મોરચો માંડ્યો છે. સત્યાગ્રહ છાવણી ખાતે એકત્રિત થયેલા વિવિધ કર્મચારી મંડળો અને સંગઠનો દ્વારા નીચે મુજબના અગત્યના મુદ્દાઓ પર સરકારનું ધ્યાન દોરવામાં આવી રહ્યું છે: નવી પેન્શન યોજના (NPS) ના બદલે કર્મચારીઓના ભવિષ્યને સુરક્ષિત કરતી જૂની પેન્શન યોજના અમલમાં લાવવી. વર્ષોથી સમાન કામ સમાન વેતનના ધોરણે સેવા આપતા કર્મચારીઓને કાયમી કરી શોષણકારી કોન્ટ્રાક્ટ પ્રથા બંધ કરવી. બાકી નીકળતા ભથ્થાં, ગ્રેડ-પે સુધારણા અને સમયસર પ્રમોશન (બઢતી)ની પ્રક્રિયા હાથ ધરવી. વહીવટી તંત્ર અને વિવિધ સેવા વિભાગોમાં ખાલી પડેલી જગ્યાઓ તાત્કાલિક ધોરણે કાયમી ભરતી દ્વારા ભરવી. રાજ્યભરના વિવિધ જિલ્લાઓમાંથી કર્મચારીઓ સત્યાગ્રહ છાવણી પહોંચતા કોઈ અપ્રિય ઘટના ન ઘટે તે માટે ગાંધીનગર પોલીસ તંત્ર દ્વારા કડક સુરક્ષા બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

અમરેલીના બાબરામાં લોકમેળો બન્યો અખાડો: સ્વદેશી મેળાની રમત-ગમતમાં ખૂની ખેલ

રાઇડ્સના કર્મચારીને બે શખ્સોએ ધોકાથી ઢસડી-ઢસડીને બેફામ માર મારતો વીડિયો વાયરલ થતાં પોલીસમાં દોડધામ!

અમરેલી

અમરેલી જિલ્લાના બાબરા નગરપાલિકાના પટાંગણમાં હાલ ઉત્સવ અને આનંદના માહોલમાં ચાલી રહેલો 'સ્વદેશી મેળો' અને લોકમેળો ભારે ઉત્તેજના અને ડ્રામાનું કેન્દ્ર બની ગયો છે. તહેવારોની મોસમે જામતા લોકમેળામાં સામાન્ય બોલાચાલીએ કેવું ખતરનાક વરૂપ ધારણ કર્યું તેનું જીવંત ઉદાહરણ બાબરાથી સામે આવ્યું છે. લોકમેળામાં મનોરંજન માટે નાખવામાં આવેલી રાઈડ્સ પર કામ કરતા એક નિર્દોષ કર્મચારીને બે અશાંત અને ઉશ્કેરાયેલા શખ્સોએ લોખંડના ધોકા અને લાકડીઓ વડે જાહેરમાં ઢસડી-ઢસડીને બેફામ માર માર્યો હોવાની અત્યંત સનસનાટીભર્યા ઘટના પ્રકાશમાં આવી છે. આ ક્રૂર મારપીટનો લાઈવ વીડિયો સોશિયલ મીડિયા પર આગની જેમ વાયરલ થતાં સમગ્ર અમરેલી પંથકમાં ભારે ચકચાર મચી ગઈ છે. મળતી પ્રાથમિક વિગતો અનુસાર, બાબરા નગરપાલિકાના વિશાળ પટાંગણમાં પ્રજા માટે સ્વદેશી મેળો અને લોકમેળાનું આયોજન કરવામાં આવ્યું છે, જ્યાં રોજબરોજ હજારોની સંખ્યામાં લોકો અને બાળકો રાઈડ્સનો આનંદ માણવા માટે આવે છે. મેળામાં આવેલી એક રાઈડ્સ પર સફાઈ કે સંચાલનનું કામ કરતા કર્મચારી સાથે અચાનક જ કોઈ બાબતે બે અજાણ્યા શખ્સોને બોલાચાલી થઈ હતી. વાત એટલી હદે વધી ગઈ કે આ બંને શખ્સોએ કાયદા કે પોલીસનો જરાય ખોફ ન રાખતા મેળાની વચ્ચે જ રાઈડ્સના કર્મચારી પર જીવલેણ હુમલો કરી દીધો હતો. વાયરલ થયેલા વીડિયોમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે

કે હુમલાખોરોએ હાથમાં ધોકા અને લાકડીઓ પકડેલી છે અને તેઓ રાઈડ્સના કર્મચારીને નિર્દયતાથી ફટકારી રહ્યા છે.

એટલું જ નહીં, માર ખાતો કર્મચારી જીવ બચાવવા માટે આજીજી કરતો રહ્યો છતાં આ રાક્ષસી વૃત્તિવાળા શખ્સો તેને લોકમેળાની ભીડ વચ્ચે જ જમીન પર ઢસડી-ઢસડીને બેફામ માર મારી રહ્યા છે. મેળામાં હાજર અન્ય લોકો અને દર્શકો આ નજારો જોઈને ભયના માર્યા થથરી ગયા હતા અને અફરાતફરીનો માહોલ સર્જાય ગયો હતો.

વડોદરાના ગોરવામાં 'ચાય કા અડ્ડા'ના ભાગીદારે જ ભાગીદારને કેનાલના ધસમસતા પાણીમાં ધક્કો મારી મોતને ઘાટ ઉતાર્યો

વડોદરા

સંસ્કારી નગરી વડોદરાના ગોરવા વિસ્તારમાં ધંધાકીય અદાવત અને મનદુઃખમાં એક અત્યંત ચોંકાવનારો અને સનસનાટીભર્યો હત્યાકાંડ સામે આવ્યો છે. સાથે મળીને ચા-નાસ્તાનો વેપાર કરતા બે ભાગીદારોમાંથી એક જ ભાગીદારે પોતાના જ સાથીદારને કેનાલના વહેતા પાણીમાં ધક્કો મારીને કરુણ મોત નીપજાવ્યું હતું. જોકે, વડોદરા શહેર ગોરવા પોલીસની ટીમે આંધળા કતલખાના જેવા મર્ડર કેસનો ગણતરીના કલાકોમાં જ પર્દાફાશ કરી હત્યારા ભાગીદારની ધરપકડ કરી જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે.

બનાવની પ્રાપ્ત વિગતો અનુસાર, ગોરવા વિસ્તારમાં આવેલી મધુનગર કેનાલના ધસમસતા પાણીમાંથી એક

યુવકનો મૃતદેહ મળી આવતાં સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ હતી. પ્રાથમિક તબક્કે આ બનાવ અકસ્માત કે આત્મહત્યા જેવો લાગતો હતો. પરંતુ ઘટનાની ગંભીરતા જોઈ ગોરવા પોલીસ મથકની ટીમે તાત્કાલિક એક્શન મોડમાં આવીને સઘન તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. ટેકનિકલ સર્વેલન્સ, સીસીટીવી ફૂટેજ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે પોલીસે જ્યારે કડીઓ જોડવાનું શરૂ કર્યું, ત્યારે સામે આવેલી વાસ્તવિકતા જોઈને પોલીસ અધિકારીઓ પણ દંગ રહી ગયા હતા.

કોંગ્રેસ કાર્યાલય પોલીસ છાવણીમાં ફેરવાયું

'લોકતંત્ર બચાવો, અરાજકતા હટાવો' પદયાત્રા પૂર્વે રાજકારણ ગરમાયું!

પોલીસની છાવણી વચ્ચે કોંગ્રેસ નેતા ઋત્વિક જોષી ભારે અકળાયા: તંત્ર અને સત્તાધીશોની સરમુખત્યારશાહી નીતિ સામે આક્રોશ વ્યક્ત કર્યો

વડોદરા

શહેર અને રાજ્યમાં રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોંચ્યો છે. વિપક્ષ દ્વારા આયોજિત 'લોકતંત્ર બચાવો, અરાજકતા હટાવો' શીર્ષક હેઠળની જાહેર પદયાત્રા યોજાય તે પૂર્વે જ સ્થાનિક પોલીસ તંત્ર દ્વારા કડક સકંજો કસવામાં આવ્યો છે. વડોદરાના રાવપુરા પોલીસ સ્ટેશનના કાફલાએ કોંગ્રેસ કાર્યાલય ખાતે પહોંચીને ધામા નાખતા રાજકીય વર્તુળોમાં ભારે ધમાસાણ મચી ગયું છે. વિરોધ પ્રદર્શન અને પદયાત્રા શરૂ થાય તે પહેલા જ તેને ડામી દેવાની પોલીસની આ હિલચાલથી વિપક્ષી નેતાઓ અને કાર્યકરોમાં ભારે રોષ ભભૂકી ઉઠ્યો છે.

જનતાના અવાજને ઉઠાવવા અને શાસક પક્ષની નીતિઓ સામે 'લોકતંત્ર બચાવો, અરાજકતા હટાવો' પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. પરંતુ પદયાત્રા શરૂ થાય તે પહેલા જ રાવપુરા પોલીસ સ્ટેશનના અધિકારીઓ અને મોટી સંખ્યામાં પોલીસ કાફલો કોંગ્રેસ ઓફિસ ખાતે ધસી આવ્યો હતો. પોલીસે કાર્યાલયની બહાર અને આસપાસના વિસ્તારમાં કડક બંદોબસ્ત ગોઠવી દઈને સ્થિતિ પર નજર રાખવાનું શરૂ કર્યું હતું. વિરોધ પદયાત્રાને અટકાવવા માટે પોલીસે હાથ ધરેલી આ આક્રમક વ્યૂહરચનાને પગલે કોંગ્રેસ કાર્યાલય ખાતે ગ્રાઉન્ડ ઝીરો પર ભારે તંગદિલીભર્યો માહોલ સર્જાયો હતો. કોંગ્રેસ કાર્યાલય પર પોલીસના ધામા અને પદયાત્રા રોકવાના પ્રયાસો જોઈને જાણીતા કોંગ્રેસ નેતા ઋત્વિક જોષી ભારે અકળાયા હતા. તેમણે પોલીસ અને સત્તાધીશોના આ વલણ સામે ભારે આક્રોશ વ્યક્ત કરતા તીખા પ્રહારો કર્યા હતા. ઋત્વિક જોષીએ રોષે ભરાઈને સવાલ ઉઠાવ્યો હતો કે, 'આ દેશમાં લોકશાહી બચાવવા માટે શાંતિપૂર્ણ રીતે પદયાત્રા યોજવી એ શું કોઈ ગુનો છે? સત્તા પર બેઠેલા લોકો જનતાના અવાજથી એટલા ડરી ગયા છે કે પોલીસનો ઉપયોગ કરીને વિપક્ષનો અવાજ દબાવવા માગે છે.' તેમણે વધુમાં ઉમેર્યું હતું કે તંત્ર ગમે તેટલા દબાણ લાવવાના પ્રયાસો કરે, પરંતુ જનતાના અધિકારો અને લોકશાહીના રક્ષણ માટેનો અવાજ દબાવાનો નથી.

બનાસકાંઠાના ધરતીપુત્રોનો આક્રોશ; સત્તાધીશોની નીતિઓ સામે ખેડૂતોનું ખુલ્લું એલાન!

"AC ઑફિસમાં બેસીને નક્કી ન થાય કે ખેડૂત જીવે છે કે મરે છે!" ખેડૂતોમાં ચરમસીમાએ પહોંચ્યો રોષ

બનાસકાંઠા

'જેના પગ નીચે રેતી તપે એને જ ખબર પડે કે તાપ કેટલો છે!' બનાસકાંઠા જિલ્લાના ખેડૂતોની આજની સ્થિતિ કંઈક આવી જ છે. એક તરફ કુદરતની રૂઠેલી કૃપા અને બીજી તરફ સરકારનું અસંવેદનશીલ વલણ–આ બંને વચ્ચે પીસાતો બનાસકાંઠાનો ખેડૂત હવે સંપૂર્ણપણે આક્રોશના મોડમાં આવી ગયો છે. ચાલુ વર્ષે પૂરતા વરસાદના અભાવે અને સિંચાઈના પાણીની વિકટ સમસ્યાને કારણે સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં દુષ્કાળ જેવી ભયાનક સ્થિતિ સર્જાઈ છે. છતાં પણ તંત્ર દ્વારા બનાસકાંઠાને 'અછતગ્રસ્ત' કે 'દુષ્કાળગ્રસ્ત' જાહેર ન કરવામાં આવતાં ખેડૂતોનો ગુસ્સો ફાટી નીકળ્યો છે. બનાસકાંઠા જિલ્લાના સરહદી અને અંતરિયાળ વિસ્તારોના ખેડૂતોએ સરકાર અને સચિવાલયમાં બેઠેલા અધિકારીઓ સામે આકરા પ્રહારો કરતા સ્પષ્ટ શબ્દોમાં સંભળાવ્યું છે કે, 'ગાંધીનગરની વાતાનુકૂલિત (AC) ઑફિસોમાં બેસીને અને કાગળ પરના આંકડા જોઈને ખેતરની વાસ્તવિકતા નક્કી ન થઈ શકે! ખેતરમાં આવીને જુઓ તો ખબર પડે કે કપાસ, એરંડા અને બાજરીનો પાક સુકાઈને રાખ થઈ ગયો છે.'

ખેડૂત નેતાઓ અને સ્થાનિક રહીશોનું કહેવું છે કે સરકારી સર્વે અને રિપોર્ટ માત્ર કાગળ પર જ રહે છે. જમીની હકીકત એ છે કે જમીનમાં બોરવેલના પાણીના સ્તર ઊંડા ઉતરી ગયા છે, કેનાલોમાં સમયસર પાણી મળતું નથી અને ચોમાસું પાક સાવ નિષ્ફળ ગયો છે. આવી સ્થિતિમાં ખેડૂતોને આર્થિક ટેકો આપવાને બદલે દુષ્કાળ જાહેર કરવામાં વિલંબ કરીને તંત્ર ખેડૂતોની મજાક ઉડાવી રહ્યું છે.

ડીસા કોર્ટનો ઐતિહાસિક અને સણસણતો ચુકાદો! વેપારી સાથે છેતરપિંડી કરનાર બુટલેગર જેવા માનસિકતા ધરાવતા આરોપીને જેલભેગો કરવાનો હુકમ

ડીસા (બનાસકાંઠા)

વેપારના નામે વિશ્વાસઘાત કરી, માલ ખરીદીને નાણાં ન ચૂકવતા અને બગાસા ખાતા પતાસા જેવો ખોટો ચેક ધરાવી દેતા ઠગ વેપારીઓ માટે ડીસા કોર્ટે કડક દાખલો બેસાડતો હુકમ સંભળાવ્યો છે. ડીસા તાલુકાના માલગઢ ગામના એક નિર્દોષ અને મહેનતુ વેપારી પાસેથી લાખો રૂપિયાનો માલ ખરીદી, નાણાં ચૂકવવાના બદલે 'ફંડસ ઈનસફિશિયન્ટ' (ખાતામાં પૂરતું બેલેન્સ ન હોવું) નો શેરો ધરાવતો ચેક આપનાર આરોપી સામે કાયદાનો કોરડો વીંઝાયો છે. ડીસાના મહેરબાન ચોથા અધિક ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટે આરોપીને જેલની સળિયા પાછળ ધકેલવાનો સણસણતો આદેશ કર્યો છે. કેસની ગંભીર વિગતો મુજબ, ડીસા તાલુકાના માલગઢ ગામની જોધપુરીયા ઢાંણીમાં રહેતા અને 'અર્બુદા ટ્રેડિંગ'ના પ્રોપ્રાઈટર જીગરકુમાર કરશનભાઈ સાંખલા બટાકા, ડુંગળી, શક્કરટેટી અને તડબૂચનો વેપાર કરીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે.

આ દરમિયાન આરોપી સુરેશકુમાર ગંગારામભાઈ પઢિયાર (માળી) (હાલ રહે. દુકાન નં. ૭, કલ્યાણપુરા, એ.પી.એમ.સી. કલોલ, જિ. ગાંધીનગર અને મૂળ રહે. ડીસા, પાટણ હાઈવે, ઈન્ડિયન પેટ્રોલ પંપ પાછળ) જે 'બ્રહ્માણી ટ્રેડિંગ કંપની'ના વહીવટકર્તા તરીકે કામ કરતો હતો, તેણે ફરિયાદી જીગરકુમાર સાથે વેપારી સંબંધો સ્થાપિત કર્યા હતા. વિશ્વાસ સંપાદન કર્યા બાદ આરોપીએ ફરિયાદી પાસેથી જુદી-જુદી તારીખોએ કુલ રૂ. ૩,૬૯,૫૮૩/- નો માલ ખરીદ્યો હતો. રૂ. ૯,૫૮૩/- કસર કાપતાં ચોખ્ખી રકમ રૂ. ૩,૬૦,૦૦૦/- લેવાની નીકળતી હતી.

રંગપુર પોલીસની સરાહનીય અને પ્રશંસનીય કામગીરી

છોટાઉદેપુરના રંગપુર ગામેથી 5 વર્ષની માસૂમ બાળકીનું અપહરણ કરનાર નરાધમ ઝડપાયો

છોટાઉદેપુર

છોટાઉદેપુર જિલ્લાના રંગપુર ગામેથી એક હચમચાવતી ઘટના સામે આવી છે, જ્યાં માત્ર ૫ વર્ષની નાની બાળકીનું અપહરણ કરનાર ઈસમ વિરુદ્ધ પોલીસે કાયદાનો ગાળિયો કસીને ગણતરીના દિવસોમાં જ તેને જેલના પાછળ ધકેલી દીધો છે. આ સનસનીખેજ મામલે રંગપુર પોલીસે પોતાની કુશળ કામગીરીથી આરોપીને પકડી પાડી ઉત્તમ દાખલો બેસાડ્યો છે. ઘટનાની વિગતવાર માહિતી મુજબ, છોટાઉદેપુર જિલ્લાના રંગપુર ગામે રહેતા સંદીપભાઈ અમદાભાઈ રાઠવા નામના વ્યક્તિની ૫ વર્ષની સગીર વયની દીકરીનું ગત તા. ૧૯/૧૦/૨૦૨૬ ના રોજ અપહરણ

થયું હતું. આ કામના આરોપી નાશીકભાઈ નસરીયાભાઈ રાઠવા (રહે. નાની ટીટોડ, ફળિયું, તા. ક્વાંટ, જી. છોટાઉદેપુર) દ્વારા ફરિયાદીને આર્થિક મદદ કરવાની લાલચ આપી, વિશ્વાસમાં લઈ અને બદઈરાદો પાર પાડવાના હેતુથી ફરિયાદીનું મોટરસાઈકલ મેળવીને તેના ઉપર સગીર વયની ૫ વર્ષની બાળકીનું કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરવામાં આવ્યું હતું. આ મામલે રંગપુર પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા (BNS) ની કલમ ૧૩૭(૨) અને ૩૧૮(૪) હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. આપઘાત કે અપહરણના આ સનસનીખેજ કિસ્સામાં રંગપુર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી જે.ડી. પંડ્યાના માર્ગદર્શન હેઠળ પોલીસ સબ ઈન્સ્પેક્ટર શ્રી આર.ડી. પલાસ તથા તેમની ટીમે ત્વરિત કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે અલગ-અલગ ટીમો બનાવીને માત્ર એક જ દિવસમાં, એટલે કે તા. ૨૦/૧૦/2026 ના રોજ બોડેલી રેલવે સ્ટેશન ખાતેથી ભોગ બનનાર માસૂમ બાળકીને સહીસલામત શોધી કાઢીને તેના વાલી-વારસાને પરત સોંપી દીધી હતી.

ડભોઈ તાલુકાના સેજપુરા ગામે

ગટરના ગંદા પાણીથી ગ્રામજનો ત્રાહિમામ: લાખો રૂપિયાના ખર્ચે બનેલી નવી ગટર લાઇન બની શોભાના ગાંઠિયા સમાન

ડભોઈ

ડભોઈ તાલુકાના સેજપુરા ગામમાં ગંદા પાણીના યોગ્ય નિકાલના અભાવે ગ્રામજનો અત્યંત દયનીય અને હાલાકી ભરેલી સ્થિતિમાં જીવન જીવવા મજબૂર બન્યા છે. ગામમાંથી પસાર થતા અત્યંત વ્યસ્ત સેજપુરા-રાજલી-મંડાળા મુખ્ય માર્ગ પર જ ગટરના ગંદા પાણી ખુલ્લેઆમ રેલાતા સમગ્ર વિસ્તારમાં નરકાગાર જેવી સ્થિતિ સર્જાઈ છે અને અસહ્ય દુર્ગંધ ફેલાઈ છે. ગામમાં વિકાસના દાવા વચ્ચે લાખો રૂપિયાના આંધણ કરવા છતાં સમસ્યા ઠેરની ઠેર રહેતાં સ્થાનિક રહીશોમાં પંચાયત તંત્ર અને સત્તાધીશો સામે ભારે રોષ ભભૂકી ઉઠ્યો છે.

સેજપુરા ગામમાં વર્ષો જૂની ગટર વ્યવસ્થા અને ગંદા પાણીના ભરાવાની વિકટ સમસ્યામાંથી ગ્રામજનોને મુક્તિ અપાવવા માટે તંત્ર દ્વારા આશરે એક થી દોઢ લાખ રૂપિયાના માતબર ખર્ચે નવી ગટર લાઈન નાખવામાં આવી હતી. પરંતુ આયોજનના અભાવે અને કાગળ પરના વિકાસ જેવા કાર્યો કે નબળી ગુણવત્તાવાળી કામગીરીને કારણે આ નવી ગટર લાઇનમાં પાણીનું એક ટીપું પણ વહન પામતું નથી. પરિણામે સરકારી તિજોરીમાંથી પ્રજાના ટેક્સના પૈસા પાણીમાં ગયા હોય અને માત્ર ભ્રષ્ટાચારના પાપ ધોવાયા હોય તેવી ગંભીર સ્થિતિ સર્જાઈ છે. નવી ગટર લાઈન કાર્યરત ન થવાને કારણે જૂની ગટરનું દૂષિત અને ગંદું પાણી ઓવરફ્લો થઈને સીધું જ સેજપુરા-રાજલી-મંડાળા મેઈન રોડ પર ફરી વળ્યું છે. આ મુખ્ય માર્ગ પરથી રોજબરોજ પસાર થતા અસંખ્ય વાહનચાલકો, રાહદારીઓ તેમજ ભણવા માટે શાળાએ જતાં નાના માસૂમ બાળકોને આ રોગચાળો ફેલાવતા ગંદા પાણીમાંથી જીવના જોખમે પસાર થવાની લાચારી ભોગવવી પડી રહી છે. રસ્તા પર ગંદા પાણીના મોટા ખાબોચિયાં ભરાઈ જવાથી અકસ્માતનો ભય પણ સતત તોળાઈ રહ્યો છે.

માર્ગો અને રહેણાંક વિસ્તારોની આસપાસ ગટરના ગંદા પાણી દિવસો સુધી ભરાઈ રહેવાથી મચ્છરો અને ઝેરી જીવજંતુઓનો ઉપદ્રવ ચિંતાજનક રીતે વધી ગયો છે. સ્થાનિક રહીશોમાં ગંદકીના સામ્રાજ્યને કારણે ડેન્ગ્યુ, મેલેરિયા, ટાઈફોઈડ અને કમળા જેવા ગંભીર અને જીવલેણ રોગચાળો વકરે તેવી પ્રબળ દહેશત સેવાઈ રહી છે. નાના બાળકો અને વૃદ્ધોના સ્વાસ્થ્ય સામે ગંભીર જોખમ ઊભું થયું છે છતાં જવાબદાર તંત્ર આંખ આડા કાન કરી રહ્યું છે.

તંત્રી લેખ...

દેશની રાષ્ટ્રીય સુરક્ષા જેવા સંવેદનશીલ મુદ્દે નેતાઓની બાળસૂલભ અને બેજવાબદાર માનસિકતા પર ગંભીર સવાલ!

ભારતની આંતરિક અને બાહ્ય સુરક્ષા, સરહદોની પવિત્રતા અને દેશના જવાનોનું મનોબળ એ કોઈપણ રાષ્ટ્ર માટે સૌથી સર્વોચ્ચ અને ગંભીર વિષય હોય છે. પરંતુ જ્યારે દેશના જવાબદાર પદો પર બેઠેલા નેતાઓ જ રાષ્ટ્રીય સુરક્ષા જેવા ગંભીર મુદ્દાને ગંભીરતાથી લેવાના બદલે સિનેમા અને ફિલ્મી ડાયલોગ્સના સહારે બેજવાબદાર નિવેદનો આપે, ત્યારે દેશની સુરક્ષા સામે સવાલો ઊભા થવા સ્વાભાવિક છે. તાજેતરમાં જ ITBP (ઈન્ડો-તિબે બોર્ડર પોલીસ) ના ચીફ દ્વારા ચીનની સરહદ અને તેની સામેની આપણી સ્થિતિને લઈને કરવામાં આવેલી ટિપ્પણી પર જ્યારે અણાચલ પ્રદેશના ભાજપના એક મંત્રીને સવાલ પૂછવામાં આવ્યો, ત્યારે તેમણે જે જવાબ આપ્યો તેણે સમગ્ર દેશના બુદ્ધિજીવીઓ અને નાગરિકોને ચોંકાવી દીધા છે.

રિપોર્ટરના સવાલ પર મંત્રીનું અતાર્કિક અને હાસ્યાસ્પદ નિવેદન

ઘટનાક્રમ મુજબ, એક પત્રકારે જ્યારે અરુણાચલના ભાજપના મંત્રીને સવાલ કર્યો કે, 'ITBP ચીફે કહ્યું છે કે ભારત ચીનની તુલનામાં નબળું છે!'

આ ગંભીર અને તથ્યાત્મક સવાલના જવાબમાં જવાબદાર મંત્રીએ વાસ્તવિકતા સ્વીકારવા કે દેશની લશ્કરી તૈયારીઓ પર સચોટ વાત કરવાના બદલે હાસ્યાસ્પદ બચાવ કરતા કહ્યું કે, 'એવું નથી. આપણે નબળાં નથી. તમે 'ધુરંધર' ફિલ્મ જુઓ, ભારત ખૂબ શક્તિશાળી છે!'



કેવા લોકો આપણા પર શાસન કરી રહ્યા છે? દેશની સુરક્ષા કોના ભરોસે?

આવા નિવેદનો સાંભળીને કોઈપણ દેશભક્ત નાગરિકના મનમાં એક જ સવાલ થાય કે, ખરેખર કેવા લોકો આપણા પર શાસન કરી રહ્યા છે? શું દેશની સરહદોની રક્ષા, સેનાની તાકાત અને દુશ્મનો સામેના પડકારો કોઈ કાલ્પનિક સિનેમા કે પ્રોપેગેંડા ફિલ્મોના આધારે નક્કી થાય છે?

દેશની સરહદો પર દુશ્મન દેશ આંખ લાલ કરીને બેઠો હોય, આધુનિક શસ્ત્રો અને સૈન્ય તાકાત વધારી રહ્યો હોય, ત્યારે દેશના મંત્રીઓ વાસ્તવિક જમીની હકીકત સ્વીકારવાને બદલે સિનેમાઘરોના પડદા પર દેખાતી ફિલ્મી કહાનીઓને જ અસલી વાસ્તવિકતા માની બેસે અને જનતાને પણ આભાસી જગતમાં જીવવાની સલાહ આપે–આનાથી મોટી કરુણતા દેશ માટે બીજી શું હોઈ શકે?

ફિલ્મી ડાયલોગ્સથી સરહદો નથી સચવાતી: જમીની હકીકતથી મોં ફેરવવાનો ખેલ

જ્યારે નેતાઓ ગ્રા રિયાલિટી (જમીની હકીકત) પર બોલવાને બદલે ફિલ્મોના રેફરન્સ આપવા લાગે, ત્યારે સમજી લેવું પડે કે નેતૃત્વમાં ગંભીરતાનો સંપૂર્ણ અભાવ છે. જે નેતાઓ દેશની આંતરિક અને બાહ્ય સુરક્ષાને પણ પ્રોપેગેંડા ફિલ્મોના ચશ્મેથી જોતા હોય, તેમની પાસેથી રાષ્ટ્રહિતમાં કોઈ મજબૂત નીતિની અપેક્ષા કેવી રીતે રાખી શકાય?

આ જ માનસિકતાનું પરિણામ છે કે જ્યારે પણ સરહદ પર ઘૂસણખોરી કે સુરક્ષા ચૂકની વાત આવે છે, ત્યારે સત્તાધીશો દ્વારા બેફિકરાઈથી એવું જ રટણ કરવામાં આવે છે કે, 'ન કોઈ ઘૂસા હૈ, ન અંદર આયા હૈ!' જમીન પર ભલે દુશ્મન અંદર સુધી પગ પેસારો કરી ચૂક્યો હોય, પરંતુ સત્તાના નશામાં ચૂર નેતાઓ પોતાની કાલ્પનિક દુનિયામાં એવું જ માની લે છે કે બધું જ ઓલ ઈઝ વેલ છે.

જનતામાં ભારે આક્રોશ: ગંભીર મુદ્દાઓ પર મજાક અસહ્ય

દેશના નાગરિકો અને સજાગ મતદાતાઓ હવે આ પ્રકારની બેજવાબદાર રાજકીય નિવેદનબાજીથી ત્રાસી ગયા છે. રાષ્ટ્રીય સુરક્ષા એ કોઈ મજાક કે ફિલ્મી પટકથા નથી કે જ્યાં સિનેમાના હીરોની જેમ ડાયલોગ બોલીને પરિસ્થિતિ બદલી શકાય. સેનાના જવાનો પોતાના પ્રાણની આતિ આપીને સરહદો સાચવે છે, અને બીજી તરફ આવા વાયડેન નેતાઓ માત્ર રાજકીય રોટલા શેકવા કે વાસ્તવિકતા છુપાવવા માટે ફિલ્મોના સહારે બેફામ નિવેદનો આપે છે.

જો સમયસર આ માનસિકતા નહીં બદલાય અને ગંભીર મુદ્દાઓ પર ગંભીરતાથી વિચાર નહીં કરવામાં આવે, તો દેશની સુરક્ષા સામે ભવિષ્યમાં ખૂબ મોટું જોખમ ઊભું થઈ શકે છે. દેશની જનતા હવે સવાલો પૂછી રહી છે કે–શું આપણી સરહદો અને સુરક્ષા ખરેખર આવા આભાસી દુનિયામાં રાચનારા નેતાઓના ભરોસે જ છોડી દેવાની છે?

- ગ્રુપ એડિટર પવન માકન

સર્બિયાથી નોઇડા સુધી: લોકશાહીનો 'સિગ્નલ' અને આપણી ફિલ્મ સિટીની સળગતી ચિંતા!

વિદેશની હિંસા અને આપણી 'શાંતિ' વચ્ચેનો કટાક્ષ

સર્બિયાની ધરતી પરથી જે હૃદયદ્રાવક અને આંખ ઉઘાડી નાખે તેવા દ્રશ્યો સામે આવી રહ્યા છે, તેને જોઈને કોઈપણ સંવેદનશીલ વ્યક્તિનું હૃદય ધ્રૂજી ઉઠે. ત્યાં શાસન કે સત્તામાં થોડો બદલાવ શું આવ્યો, ઉશ્કેરાયેલા ટોળાએ સીધા જ ન્યૂઝ ચેનલોના મુખ્ય દફતરો અને સ્ટુડિયો પર જીવલેણ હુમલા કરી દીધા! સવાલ એ થાય છે કે જે જનતા છેલ્લા ૧૪ વર્ષથી એ જ ચેનલોના પ્રચારો અને સમાચારો જોતી હતી, આજે અચાનક તેમનો આટલો બધો રોષ કેમ ફાટી નીકળ્યો? અરે ભાઈ, જ્યારે રિમોટ કંટ્રોલ તમારા પોતાના હાથમાં હતો અને ૧૪ વર્ષ સુધી તમે જ એ પડદા સામે આંખો ચોંટાડીને બેઠા હતા, તો હવે અચાનક કાચ તોડવાની અને સ્ટુડિયો સળગાવવાની જરૂર શું પડી?

ખરેખર, આ વિદેશી લોકોને 'સહિષ્ણુતા' નો પાઠ ભણાવવો પડે તેમ છે. જરા આપણા દેશની ગંગા જમનાની તાસીર જુઓ! અહીં કેટલી બધી શાંતિ અને અજબની સુમેળ ભરેલી વ્યવસ્થા છે. સદભાગ્યે આપણા દેશમાં બધું જ એકદમ સામાન્ય અને કાબૂમાં છે. અહીં ન તો કોઈ ન્યૂઝ ચેનલના વડામથક કે દફતર બહાર ગુસ્સે ભરાયેલું ટોળું દેખાય છે, અને ન તો જીવ બચાવવા માટે કોઈ કેમેરામેન કે એન્કરને ભાગવું પડે છે. આ જ તો આપણી મહાન, પરિપક્વ અને મજબૂત લોકશાહીની અસલી અને જીવતી જાગતી નિશાની છે!

નોઈડાના સેક્ટર 16A ની એ 'પવિત્ર' ફિલ્મ સિટી અને તેના રાષ્ટ્ર-રક્ષકો:

આ બધું બરાબર છે, પણ છતાંય મનમાં ક્યાંક એક નાનકડી અને ઘાતક ચિંતા અવારનવાર ડોકિયું કરી જાય છે. જરા નજર નાખો ઉત્તર પ્રદેશના નોઈડાના સેક્ટર 16A પર, જ્યાં આપણી અતિપ્રિય અને કરોડોના વહીવટવાળી 'ફિલ્મ સિટી' આવેલી છે. સેક્ટરના ડાબી બાજુએ વળો એટલે સીધા સ્ટુડિયોમાં આવી જવાય! વળી, મધ્ય દિલ્હીથી આ જગ્ માત્ર 7.3 કિલોમીટરના અંતરે આવેલી છે. મતલબ કે, તમે જો કન્હોટ પ્લેસથી કોઈ ઓટો-રિક્ષામાં બેસો, તો રિક્ષાવાળો મીટર પાડે અને ગિયર બદલે ત્યાં સુધીમાં તો સ્ટુડિયોની અંદર નવી તાજી 'બ્રેકિંગ ન્યૂઝ' અને હાઈ-વોલ્ટેજ ડિબેટ તૈયાર થઈ જાય એટલું નજીક છે!

અહીંથી જે મોટી-મોટી ચેનલો અને ભવ્ય સ્ટુડિયો ચાલે છે, તે ખરેખર આપણા ગોદી કે મુખ્યધારાના મીડિયાની અસલી કરોડરજ્જુ છે. સવાર પડે એટલે ચાની ચૂસકી સાથે દેશભક્તિની ઘૂંટ પીરસે, બપોરના સમયે સ્ટુડિયોની અંદર અખાડો જમાવીને ધર્મયુદ્ધ કરાવે, અને રાતના પ્રાઈમ ટાઈમમાં તો આપણા એન્કર મહાશય એટલા બધા જોર-જોરથી રાડો પાડીને બૂમો પાડે કે બાજુના પાડોશીના ઘરનો એલસીડી ટીવી પણ ડરના બંધ થઈ જાય! આવા અથાક મહેનત કરનાર 'રાષ્ટ્ર-રક્ષકો' અને કેમેરાના યોદ્ધાઓની સુરક્ષા જો આપણે નહીં કરીએ, તો પછી આ દુનિયામાં કોની સુરક્ષા કરીશું ભાઈ?

હિસાબ માંગવાની પદ્ધતિ અને આપણી 'સગવડ':

સર્બિયામાં જનતાએ સત્તા બદલાતા જ સીધો ૧૪ વર્ષનો લાંબો હિસાબ માંગવાનું શરૂ કરી દીધું. પરંતુ આપણા દેશમાં કેટલું સરસ છે! આપણે ત્યાં પ્રજાએ સરકાર કે સિસ્ટમ પાસે કોઈ હિસાબ માંગવાની કે માથાકૂટ કરવાની જરાય જરૂર પડતી નથી. કારણ કે, આપણે ત્યાં 'હિસાબ-કિતાબ' અને સવાલો પૂછવાનું કામ સીધું ચેનલોના એન્કરો જ પોતે સંભાળી લે છે! કેટલી બધી સગવડ છે વિચારો તો ખરા! તમારે જાતે બેસીને મગજમારી કે વિચારવાની કોઈ જરૂર જ નથી, કારણ કે તમે શું વિચારવું જોઈએ અને કોના પર ગાળો વરસાવવી જોઈએ, તે એન્કર મહાશય સ્ટુડિયોમાં બેસીને પહેલેથી જ વિચારીને, પચાવીને તૈયાર જ રાખે છે!

તેથી જ, અમારું એક અત્યંત નમ્ર અને ગંભીર સૂચન છે કે નોઈડાની આ ફિલ્મ સિટીની આસપાસ સુરક્ષાનું ધોરણ તાત્કાલિક ધોરણે વધારવું જ જોઈએ. માત્ર ખાખી વર્દીવાળા સિક્યોરિટી ગાર્ડ કે બંદૂકધારીઓથી કામ નહીં ચાલે, પરંતુ સ્ટુડિયોની ચારેય બાજુ 'સકારાત્મક વિચારો' અને સરકારી પ્રશંસાનું એક અદભુત કવચ હોવું અનિવાર્ય છે. કારણ કે, જો ક્યારેક અચાનક સત્તાનું પાસો પલટાય અને ઉત્સાહી લોકો 'સર્બિયા સ્ટાઈલ' માં પોતાનો ગુસ્સો કાઢવા માટે રસ્તા પર ઉતરી આવ્યા, તો દિલ્હીથી નોઈડાનું માત્ર 7.3 કિલોમીટરનું અંતર કાપતા એ ભડકેલા ટોળાને માંડ થોડીક મિનિટો જ લાગશે!

અંતમાં - સિગ્નલ અને મન કી બાત:

અને છેલ્લે, આપણે સૌએ આપણી વર્તમાન સરકાર અને આપણા માનીતા મીડિયાને પૂરા દિલથી મજબૂત સમર્થન આપવું જ જોઈએ. જરા સમજો, સરકાર આખો દેશ ચલાવે છે, અને મીડિયા એ સરકારને દેશ ચલાવવામાં પૂરી વફાદારીથી મદદ કરે છે... અરે સોરી, મારો કહેવાનો મતલબ એ હતો કે મીડિયા સરકારના 'સમાચારો' ચલાવવામાં મદદ કરે છે! આટલો સુંદર, પવિત્ર અને ગાઢ તાલમેલ ક્યારેય તોડવો જોઈએ નહીં.

એટલે સર્બિયાવાળાઓ, અમારું માનવું છે કે તમે થોડુંક આપણા પાસેથી શીખો. કોઈપણ ન્યૂઝ ચેનલ કે સ્ટુડિયો તોડી નાખવાથી સેટેલાઈટનું 'સિગ્નલ' નથી જતું, માત્ર તમારું ટીવી જ બંધ થાય છે! અને જો એકવાર ટીવી જ બંધ થઈ ગયું, તો પછી અઠવાડિયાના અંતે તમે વ્હાલા વડાપ્રધાનની 'મન કી બાત' કોની ટીવી સ્ક્રીન પર બેસીને સાંભળશો? માટે ચેનલો સાબૂત રાખો અને મગજ શાંત રાખો!

ઈશ્વરની પ્રાર્થનામાં આપણે...

ખુમારીનો વિકલ્પ નથી હોતો! નબળાઇ બીજાઓથી નથી આવતી! જે આપણાથી થઇ જ શકે એમ છે એના માટે ઇશ્વર પાસે માગવું જ શું કામ પડે? આત્મવિશ્વાસનું ક્રેડિટકાર્ડ શોધાયું નથી. ભરોસા પર GST નથી લાગવાનો!

આપણાં કામ આપણે જાતે સફળતાપૂર્વક પૂરાં કરી શકીએ એટલી શક્તિ આપે તે ઈશ્વર. આ શક્તિ જ કૃપા છે. નિસાસાની આપવીતી ઝાઝો સમય સ્મૃતિમાં સચવાતી નથી. ઈશ્વર પાસે આપણામાં રહેલી અગાધ શક્તિઓને આપણે જાતે જ શોધી શકીએ એટલી પ્રસન્નતા માગવાની છે. માગીને મેળવવું પડે એ કેવી રીતે પોસાય? એ પણ ઈશ્વર પાસે? જેમણે જીવન આપ્યું એમની જ પાસે જીવનની જરૂરિયાત માગવાની?

ખુમારીનો વિકલ્પ નથી હોતો! નબળાઈ બીજાઓથી નથી આવતી! જે આપણાથી થઈ જ શકે એમ છે એના માટે ઈશ્વર પાસે માગવું જ શું કામ પડે? આત્મવિશ્વાસનું ક્રેડિટકાર્ડ શોધાયું નથી. ભરોસા પર GST નથી લાગવાનો! જે આપણાથી થઈ જ શકે એમ છે એના માટે ઈશ્વર પાસે માગવું જ શું કામ પડે? સ્વીકાર સમજણનો સાક્ષાત્કાર જ છે.

જાણી ગયા પછી દુ:ખી થવાનું થોડું વધારે સરળ થઈ જાય છે. એનાથી દુ:ખ ભાગી જવાનું નથી જ, પણ સહન કરવાનું આસાન થઈ જાય છે. સુખનું પેટ ભરાતું જ નથી અને દુ:ખનો સ્વાદ ગમતો જ નથી. ઈશ્વરના સંકેતો આ બંને વચ્ચે આપણા સુધી પહોંચે છે પણ એને અનુભવવાનો સમય કોને મળે છે?

બીજાં દુ:ખી હોય તો આપણને દુ:ખી થવામાં જરાય વાંધો નથી, પણ બીજો સુખી કેમ છે? - એની ચડભડ આપણી પ્રાર્થનામાં અજાણપણે જ ઘૂસી જાય છે. પ્રાર્થના ન ફળે એમાં પણ ઈશ્વરનો સંકેત સમજનારા, દુનિયામાં રહીને મોક્ષનો આનંદ પામતા, આપણી આસપાસ જ અનુભવ્યા હશે. સૂર્ય સૂરજમુખીને ધ્યાનમાં રાખીને નથી ઊગતો! ધરતી પર પ્રકાશ પહોંચાડવા સૂર્ય હજારો વર્ષથી બળે છે. એનું કામ સ્વયં એનો ધર્મ બનીને જીવંત છે. પ્રાર્થનામાં આપણું હોવું સૂર્યની જેમ ઝળાહળાં છે? બીજાથી વધારે જોઈએ છે એ સિવાયની છેલ્લી પ્રાર્થના ક્યારે કરેલી? માગવું જ હોય તો ઈશ્વર પાસે એ સાચું, પણ માગ્યા વગર ઈશ્વરે કેટલું આપ્યું છે એનો વિચાર ક્યારેય કર્યો છે?

એકની એક વાત આપણા કાને પડે તો આપણે પણ કંટાળી જઈએ છીએ. રોજેરોજ આપણી ગમતી વ્યક્તિ આપણી પાસે માગ્યા કરે ત્યારે આપણે પણ અકળાઈ જઈએ છીએ. ઈશ્વરને આપણાથી કંટાળી જવા માટે લાખો કારણો છે. શ્રદ્ધાની આંખે પ્રાર્થના જોવી જોઈએ. જ્યાં ભાવ છે ત્યાં પ્રાર્થના છે. શબ્દો તો પ્રાર્થનાનું ઉપરણું છે. માગવા માટે થાય તે યાચના. ઈશ્વર એના સરનામા અસંખ્ય રીતે છુપાવીને રાખે છે. જેમને જડે છે એ બધાંની પ્રાર્થના સહજ થઈ જાય છે. મોક્ષ પણ ઈચ્છાથી મળે તો એમાં જીવ નથી રહેતો!

પ્રાર્થનાનો મૂળ સ્વર આર્દ્રતા છે. બધું જ હોવા છતાં કશું પણ નથી એવા ભાવ સાથે થયેલી પ્રાર્થના ફળે જ, અસ્તિત્વ માગ્યા પહેલાં આપે છે. બીજ જોઈને ઝાડનાં દર્શન કરી શકે એ સાચો ઉપાસક. પરમેશ્વર સાથે મનોમન થતી ચડભડ પણ પ્રાર્થના જ છે. ગમતી વ્યક્તિનું કશુંક ન ગમે એનાથી એ ગમતી મટી નથી જતી!

કચ્છની ધરતી: સંઘર્ષ, સ્વાભિમાન અને સંભાવનાઓની અનોખી ગાથા!

કેટલીક ધરતીઓ માત્ર ભૌગોલિક વિસ્તાર નથી હોતી, પરંતુ પોતાની અંદર ઈતિહાસ, સંસ્કૃતિ, સંઘર્ષ અને સ્વાભિમાનની અનેક ગાથાઓ સાચવીને બેઠી હોય છે. કચ્છ આવી જ એક અનોખી ધરતી છે. એક તરફ ક્ષિતિજ સુધી વિસ્તરેલો સફેદ રણપ્રદેશ, બીજી તરફ વિશાળ દરિયાકાંઠો, તો ક્યાંક પોતાની મહેનતથી જીવન ઘડતો ખેડૂત અને પોતાની કળાથી દુનિયાને આકર્ષતો કારીગર–કચ્છનું વ્યક્તિત્વ વિવિધતાથી ભરપૂર છે. આ ધરતીની વિશેષતા માત્ર તેની ભૌગોલિક રચનામાં નથી, પરંતુ મુશ્કેલ પરિસ્થિતિઓ સામે ઝઝૂમતા અહીંના લોકોની હિંમત અને આત્મવિશ્વાસમાં પણ છે.

સંઘર્ષમાંથી સર્જાયેલી શક્તિ

ઓછો વરસાદ, પાણીની અછત અને કુદરતી આફતો જેવી અનેક કસોટીઓનો કચ્છે સામનો કર્યો છે. વિનાશક ભૂકંપ પછી પુનર્નિર્માણની દિશામાં આગળ વધેલું કચ્છ માનવીય હિંમત અને સામૂહિક સંકલ્પનું પ્રતીક બન્યું છે. અહીંની ધરતીએ લોકોને મુશ્કેલીઓ સામે ઝૂકવાને બદલે ફરી ઊભા થવાનું શીખવ્યું છે. કચ્છનો ઈતિહાસ આપણને સમજાવે છે કે વિકાસ માટે સંસાધનો જેટલાં જરૂરી છે, એટલો જ જરૂરી છે સંકલ્પ અને પરિશ્રમ.

સંસ્કૃતિ એ જ કચ્છની સાચી ઓળખ

કચ્છની લોકબોલી, લોકગીતો, પરંપરાગત વસ્ત્રો, ભરતકામ અને હસ્તકલા તેની સાંસ્કૃતિક સમૃદ્ધિના જીવંત પુરાવા છે. અહીંના કારીગરોની દરેક કૃતિમાં પેઢીઓથી ચાલતી આવતી સર્જનાત્મકતા અને પરંપરાનો પરિચય મળે છે. આ વારસાને જાળવવો એ માત્ર ભૂતકાળને સાચવવાનું કાર્ય નથી, પરંતુ નવી પેઢીને પોતાની ઓળખ સાથે જોડવાનું પણ મહત્ત્વપૂર્ણ માધ્યમ છે. સ્થાનિક કારીગરોને યોગ્ય બજાર અને પ્રોત્સાહન મળે તો પરંપરા રોજગારનું અસરકારક સાધન પણ બની શકે છે.

વિકાસની સાથે સામાન્ય માણસની પ્રગતિ પણ જરૂરી કંડલા અને મુંદ્રા જેવા બંદરોને કારણે કચ્છ દેશના વેપાર અને આર્થિક વિકાસમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે. ઔદ્યોગિક પ્રવૃત્તિઓ અને નવી તકો આ પ્રદેશના ભવિષ્ય માટે આશાસ્પદ છે. પરંતુ વિકાસની સાચી સફળતા ત્યારે જ ગણાય, જ્યારે સ્થાનિક યુવાનોને રોજગાર મળે, ખેડૂતોને સુવિધાઓ મળે, નાના વેપારીઓ આગળ વધે અને સામાન્ય નાગરિકના જીવનમાં સકારાત્મક પરિવર્તન આવે. ભચાઉ અને વાગડ વિસ્તાર સહિત કચ્છના ગામડાંઓમાં શિક્ષણ, આરોગ્ય, પરિવહન અને કૌશલ્યવિકાસની સુવિધાઓ મજબૂત બને તો વિકાસની ગતિ વધુ વ્યાપક બની શકે છે. પાણી અને પર્યાવરણનું સંરક્ષણ અનિવાર્ય કચ્છમાં પાણીનું મહત્ત્વ જીવન સાથે સીધું જોડાયેલું છે. વરસાદી પાણીનો સંગ્રહ, જળસ્રોતોનું પુનર્જીવન અને પાણીનો કરકસરપૂર્વક ઉપયોગ ભવિષ્ય માટે અનિવાર્ય છે. તેની સાથે રણપ્રદેશ, દરિયાકાંઠા અને સ્થાનિક જૈવવિવિધતાનું સંરક્ષણ પણ જરૂરી છે. વિકાસ એવો હોવો જોઈએ, જે રોજગાર અને સમૃદ્ધિની સાથે કુદરતી સંપત્તિનું જતન પણ કરે. કારણ કે આજની પેઢીની પ્રગતિ આવનારી પેઢીના ભવિષ્યના ભોગે ન હોવી જોઈએ. કચ્છનું ગૌરવ, સૌની જવાબદારી કચ્છ પાસે સમૃદ્ધ ઈતિહાસ છે, જીવંત સંસ્કૃતિ છે અને વિકાસની અપાર સંભાવનાઓ છે. પરંતુ આ સંભાવનાઓને સાકાર કરવા માટે સરકાર, ઉદ્યોગજગત, સ્થાનિક સંસ્થાઓ અને નાગરિકોનો સહયોગ જરૂરી છે. કચ્છની પ્રશંસા કરવી ગૌરવની વાત છે, પરંતુ તેની સમસ્યાઓના ઉકેલ માટે યોગદાન આપવું સાચા સ્વાભિમાનની નિશાની છે. સ્થાનિક પ્રતિભાને તક આપવી, પરંપરાને સાચવવી, પર્યાવરણનું રક્ષણ કરવું અને છેવાડાના માણસ સુધી વિકાસ પહોંચાડવો–આ જ સમૃદ્ધ કચ્છનું સાચું સ્વપ્ન છે. કચ્છ માત્ર રણ અને દરિયાની ધરતી નથી; તે સંઘર્ષમાંથી શક્તિ, અભાવમાંથી સર્જન અને પરંપરામાંથી પ્રગતિનો માર્ગ શોધતી જીવંત સંસ્કૃતિ છે. આ ધરતી આપણને શીખવે છે કે પરિસ્થિતિ ગમે તેટલી પડકારજનક હોય, સંકલ્પ મજબૂત હોય તો નવી સંભાવનાઓ જન્મી શકે છે. કચ્છનું ભવિષ્ય ઉજ્જવળ બનાવવું એ માત્ર સરકારની નહીં, પરંતુ અહીંના દરેક નાગરિકની સહિયારી જવાબદારી છે. કચ્છનું ગૌરવ તેની ધરતીમાં છે, તેની ઓળખ તેની સંસ્કૃતિમાં છે અને તેની અસલી તાકાત અહીંના સ્વાભિમાની લોકોમાં છે.

- રૂપેશ સોલંકી, ભચાઉ, કચ્છ

મુંબઈથી રિલાયન્સ જિયોનો મહા-વિજય

10.3 લાખ કરોડના જંગી મૂલ્યાંકન સાથે શેરબજારમાં જમાવ્યું ધોરણ; લિસ્ટિંગના ઐતિહાસિક દિવસે અંબાણી પરિવારે મુંબઈના સિદ્ધિવિનાયક મંદિરે શીશ નમાવી ધન્યતા અનુભવી!

મુંબઈ

ભારતીય કોર્પોરેટ જગત અને શેરબજારના ઈતિહાસમાં આજે એક નવો અને સોનેરી અધ્યાય લખાઈ ચૂક્યો છે. દેશના મૂડી બજારમાં અત્યાર સુધીના સૌથી મોટા અને ચકચારી ઘટનાક્રમમાં, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની ટેલિકોમ અને ડિજિટલ આર્મ એવી 'રિલાયન્સ જિયો પ્લેટફોર્મ્સ લિમિટેડ' (JPL) ના શેરનું નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE) અને બોમ્બે સ્ટોક એક્સચેન્જ (BSE) પર અત્યંત ભવ્ય અને સફળતાપૂર્વક લિસ્ટિંગ સંપન્ન થયું છે. જિયોએ માર્કેટમાં પગ મૂકતા જ અંદાજે ૧૦.૩ લાખ કરોડ રૂપિયાના જંગી અને વિરાટ મૂલ્યાંકન (Valuation) સાથે ધમાકેદાર એન્ટ્રી કરીને દલાલ સ્ટ્રીટ પર નવો રેકોર્ડ સર્જ્યો છે. આ ઐતિહાસિક સફળતાથી સમગ્ર દેશના શેરબજાર અને ઉદ્યોગ જગતમાં ભારે ખળભળાટ અને ઉત્સાહની લહેર દોડી ગઈ છે.

૧૦.૩ લાખ કરોડનું વિશાળ મૂલ્યાંકન: જિયોએ સાબિત કરી પોતાની તાકાત

ભારતની જ નહીં પરંતુ એશિયાની સૌથી શક્તિશાળી ડેટા અને ડિજિટલ સર્વિસ કંપની ગણાતી જિયો પ્લેટફોર્મ્સે શેરબજારમાં એન્ટ્રી કરતાંની સાથે જ રોકાણકારોમાં જોરદાર આકર્ષણ જગાવ્યું હતું. કંપનીનું આ વિરાટ મૂલ્યાંકન (૧૦.૩ લાખ કરોડ) સાબિત કરે છે કે ભારતીય ડિજિટલ ક્રાંતિમાં રિલાયન્સ જિયોનું સ્થાન કેટલું મજબૂત અને અજેય છે. આ લિસ્ટિંગ સાથે જ લાખો નાના-મોટા રોકાણકારો અને લાંબા ગાળાના શેરધારકોની સંપત્તિમાં પણ મોટો ઉછાળો જોવા મળ્યો છે.

સફળતાના શિખરે પહોંચીને ભગવાનના દરબારે પહોંચ્યો અંબાણી પરિવાર

શેરબજારમાં જિયોની આ ઐતિહાસિક અને ગગનભેદી સફરની શરુઆત થતાની સાથે જ, દેશના સૌથી મોટા ઉદ્યોગપતિ મુકેશ અંબાણી અને સમગ્ર અંબાણી પરિવાર મુંબઈના અત્યંત પવિત્ર અને પ્રખ્યાત શ્રી સિદ્ધિવિનાયક મંદિર ખાતે બાપ્પાના ચરણોમાં શીશ નમાવવા માટે પહોંચ્યો હતો. બિઝનેસ જગતના શિખરો સર કર્યા બાદ પણ ઈશ્વર પ્રત્યેની અપાર શ્રદ્ધા અને વિનમ્રતા દર્શાવતા અંબાણી પરિવારે બાપ્પાના દરબારમાં વિશેષ પૂજા-અર્ચના કરી હતી. દેશ અને જિયો પરિવારની આ અભૂતપૂર્વ સફળતા બદલ ગણપતિ દાદાના આશીર્વાદ લીધા હતા અને વિધિવત આરતી ઉતારી હતી. સિદ્ધિવિનાયક મંદિર પરિસરમાં અંબાણી પરિવારના આગમનને કારણે ભારે સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી હતી અને દર્શનાર્થીઓમાં પણ ભારે કુતુહલ અને ઉત્સાહ જોવા મળ્યો હતો.

દલાલ સ્ટ્રીટ પર જમાવ્યો દબદબો: રિલાયન્સના સામ્રાજ્યમાં વધુ એક સોનેરી પીંછું

જિયો પ્લેટફોર્મ્સના આ ભવ્ય લિસ્ટિંગથી સ્પષ્ટ થઈ ગયું છે કે આવનારા સમયમાં ભારતીય ટેકનોલોજી અને ટેલિકોમ સેક્ટરમાં રિલાયન્સનું વર્ચસ્વ વધુ મજબૂત બનશે. શેરબજારના નિષ્ણાતોના મતે, આ લિસ્ટિંગથી વૈશ્વિક સ્તરે ભારતીય માર્કેટની શાખ વધુ ઊંચી ગઈ છે. એક તરફ જિયોના શેરોમાં તેજીનો માહોલ છે, તો બીજી તરફ અંબાણી પરિવારે સિદ્ધિવિનાયક મંદિરમાં જઈને પોતાની આ સફળતાને જનતા અને ઈશ્વરને સમર્પિત કરી છે.

"ઓપરેશન ગંગાજળ" માત્ર સરકારી અધિકારીઓ માટે જ કેમ?

મહાભયંકર ભ્રષ્ટાચાર આચરનારા ચૂંટાયેલા નેતાઓનું "ઓપરેશન ગંગાજળ" ક્યારે?

રાજ્યમાં ભ્રષ્ટ અધિકારીઓ અને કર્મચારીઓ સામે તંત્ર દ્વારા ચલાવવામાં આવતા 'ઓપરેશન ગંગાજળ' કે સરકારી શુદ્ધિકરણ ઝુંબેશની વાતો મોટા ઉપાડે કરવામાં આવે છે. સરકારી કચેરીઓમાં નાના-મોટા લાંચિયા બાબુઓ, વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓ કે સિનિયર અધિકારીઓ પર એસીબી (ACB) ના દરોડા પાડીને કે તેમને નિવૃત્ત કરી ઘેર ભેગા કરીને તંત્ર પોતાનું શૂરવીરપણું સાબિત કરવાનો પ્રયાસ કરે છે. પરંતુ અહીં સવાલ એ ઊભો થાય છે કે, શું ભ્રષ્ટાચારનું મૂળ માત્ર સરકારી બાબુઓની સહીઓ અને ટેબલ નીચે ચાલતા વહીવટ પૂરતું જ સીમિત છે? ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ સામે મૌન કેમ? જનતા દ્વારા મતો આપીને સત્તાના સર્વોચ્ચ શિખર પર બેસાડવામાં આવતા ચૂંટાયેલા નેતાઓ, કોર્પોરેટરો, ધારાસભ્યો કે મંત્રીઓ સામે જ્યારે ભ્રષ્ટાચારના કરોડો રૂપિયાના ગંભીર આક્ષેપો થાય છે, ત્યારે સિસ્ટમનું 'ઓપરેશન ગંગાજળ' કેમ અચાનક થંભી જાય છે? ટેન્ડરોમાં કમિશન, સરકારી જમીનોના રી-ઝોનિંગના ખેલ, બાંધકામોની મંજૂરીમાં ટકાવારી અને મોટું ભ્રષ્ટ નેટવર્ક ચલાવવામાં કોની ભૂમિકા મુખ્ય હોય છે? સરકારી અધિકારી તો માત્ર નેતાઓના આદેશો અને નીતિઓનો અમલ કરાવનારું મોહરું બને છે, તો પછી અસલી ખેલાડીઓ સુધી તપાસની આંચ કેમ પહોંચતી નથી? કાયદાની બેવડી નીતિ સામે જનતાનો આક્રોશ: જો કોઈ નાનો સરકારી કર્મચારી થોડાક હજાર રૂપિયાની લાંચ લેતા ઝડપાય તો તેને તત્કાલ સસ્પેન્ડ કરીને તેનું નામ જાહેર મંચ પર ઉછાળવામાં આવે છે. પરંતુ અબજો રૂપિયાના કૌભાંડોમાં જેમના નામ ચર્ચામાં હોય તેવા ચૂંટાયેલા નેતાઓ સામે તપાસની ફાઈલો વર્ષો સુધી ધૂળ ખાતી પડી રહે છે અથવા તો રાજકીય વગ વાપરીને તેને દબાવી દેવામાં આવે છે. 'ગંગાજળ' જેવી પવિત્ર સંકલ્પના જો શુદ્ધિકરણ માટે જ હોય, તો તે શુદ્ધિકરણ માત્ર કચેરીઓ પૂરતું જ શા માટે? રાજકારણની ગંગામાં પથરાયેલા ભ્રષ્ટાચારના કાદવને સાફ કરવાનો સમય ક્યારે આવશે? જનતાનો સીધો સવાલ: ભેદભાવ વગરનું ઓપરેશન ક્યારે? આજે આમ નાગરિક અને પાક્કો ગુજરાત પ્રજાનો અવાજ બનીને સવાલ પૂછે છે કે, શું લોકશાહીમાં ચૂંટાયેલા નેતાઓને ભ્રષ્ટાચાર કરવાનો અઘોષિત પરવાનો મળી ગયેલો છે? જો ખરેખર રાજ્યમાંથી ભ્રષ્ટાચારનું નિકંદન કાઢવું હોય અને સિસ્ટમને સ્વચ્છ કરવી હોય, તો 'ઓપરેશન ગંગાજળ' ની વાસ્તવિક ધાર અધિકારીઓની સાથે સાથે મહાભયંકર ભ્રષ્ટાચાર આચરનારા અને કાળી કમાણીથી તિજોરીઓ ભરનારા ચૂંટાયેલા પ્રતિનિધિઓ સુધી પણ પહોંચવી જોઈએ.

છોટાઉદેપુરમાં ખાણ-ખનિજ વિભાગનો સપાટો; ઓરસંગ નદીના પટમાં ધમધમતા રેતી ખનન પર ત્રાટકી તંત્રની ટીમ!

હાંડોદ નજીક ઓરસંગ નદીમાં રેતી માફિયાઓ પર તંત્રનો મોટો પ્રહાર: 1 મશીન અને 9 ડમ્પર જપ્ત થતાં ખળભળાટ

છોટાઉદેપુર

છોટાઉદેપુર જિલ્લામાં ખનિજ સંપત્તિની બેફામ લૂંટ ચલાવતા ખનિજ માફિયાઓ સામે હવે વહીવટી તંત્ર દ્વારા આક્રમક વલણ અપનાવવામાં આવ્યું છે. જિલ્લાના હાંડોદ વિસ્તારમાંથી પસાર થતી પવિત્ર ઓરસંગ નદીના પટમાં લાંબા સમયથી બેરોકટોક અને ગેરકાયદેસર રીતે રેતી ખનનનું કૌભાંડ ચાલી રહ્યું હતું. આ મામલે બાતમી મળતાની સાથે જ જિલ્લા ખાણ-ખનિજ વિભાગની ટીમ દ્વારા ઓચિંતી રેડ પાડવામાં આવી હતી, જેનાથી ખનિજ માફિયાઓમાં ભારે નાસભાગ અને ફફડાટ વ્યાપી ગયો છે.

ખાણ-ખનિજ વિભાગને મળેલી બાતમી અત્યંત સચોટ સાબિત થઈ હતી. હાંડોદ નજીક ઓરસંગ નદીના પટમાં જ્યારે વિભાગની ટીમે સપાટો બોલાવ્યો, ત્યારે દરોડા દરમિયાન સ્થળ પર ગેરકાયદેસર રીતે રેતીનું ઉત્ખનન થઈ રહ્યું હોવાનું સામે આવ્યું હતું.

પોલીસ અને ખાણ-ખનિજ વિભાગની સંયુક્ત કે વિભાગીય કાર્યવાહીમાં સ્થળ પરથી: ૧ (એક) અતિ આધુનિક મશીન (ઉત્ખનન માટેનું)

રેતી ભરેલા અને વહન કરતા કુલ ૯ (નવ) ડમ્પર

તમામ મુદ્દામાલ સાથે ઝડપી લેવામાં આવ્યા છે. તંત્રની આ અચાનક થયેલી આક્રમક કાર્યવાહીથી રાતોરાત માલામાલ થવા માંગતા રેતી ચોરો અને માફિયાઓના પેટનું પાણી હલી ગયું છે.

સળગતા સવાલો: આ કૌભાંડના અસલી માસ્ટરમાઈન્ડ અને આકાઓ કોણ?

સૂત્રોના જણાવ્યા અનુસાર, ઓરસંગ નદીના પટમાંથી આ ગેરકાયદેસર ખનન કોઈ એક દિવસનું નથી, પરંતુ લાંબા સમયથી રાજકીય કે વહીવટી છત્રછાયા હેઠળ બેરોકટોક ચાલી રહ્યું હતું. હાલ તો ખાણ-ખનિજ વિભાગે તમામ વાહનો અને મશીનરી જપ્ત કરીને પોલીસ હવાલદાર કે સુરક્ષિત જગ્યાએ ખસેડી લીધી છે, પરંતુ આ કાર્યવાહી બાદ જનતામાં અનેક મોટા સવાલો ચર્ચાના એરણે ચઢ્યા છે:

૧. આ ઝડપાયેલાં મશીન અને ૯ ડમ્પરના અસલી માલિકો કે અંદરખાતેના શેઠિયાઓ કોણ છે?

૨. આ ગેરકાયદેસર ખનનના મોટા નેટવર્ક પાછળ કોનો હાથ છે અને કોની મિલીભગતથી આ ખેલ ચાલતો હતો?

. તંત્ર દ્વારા આ તમામ માફિયાઓ સામે લાખો કે કરોડો રૂપિયાનો ભારે દંડ વસૂલવામાં આવશે કે પછી મામલો ઠંડો પાડી દેવાશે?

આ તમામ સવાલોના જવાબ આગામી સમયમાં મોટા ખુલાસાઓ સાથે બહાર આવવાની પૂરેપૂરી શક્યતાઓ સેવાઈ રહી છે. ખાણ-ખનિજ વિભાગની આ કડક અને ત્વરિત કાર્યવાહીથી સમગ્ર છોટાઉદેપુર જિલ્લામાં ગેરકાયદે ખનન કરતા તત્વોમાં ભારે ભય ફેલાઈ ગયો છે. કુદરતી સંપત્તિને બેરહેમીથી લૂંટનારાઓ સામે હવે તંત્ર કેવા અને કેટલા કડક દંડાત્મક પગલાં ભરે છે, અને શું આ પાછળ સંડોવાયેલા મોટા માથાઓ સુધી કાયદાનો હાથ પહોંચશે કે નહીં , તે તો આવનાર સમય જ બતાવશે.

ઉના-વેરાવળ રોડ પર કેસરિયા અને નાથળ ગામ વચ્ચે આવેલા

ખાણિયા ધાર વિસ્તાર નજીક ટ્રકની જોરદાર ટક્કરે સર્જાયેલા ભયાનક અકસ્માત

- ટ્રકની ટક્કરે ભાઈની નજર સામે બહેને દમ તોડ્યો, માતા બેભાન: ઉના-વેરાવળ રોડ પર નાથળ નજીક ટક્કર મારી ટ્રક ચાલક ભાગ્યો; લોકોએ 10 કિ.મી પીછો કરી ઝડપી પાડયો

ઉના, કૈલૈશ ભટ્ટ

ઉના-વેરાવળ રોડ પર કેસરિયા અને નાથળ ગામ વચ્ચે આવેલા ખાણિયાધાર વિસ્તાર નજીક ટ્રકની જોરદાર ટક્કરે સર્જાયેલા ભયાનક અકસ્માતમાં 18 વર્ષીય યુવતી પ્રતિજ્ઞાબેન વાળાનું ભાઈની નજર સમક્ષ જ ઘટનાસ્થળે કરૂણ મોત નીપજ્યું. છે. અકસ્માત ઝોન બની ગયેલા આ માર્ગ પર બનેલી ઘટનાથી સમગ્ર વિસ્તારમાં ભારે શોકનું મોજું ફરી વળ્યું છે. મળતી વિગતો અનુસાર, કાજરડી ગામના પ્રીતમ વાળા પોતાની બાઈક પર માતા પાંચીબેન અને બહેન પ્રતિજ્ઞાબેનને બેસાડીને ઉના તરફ આવી રહ્યા હતા. તે દરમિયાન પાછળથી પૂરપાટ ઝડપે આવતા ટ્રકે બાઈકને જોરદાર ટક્કર મારતા બાઈક આગળ જતી ઓટો રિક્ષા સાથે ટકરાઈ હતી. આ અકસ્માતમાં બાઈક પર સવાર ભાઈ, બહેન અને માતા ત્રણેય રોડ પર જોરથી ફંગોળાઈ ગયા હતા. માતા બેભાન, લોકોએ 108ને જાણ કરી અકસ્માતમાં પ્રતિજ્ઞાબેનને માથાના ભાગે ગંભીર ઈજા થતાં તેમનું સ્થળ પર જ મોત થયું હતું, જ્યારે પુત્રીના મોતથી માતા પાંચીબેન સ્થળ પર જ બેભાન થઈ ગયા હતા. બનાવને પગલે લોકોના ટોળા ઉમટી પડ્યા હતા અને 108 એમ્બ્યુલન્સ મારફતે ઈજાગ્રસ્ત માતા-પુત્રને ઉનાની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા હતા, જ્યારે યુવતીના મૃતદેહને પીએમ અર્થે સરકારી હોસ્પિટલ મોકલાયો હતો. ભાગતા ટ્રક ચાલકને લોકોએ પકડી પાડ્યો અકસ્માત સર્જીને ટ્રક ચાલક પોતાનું વાહન લઈને નાસી છૂટ્યો હતો, પરંતુ ઘટનાસ્થળે હાજર લોકોએ હિંમત દાખવી ટ્રકનો પીછો કરી 10 કિલોમીટર દૂરથી તેને ઝડપી પાડી પોલીસને સોંપ્યો હતો. ઘટનાની જાણ થતાં કાજરડી ગામના લોકો હોસ્પિટલ પહોંચ્યા હતા, જ્યારે ઉના પોલીસે બનાવ સ્થળે પહોંચી જરૂરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. કાજરડી ગામમાં ભારે અરેરાટી સાથે શોકનું મોજું કાજરડી ગામથી પ્રીતમ વાળા તેમની માતા સાથે ઉના ખાતે સગાને ત્યાં પુત્ર જન્મની ખુશીમાં અભિનંદન આપવા જઈ રહ્યા હતા.

શિનોર અને સાધલીમાં સંભવિત ઉમેદવારોની અત્યારથી જ તૈયારીઓ શરૂ

શિનોર તાલુકાની 29 ગ્રામ પંચાયતોની મુદત ડિસેમ્બરમાં પૂર્ણ થશે : 27% OBC અનામત રોટેશનને લઈને ચૂંટણી લડવા ઇચ્છુકોમાં ઉત્સાહ

સાધલી, હસમુખ પટેલ

શિનોર તાલુકાની 29 ગ્રામ પંચાયતોની મુદત ડિસેમ્બર 2026 માં પૂરી થાય છે. અન્ય 11 ગ્રામ પંચાયતોની ચૂંટણી જૂન 2025 માં થઈ ગઈ હતી., હવે 27 ટકા ઓબીસી અનામત રોટેશન સાથે ચૂંટણી યોજાનાર હોય ઓબીસી વર્ગમાં ચૂંટણી લડવા થનગણાટ દેખાઈ આવેછે. શિનોર તાલુકામાં આગામી ડિસેમ્બર મહિનામાં 29 ગ્રામ પંચાયતોની મુદત પૂરી થાય છે જેમાં સાધલી તથા શિનોર નો પણ સમાવેશ થાય છે. આ ચૂંટણી 27% ઓબીસી અનામત રોટેશન સાથે યોજાનાર હોઈ શકે જેથી ઓબીસી વર્ગમાં આ ચૂંટણી લડવા માટે ઘણોજ થનગણાટ દેખાઈ આવે છે. જન સંખ્યા ના આધારે ઓબીસી બેઠકોનો પ્રકાર નક્કી કરવા વર્ષ 2022 માં સુપ્રીમ કોર્ટે જે આદેશ કર્યો હતો તેનો અમલ પંચાયતમાં સરપંચ સહિત વોર્ડ સભ્યો માટે કરાશે કે કેમ, તેવી પણ એક ચર્ચા જાગેલ છે. ગત જુન 2025 માં શિનોર તાલુકાની 11 ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણી યોજાઈ ગઈ હતી, જેમાં દામાપુરા, પુનિયાદ ,સાંધા, માલપુર, મોટા કરાડા, તેરસા, કંજેઠા, મીઠોળ ,બીથલી, અવાખલ અને માંડવાનો સમાવેશ થાય છે. ચૂંટણી પંચ દ્વારા જાતિ આધારિત વોર્ડ રચના માટેની કાર્યવાહી ચાલુ કરવામાં આવી હતી અને દરેક પંચાયતો પાસે વોર્ડ મુજબ જાતિની ની જાણકારી લેવામાં આવી હતી.

શિનોર તાલુકામાં આર્થિક દ્રષ્ટિએ સધ્ધર ગણાતી શિનોર ગ્રામ પંચાયત તથા સાધલી ગ્રામ પંચાયતમાં સરપંચ તથા વોર્ડની ચૂંટણી લડવાના સંભવિત ઉમેદવારો દ્વારા ખાનગીમાં ગણેશોત્સવ તથા નવરાત્રી મહોત્સવમાં ફંડ ફાળો તથા મૂર્તિઓ લાવી આપીને, તથા આરતી ઉતારી પોતાની ઉમેદવારી ની તૈયારી નો પ્રયત્ન કરેલ છે.

ચૂંટણી તંત્ર દ્વારા હજુ પણ સરપંચોની બેઠકો અને વોર્ડ ની બેઠકોનો પ્રકાર જાહેર કરવામાં આવેલ નથી, તેથી ઘણા સંભવિત ઉમેદવારોમાં હજુ પણ કચવાટ દેખાઈ આવે છે.

જેતપુરમાં રહેણાંક મકાનમાં ચાલતા જુગારધામ પર LCBનો દરોડો : ત્રણ રીઢા આરોપીઓ ઝડપાયા

જેતપુર, સુરેશ ભાલીયા

રાજકોટ રેન્જ આઈ.જી. નિર્લિપ્ત રાય તથા રાજકોટ ગ્રામ્ય પોલીસ અધીક્ષક વિજય સિંહ ગુર્જરના માર્ગદર્શન હેઠળ પ્રોહીબીશન અને જુગારના કેસો શોધી કાઢવા મળેલી સૂચના અન્વયે એલ.સી.બી. રાજકોટ ગ્રામ્યના પોલીસ ઈન્સ્પેક્ટર જે.પી.રાવના નેતૃત્વમાં એક સફળ કામગીરી કરવામાં આવી છે. એલ.સી.બી. શાખાના પોલીસ હેડ કોન્સ્ટેબલ મનીષભાઈ વરૂ, મનદીપસિંહ જાડેજા તથા પોલીસ કોન્સ્ટેબલ ભરતભાઈ ગમારાને મળેલી ચોક્કસ ખાનગી માહિતીના આધારે જેતપુર સીટી પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા અમરનગર રોડ પર જમાદાર વાડી, પટલનગરમાં રેડ કરવામાં આવી હતી. અહીં રહેતા પંકજ તેજાભાઈ વાઘેલા નામના શખ્સે પોતાના રહેણાંક મકાનમાં બહારથી માણસો બોલાવી જુગારનો અખાડો શરૂ કર્યો હોવાની હકીકત મળતા પોલીસે દરોડો પાડી જુગાર રમતા ત્રણ આરોપીઓને રંગેહાથ ઝડપી પાડ્યા હતા. પોલીસે ઘટનાસ્થળેથી જુગાર રમતા (૧) પંકજ તેજાભાઈ વાઘેલા (રહે. જમાદાર વાડી, અમરનગર રોડ, જેતપુર), (૨) અનીલ ઉર્ફે ડબલી મનસુખભાઈ બારૈયા (રહે. બાપુનીવાડી, અલીષેક સ્કુલ પાસે, જેતપુર), અને (૩) અશોક ભગુભાઈ વાંક (રહે. બલીયાવડ ગામ, તા-જૂનાગઢ, જી-જૂનાગઢ) ની ધરપકડ કરી છે. પોલીસ રેડ દરમિયાન રોકડા રૂપીયા ૪,૩૧,૫૦૦/-, અંદાજિત ૨૧,૦૦૦/- ની કિંમતના ૦૪ નંગ મોબાઈલ ફોન તથા ગુનામાં વપરાયેલી રૂપીયા ૬,૦૦,૦૦૦/- ની કિંમતની એક હ્યુન્ડાઈ કંપનીની ક્રેટા કાર મળીને કુલ રૂપીયા ૧૦,૫૨,૫૦૦/- નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. આ તમામ આરોપીઓ વિરુદ્ધ જેતપુર સીટી પોલીસ સ્ટેશન ખાતે જુગારધારા કલમ ૪, ૫ મુજબ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ઉનાના વાંસોજમાં શાક-રોટલો ખાધા બાદ બે વર્ષની બાળકીનું મોત: માતા-પિતા ICUમાં

ઉના, કૈલૈશ ભટ્ટ

ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાના વાંસોજ ગામમાં ગુવાર-બટેટાનું શાક અને રોટલો ખાધા બાદ એક જ પરિવારના ત્રણ સભ્યોની તબિયત લથડવાની ઘટના સામે આવી છે. આ ઘટનામાં બે વર્ષની બાળકી જીનલનું મોત નીપજ્યું છે, જ્યારે તેની માતા અને પિતાની હાલત ગંભીર હોવાથી બંનેને ઉનાની ખાનગી હોસ્પિટલના ICUમાં સારવાર આપવામાં આવી રહી છે. એકની એક દીકરીનું મોત થતા માતા પિતા પર આભ ફાટ્યા જેવી સ્થિતિ ઊભી થઈ છે. દીકરીના મોતના આઘાતમાં સારવાર હેઠળ હેઠળ રહેલા માતા સોનલબેન કાઈ બોલી નથી શકતા અને એમની આખોમાંથી સતત આસું વહી રહ્યાં છે. જમ્યા બાદ ત્રણેયને ઊલટીઓ થવા લાગી મળતી માહિતી મુજબ, વાંસોજ ગામમાં રહેતા રાજેશભાઈ ભગાભાઈ કામળીયા, તેમનાં પત્ની સોનલબેન અને તેમની બે વર્ષની પુત્રી જીનલે રાત્રિના સમયે ગુવાર-બટેટાનું શાક અને રોટલો ખાધો હતો. ત્યારબાદ ત્રણેયની તબિયત લથડવા લાગી અને તેમને ઊલટીઓ થવા લાગી હતી. પરિવારજનો ત્રણેયને શરૂઆતમાં વાંસોજ ગામમાંથી પ્રાથમિક દવા અપાવી હતી. જોકે, સવારે તબિયત વધુ બગડતાં તેમને 108 એમ્બ્યુલન્સ મારફતે ઉનાની ખાનગી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યાં હતાં. હોસ્પિટલમાં પહોંચ્યા બાદ તબીબોએ બે વર્ષની બાળકી જીનલને મૃત જાહેર કરી હતી. જ્યારે માતા-પિતાની હાલત ગંભીર હોવાથી બંનેને ICUમાં દાખલ કરીને સારવાર આપવામાં આવી રહી છે. ખાનગી હોસ્પિટલના તબીબોએ પ્રાથમિક રીતે ફૂડ પોઈઝનિંગની આશંકા વ્યક્ત કરી છે.એપેક્ષ હોસ્પિટલના એમ.ડી. ફિઝિશિયન ડો.જી.એમ. કલસરિયાએ ભાસ્કર સાથેની વાતચીતમાં માં જણાવ્યું કે રાજેશભાઈ કામળિયા અને એમના પત્ની સોનલબેન કામળિયા બંનેને એપેક્ષ હોસ્પિટલ લાવવામાં આવ્યાં હતા. જ્યારે તેઓને લઈને આવ્યા ત્યારે તેઓ ઉલટી, ઉપકા અને પેટના દુખાવાની ફરિયાદ સાથે આવેલા. પ્રાઈમરી બ્લડ ઈન્વેસ્ટિગેશનથી માંડીને સોનોગ્રાફી અને બધું જોયું છે. આ બ્લડ રિપોર્ટ અને બાકીના જે રૂટીન ઈન્વેસ્ટિગેશન જોયા છે, એ પ્રમાણે પ્રાઈમરી રીતે આ ફૂડ પોઈઝનિંગ હોય તેવું લાગી રહ્યું છે.

ગીર ગઢડાના ફાટસર ગામે કૂવામાંથી સિંહણ-નીલગાયના મૃતદેહ મળ્યા

જસાધાર રેન્જ વનવિભાગના કાફલાએ મૃતદેહ બહાર કાઢી પીએમ માટે ખસેડ્યાં



ઉના, કૈલૈશ ભટ્ટ

ગીર સોમનાથ જિલ્લાના ગીર ગઢડા તાલુકાના ફાટસર ગામમાં વાડીના ઊંડા કૂવામાંથી સિંહણ અને માદા નીલગાયના મૃતદેહ મળી આવતાં ચકચાર મચી ગઈ છે. ઘટનાની જાણ થતાં જ ગીર પૂર્વ વન વિભાગ હેઠળની જસાધાર રેન્જના અધિકારીઓ અને કર્મચારીઓ તાત્કાલિક સ્થળ પર દોડી ગયા હતા. વનવિભાગ દ્વારા બંને વન્યપ્રાણીઓના મૃતદેહોને બહાર કાઢીને મૃત્યુનું ચોક્કસ કારણ જાણવા માટે કાયદેસરની તપાસ હાથ ધરવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો મુજબ ફાટસર ગામના સુકવણ વિસ્તારમાં આવેલી ધીરુભાઈ વેકરિયાની વાડીના કૂવામાં સિંહણ અને નીલગાય પડી હોવાની માહિતી મંગળવારે સાંજે 6:30 વાગ્યે વન વિભાગને મળી હતી. મદદનીશ વન સંરક્ષક કપિલ ભાટિયાની હાજરીમાં વન ટીમે તપાસ કરતાં આશરે 55 ફૂટ ઊંડા કૂવામાંથી 5થી 7 વર્ષની સિંહણ અને માદા નીલગાય મૃત હાલતમાં મળી આવ્યા હતા.

નિયમ મુજબ બંનેના મૃતદેહોને બહાર કાઢવાની કામગીરી કરાઈ હતી. કૂવામાંથી બહાર કાઢ્યા બાદ સિંહણ અને નીલગાયના મૃતદેહોને વધુ તપાસ અર્થે જસાધાર એનિમલ કેર સેન્ટર ખાતે ખસેડવામાં આવ્યા છે. પ્રાથમિક તપાસ દરમિયાન આસપાસના વિસ્તારમાંથી કોઈ શંકાસ્પદ પ્રવૃત્તિ કે આધાર-પુરાવા મળી આવ્યા નથી. વન વિભાગના જણાવ્યા અનુસાર પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ જ મોતનું સાચું કારણ બહાર આવશે, જેને લઈ આગળની કાયદેસરની તજવીજ હાથ ધરાઈ છે.

ગ્રામ પંચાયતના ચૂંટણી રોટેશનમાંથી

‘હરિજન’ શબ્દ દૂર કરી બંધારણીય શબ્દપ્રયોગ કરવા તેજસ સાદિયાની માંગ

પોરબંદર જિલ્લાના વોર્ડવાર રોટેશન અને સરકારી દસ્તાવેજોમાં ‘અનુસૂચિત જાતિ’ શબ્દનો ઉપયોગ કરવા નાયબ કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું

ગોસા (ઘેડ), વિરમભાઈ કે. આગઠ

પોરબંદર જિલ્લાના ગ્રામ પંચાયતોની આગામી ચૂંટણીઓને અનુલક્ષીને જાહેર કરવામાં આવતા વોર્ડવાર રોટેશન, યાદીઓ અને અન્ય સરકારી દસ્તાવેજોમાં કેટલાક સ્થળે ‘હરિજન’ શબ્દનો ઉપયોગ થતો હોવાની બાબત સામે આવતાં, આ શબ્દના સ્થાને બંધારણીય તથા સત્તાવાર શબ્દપ્રયોગ અપનાવવાની માંગ ઉઠી છે. ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના પોરબંદર અનુસૂચિત જાતિ તાલુકા પ્રમુખ તેજસ જેઠાભાઈ સાદિયાએ આ મામલે પોરબંદરના જિલ્લા નાયબ કલેક્ટરને આવેદનપત્ર પાઠવી જરૂરી સુધારાત્મક કાર્યવાહી કરવાની રજૂઆત કરી છે. આવેદનપત્રમાં જણાવ્યા અનુસાર, સરકારી દસ્તાવેજોમાં અનુસૂચિત જાતિના નાગરિકોની ઓળખ, સન્માન અને સમાનતાનાં બંધારણીય મૂલ્યોને અનુરૂપ શબ્દપ્રયોગ થવો જરૂરી છે. ‘હરિજન’ શબ્દના બદલે ભારતીય બંધારણ અને સત્તાવાર વહીવટી વ્યવહારમાં પ્રચલિત ‘અનુસૂચિત જાતિ’ શબ્દનો ઉપયોગ કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે. તેજસ સાદિયાએ પોતાની રજૂઆતમાં ભારતીય બંધારણની કલમ ૧૪ હેઠળ સમાનતાનો અધિકાર, કલમ ૧૫ હેઠળ ભેદભાવ સામે રક્ષણ અને કલમ ૧૭ હેઠળ અસ્પૃશ્યતાની નાબૂદીના સિદ્ધાંતોનો ઉલ્લેખ કર્યો છે. તેમણે જણાવ્યું છે કે સરકારી રેકોર્ડ, ચૂંટણી રોટેશન અને વહીવટી દસ્તાવેજોમાં સન્માનજનક તથા યોગ્ય શબ્દપ્રયોગ અપનાવવો એ બંધારણીય મૂલ્યોના પાલનની દિશામાં જરૂરી પગલું છે. આવેદનપત્ર મારફતે પોરબંદર જિલ્લાના ગ્રામ પંચાયતોના ચૂંટણી રોટેશન, વોર્ડવાર યાદીઓ અને સંબંધિત સરકારી દસ્તાવેજોમાં જ્યાં જ્યાં ‘હરિજન’ શબ્દનો ઉલ્લેખ હોય ત્યાં તેની સમીક્ષા કરીને યોગ્ય સુધારો કરવાની માંગ કરવામાં આવી છે. સંદર્ભને અનુરૂપ ‘અનુસૂચિત જાતિ વિસ્તાર’, ‘અનુસૂચિત જાતિ માટે અનામત વોર્ડ’ અથવા લાગુ પડતો અન્ય સત્તાવાર શબ્દપ્રયોગ ઉપયોગમાં લેવા રજૂઆત કરાઈ છે. આ ઉપરાંત, ભવિષ્યમાં તૈયાર થનારા ચૂંટણી રોટેશન, વોર્ડની યાદીઓ, સરકારી જાહેરનામાં અને અન્ય વહીવટી દસ્તાવેજોમાં આવા શબ્દપ્રયોગનું પુનરાવર્તન ન થાય તે માટે સંબંધિત કચેરીઓને જરૂરી સૂચનાઓ આપવા પણ માંગ કરવામાં આવી છે.

રાણપુરના ઉમરાળા ગામની સીમમાં એન્ટી નાર્કોટિક્સ વિંગનો દરોડો: 905 ગ્રામ સુકા ગાંજા સાથે એક શખ્સ ઝડપાયો

બોટાદ, વિપુલ લુહાર

બોટાદ જિલ્લામાં ગેરકાયદેસર નશાકારક પદાર્થોના વેચાણ, સંગ્રહ અને હેરાફેરી સામે પોલીસ દ્વારા કાર્યવાહી તેજ કરવામાં આવી છે. ત્યારે ભાવનગર રેન્જના આઈ.જી. રાજેન્દ્ર અસારી તેમજ બોટાદ જિલ્લા પોલીસ અધિક્ષક ધર્મેન્દ્ર શર્માની સૂચના અને માર્ગદર્શન હેઠળ બોટાદ એન્ટી નાર્કોટિક્સ વિંગની ટીમે રાણપુર તાલુકાના ઉમરાળા ગામની સીમમાં આવેલી વાડી અને મકાનમાં દરોડો પાડી 905 ગ્રામ સુકો ગાંજો ઝડપી પાડ્યો હતો. આ કાર્યવાહી દરમિયાન એક શખ્સને ઝડપી લેવામાં આવ્યો હતો, જ્યારે ગાંજા સહિત મોબાઈલ ફોન, થેલો અને પેકિંગ સામગ્રી મળી કુલ રૂ. 45,750નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો.

પ્રાપ્ત વિગતો અનુસાર, બોટાદ એન્ટી નાર્કોટિક્સ વિંગના PI પી.ડી. વાંદા,PSI આર. એમ. જાડેજા તેમજ પોલીસ સ્ટાફના કર્મચારીઓ ક્રિપાલસિંહ ઝાલા, જયેશભાઈ ધાંધલ, શિવરાજભાઈ ભોજક, આશાબેન જમોડ, મનસુખભાઈ કોશીયાણીયા, બુધાભાઈ કાલીયા સહિતની ટીમને ચોક્કસ બાતમી મળી હતી. આ બાતમીના આધારે પોલીસ ટીમે રાણપુર તાલુકાના ઉમરાળા ગામે વાડી અને મકાનમાં દરોડો પાડ્યો હતો. તપાસ દરમિયાન આ વાડી અને મકાન અરવિંદભાઈ નરશીભાઈ બાવળીયાના કબજા-ભોગવટામાં હોવાનું સામે આવ્યું હતું. પોલીસે પંચો તથા એફ. એસ.એલ.ના અધિકારીની હાજરીમાં સ્થળ પર તપાસ હાથ ધરી હતી.

કાળી ચૌદશે અંધશ્રદ્ધા સામે જાગૃતિનું રણશિંગું

તરઘડીના સ્મશાનમાં ‘રાજ્ય જાથા’નો રાજ્યકક્ષાનો કાર્યક્રમ

રાજકોટ

ભા રતમાં સદીઓથી કાળી ચૌ દશના દિવસે ભૂત, પ્રેત, પિશાચ, મેલીવિદ્યા અને અદ્રશ્ય શક્તિઓ અંગે અનેક પ્રકારની ગેરમાન્યતાઓ, અંધશ્રદ્ધાઓ અને કુપ્રથાઓ પ્રવર્તતી રહી છે. સમાજમાંથી આ ડર અને અંધશ્રદ્ધાને કાયમ માટે દૂર કરવાના દ્રઢ મનોબળ સાથે, 'રાજ્ય જાથા' દ્વારા આગામી ૭મી નવેમ્બરના રોજ રાત્રે ૮:૦૦ કલાકે રાજકોટ જિલ્લાના પડધરી તાલુકાના તરઘડી ગામના સ્મશાન (મુક્તિધામ) ખાતે રાજ્ય કક્ષાનો જાગૃતિ કાર્યક્રમ યોજાવાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

કાર્યક્રમની મુખ્ય વિશેષતાઓ:

મેલીવિદ્યાની નનામી અને અગ્નિદાહ: ગામના પંચાયત ચોકથી સ્મશાન સુધી ભય દૂર કરવા મા ટે ભૂત-પ્રેત અને મશાલનું સર ઘ સ નીકળશે. મેલીવિદ્યાના ના મે ચાલતી અંધશ્રદ્ધાની પ્ર તીકાત્મક નનામીને મહિલાઓ કાંધ આપી સ્મશાનમાં ભસ્મીભૂત કરશે.

નવી પહેલ - ચાની ચુસ્કી: નનામી ઉપર જ ચા બનાવીને હા જર લોકોને પીવડાવવામાં આવશે, જેથી લોકોના મનમાંથી સ્મશાન અને કાળી ચૌદશનો ડર હંમેશ માટે નાબૂદ થાય.

સ્મશાનના ખાટલે વડા-ભ જીયા: ચાર ચોકમાંથી એકઠા કરેલા 'કકડાટના કુંડાળા'ના વડા અ ને ભજીયા સ્મશાનના ખાટલે બેસીને ગ્રામજનો આરોગશે અને અ ના જનો બગાડ અટકાવવા અપીલ કરાશે. જાથાના ચેરમેનનું નિ વેદન: રા જ્ય જાથાના ચેરમેન અને એડવો કે ટ જયંત પંડ્યાએ જણાવ્યું હતું કે, ‘દુનિયામાં મેલીવિ દ્યા કે ભૂતપ્રેત જેવું કશું જ હોતું નથી, પરંતુ કેટલાક લેભાગુઓ આના દ્વારા લોકો સાથે ઠગાઈ કરે છે. જાથા દ્વારા છેલ્લા ૩૧ વર્ષથી સ્મશાનમાં આવા કાર્યક્રમો કરવામાં આવે છે અને આજદિન સુધી કોઈ અનહોની કે હાનિ થઈ નથી. દ્રઢ મનોબળ અને આત્મવિશ્વાસથી સભર માનવીને કોઈપણ તાંત્રિક નુકસાન પહોંચાડી શકતો નથી.‘

તરઘડી ગામમાં કાળી ચૌદશની આ પ્રકારની ઉજવણીનું આ ૩૪મું વર્ષ છે. આ અભિયાન અંતર્ગત રા જકોટ સહિત અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, સુરત, કચ્છ, ભુજ, જૂનાગઢ, બનાસકાંઠા સહિત રાજ્યના તમામ જિલ્લાઓ અને ગ્રામ્ય સ્તરે જાગૃતિ પત્રિકાઓનું વિતરણ કરવામાં આવશે તથા સ્થાનિક સ્તરે કાર્યક્રમો યોજાશે. આ પ્રયોગમાં પાર્થ ગોહેલ, ગૌતમ સોલંકી, હર્ષાબેન પંડ્યા વકીલ સહિતના અનેક કાર્યકરો જોડાશે.

અમારા બંને વચ્ચે બહુ પ્રેમ છે: જેનિફર

જેનિફર વિંગેટે પરિણીતી ચોપરા સાથેના અણબનાવ અંગે તોડ્યું મૌન

મુંબઇ

અભિનેત્રી જેનિફર વિંગેટ અને પરિણીતી ચોપરા વચ્ચે અણબનાવ હોવાની ચર્ચાએ સોશિયલ મીડિયા પર સૌનું ધ્યાન ખેંચ્યું છે. બંને અભિનેત્રીઓનો એક કેક કટીંગનો વીડિયો વાઈરલ થયા બાદ તેમના સંબંધોને લઈને અટકળો શરૂ થઈ હતી. જોકે હવે જેનિફર વિંગેટે આ ચર્ચાઓ પર પોતાનું મૌન તોડતા અણબનાવની અફવાઓને ફગાવી દીધી છે. તાજેતરમાં જ વેબ સીરિઝ Shaque: Trust No Oneની સફળતાની ઉજવણી માટે કલાકારો અને ટીમના સભ્યો એકત્ર થયા હતા. આ પ્રસંગે કેક કટિંગ સહિતની ઉજવણીના દ્રશ્યો સામે આવ્યા હતા. કાર્યક્રમના વીડિયો અને તસવીરો સોશિયલ મીડિયા પર સામે આવ્યા બાદ જેનિફર વિંગેટ અને પરિણીતી ચોપરા વચ્ચેના સંબંધોને લઈને ચર્ચા શરૂ થઈ હતી. વીડિયોને લઈને વિવિધ અટકળો થવા લાગી અને બંને વચ્ચે બધુ બરાબર ન હોવાની વાતો પણ વહેતી થઈ હતી. જો કે માત્ર વાયરલ વીડિયો પરથી કોઈના સંબંધ વિષે નિષ્કર્ષ કાઢવો યોગ્ય નથી. વાયરલ વીડિયોને પગલે ઊભી થયેલી ચર્ચાઓ વચ્ચે જેનિફર વિંગેટે પરિણીતી ચોપરા સાથે અણબનાવ હોવાની અફવા ફગાવી દીધી છે. Shaque: Trust No Oneમાં પરિણીતી ચોપરા અને જેનિફર વિંગેટ સહિત અનેક કલાકારોએ કામ કર્યું છે. સીરિઝની સફળતાની ઉજવણી દરમિયાનનો એક વિડીયો ચર્ચાનું કારણ બન્યો, પરંતુ જેનિફરની સ્પષ્ટતા બાદ આ મામલે ફેલાયેલી અફવાઓને હકીકત માની લેવી યોગ્ય નથી. આ સમગ્ર વિવાદને લઈને જેનિફર વિંગેટે પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરીમાં લખ્યું હતું કે, "કૃપા કરીને એકબીજા પ્રત્યે દયાળુ બનો, નકારાત્મકતા ફેલાવવાનું બંધ કરો અને આ વાતને એવું સ્વરૂપ ના આપો જે અસલમાં છે જ નહીં. હું બસ એટલા માટે પાછળ હતી ગઈ હતી કારણ કે ત્યાં થોડીક જ જગ્યા હતી. પરીનું વર્તન મારા તરફ હંમેશા એકદમ સરસ અને પ્રેમભર્યું જ રહ્યું છે. અમારા બંને વચ્ચે બહુ પ્રેમ છે. અમે એક ટીમ છે અને એક-બીજાને નીચા દેખાડ્યા વગર બધાની પાસે ચમકવા માટે ઘણી જગ્યા છે. ધન્યવાદ!" વાયરલ વીડિયોને પગલે ઊભી થયેલી ચર્ચાઓ વચ્ચે જેનિફર વિંગેટે પરિણીતી ચોપરા સાથે અણબનાવ હોવાની અફવા ફગાવી દીધી.

વાયરલ વીડિયોને પગલે ઊભી થયેલી ચર્ચાઓ વચ્ચે જેનિફર વિંગેટે પરિણીતી ચોપરા સાથે અણબનાવ હોવાની અફવા ફગાવી દીધી

અભિનેત્રી શ્વેતા કેસવાનીએ કર્યો ધડાકો

ઈન્ડસ્ટ્રીમાં ઘણા લોકોની નિયત જ હોય ખોટી તો વિશ્વાસ કેમ કરવો?

મુંબઇ

બોલિવૂડ ફિલ્મ ઈન્ડસ્ટ્રીની બ્લેક સાઈડ અંગે જ્યારે પણ વાત નીકળે છે ત્યારે કેટકેટલીય એક્ટ્રેસ દિલ ખોલીને એ હકીકત ઉઘાડે છે. ક્યારેક ડાયરેક્ટર-પ્રોડ્યુસરની ખોટી માગ તો ક્યારેક કામના બદલામાં નક્કી કરેલા પૈસા કરતા ઓછા પૈસા તો ક્યારેક વર્ક પ્રાયોરિટીને લઈને અનેકવાર મોટી ચર્ચા થયેલી છે. હવે એક્ટ્રેસ શ્વેતા કેસવાનીએ એવો ધડાકો કર્યો છે જેની ચર્ચા ઈન્ડસ્ટ્રીમાં થઈ રહી છે. એની વાત પરથી એ પણ ચર્ચાય છે કે, આવી વાત પર વિશ્વાસ કેમ કરવો? ખોટી જગ્યાએ હાથ મૂકી દેતા ટીવી અને બોલિવૂડની એક્ટ્રેસ શ્વેતા કેસવાનીએ એવો ધરતી ધ્રુજી જાય એવો ખુલાસો કર્યો છે જે ટોક ઓફ ધ ટાઉન બની રહ્યો છે. એનો એવો આરોપ છે કે, મોટા એક્ટર કમર પર હાથ રાખવાના બદલે નિતંબ પર હાથ રાખતા હતા. તાજેતરમાં આપેલા ઈન્ટરવ્યૂમાં તેણે એવી વાત કહી જે ખરેખર વિચારવા જેવી છે. એક્ટ્રેસે કહ્યું કે, જ્યારે કોઈ અલગ પ્રકારનો માણસ સામે મળે છે અને હગ કરે છે તો એની નિયત બરોબર લાગતી નથી. આવા માણસને હગ પણ કેવી રીતે કરવી. આવા માણસને હું માત્ર સાઈડ હગ જ કરૂ છું. ફ્રન્ટ હગ આપતી જ નથી. મારા પણ એક બે ફ્રેન્ડ ઈન્ડસ્ટ્રીમાં છે જેને આ દુનિયાના લોકો સારી રીતે ઓળખે છે. પણ હું અત્યારે એ કહી શકું એમ નથી. એ તો કમર પર હાથ મૂકવાના બદલે નિતંબ પર હાથ મૂકી દેતા હતા. પછી હું કોઈ સંકોચ વગર જ કહેતી કે હાથ ઉપર રાખો. મારા માટે આ કંઈ નોર્મલ નથી. આ કંઈ ફોટો પડાવવા જેવું પણ નથી. જે રીતે તમે એને ડ્રિંક ઓફર કરો છો, તો તમે ડ્રિંક કરો છો? એવો સવાલ પહેલા આવે છે. પછી તરત એક્ટર નિતંબ પર હાથ મૂકી દે છે.

રશ્મિકા અને વિજય દ્વારા સાઈબર ક્રાઈમમાં ફરિયાદ

કોફી વિથ કરણ શોમાં રશ્મિકા અને વિજય દેવરકોંડાના નિવેદનોને કારણે વિવાદ સર્જાયો

મુંબઇ

કોફી વિથ કરણ શોમાં રશ્મિકા અને વિજય દેવરકોંડાના નિવેદનોને કારણે વિવાદ સર્જાયો છે. તેમને અને તેમના પરિવારને ટ્રોલ કરાતા, ટીમે હૈદરાબાદ સાયબરક્રાઈમમાં ફરિયાદ નોંધાવી છે. ગેરમાર્ગે દોરતી સામગ્રી હટાવવા માટે સ્ક્રિનશોટ્સ પણ રજૂ કરાયા છે. અભિનેતાઓની છબી અને ગૌરવ જાળવવા આ પગલું લેવાયું છે. રશ્મિકાએ કહ્યું કે અંગત જીવનની ટીકા કરવા પરિવારને તેમાં ઘસડવો યોગ્ય નથી. મુંબઈમાં કોફી વીશ કરણની સિઝન ૯માં મુલાકાત આપનારા રશ્મિકા મંદાના અને વિજય દેવરકોંડાને તેમના અભિપ્રાયો વ્યક્ત કરવા બદલ તેમને તથા તેમના પરિવારજનોને પણ ટ્રોલ કરવામાં આવતાં તેમની ટીમે ગેરમાર્ગે દોરતાં કન્ટેન્ટને હટાવવા માટે હૈદરાબાદમાં સાઈબરક્રાઈમ ઓથોરિટી સમક્ષ ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદની સાથે ટીમે વાંધાજનક સામગ્રીના સ્ક્રિનશોટ્સ પણ સુપરત કર્યા હતા.

રશ્મિકા અને વિજયની ટીમે ચોખવટ કરી હતી કે આ અભિપ્રાય અને ટીકા કરવાની સ્વતંત્રતાને રુંધવાનો પ્રયાસ નથી. આ અભિનેતાની ઈમેજ અને ગૌરવ ને કાયદેસર કાર્યવાહી કરી બચાવવાનો પ્રયાસ છે.

ઈન્સ્ટા પર પણ રશ્મિકા અને વિજયે પોતાની વાત માંડીને રજૂ કરી હતી. રશ્મિકાએ જણાવ્યું હતું કે મને મારા માણસનું વળગણ છે પણ આ બાબત ક્યારથી ખરાબ બની ગઈ છે?

રશ્મિકાએ આ વાતમાં તેના પરિવારની ટીકા કરવામાં આવી તેની સામે વિરોધ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે મારી અંગત લાઈફની ટીકા કરવા માટે જે લોકો આ સંવાદનો હિસ્સો નથી તેમની ટીકા કરી તેમને તેમાં ઘસડવા યોગ્ય નથી.



પ્રભાસની 'ફૌજી'ના ટીઝર પર વિવાદ વકર્યો: કાર્યવાહીની માંગ

નેતાજી સુભાષચંદ્ર બોઝના પરિવારજને અશ્વિની વૈષ્ણવને પત્ર લખી કાર્યવાહીની માગ કરી

મુંબઇ

દક્ષિણ ભારતીય સિનેમાના સુપરસ્ટાર પ્રભાસની આગામી ફિલ્મ 'ફૌજી'નું ટીઝર રિલીઝ થતાં જ વિવાદ ઊભો થયો છે. સ્વાતંત્ર્ય સેનાની નેતાજી સુભાષચંદ્ર બોઝના પરિવારના સભ્ય ચંદ્રકુમાર બોઝે ટીઝરમાં ઐતિહાસિક તથ્યોને કથિત રીતે વિકૃત કરીને રજૂ કરવામાં આવ્યા હોવાનો આક્ષેપ કર્યો છે. તેમણે કેન્દ્રીય માહિતી અને પ્રસારણ પ્રધાન અશ્વિની વૈષ્ણવને પત્ર લખીને ટીઝર હટાવવા અને આ મામલે કડક કાર્યવાહી કરવાની માગ કરી છે. આ વિવાદને કારણે ફિલ્મની રજૂઆત પહેલાં જ તેની ચર્ચા ચાલી રહી છે. ચંદ્રકુમાર બોઝ પશ્ચિમ બંગાળમાં ભાજપના પૂર્વ ઉપાધ્યક્ષ અને સામાજિક-રાજકીય કાર્યકર છે. તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર કેન્દ્રીય પ્રધાનને લખેલા પત્રની નકલ પણ શેર કરી હતી. પત્રમાં તેમણે સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન (CBFC) એટલે કે સેન્સર બોર્ડની ભૂમિકા પર સવાલ ઉઠાવતાં પૂછ્યું હતું કે આટલી વાંધાજનક સામગ્રીને મંજૂરી કેવી રીતે આપવામાં આવી? તેમણે સમગ્ર મામલાની તપાસ કરાવવા અને ટીઝરને મંજૂરી આપનારા જવાબદાર અધિકારીઓ સામે કડક કાર્યવાહી કરવાની માગ કરી છે. વિવાદનું મુખ્ય કારણ 'ફાઈલ નંબર 25' નામનો ટીઝર વીડિયો છે, જે 23 ઑક્ટોબર 2026ના રોજ પ્રભાસના 47મા જન્મદિવસ નિમિત્તે રિલીઝ કરવામાં આવ્યો હતો. ટીઝરની વાર્તા વર્ષ 1942ના બર્લિનની પૃષ્ઠભૂમિમાં શરૂ થાય છે, જેમાં નેતાજી સુભાષચંદ્ર બોઝને જર્મન તાનાશાહ એડોલ્ફ હિટલર સાથે મુલાકાત કરતા દર્શાવવામાં આવ્યા છે. દશ્યમાં નેતાજી બ્રિટિશ શાસન સામે ભારતની લડાઈ માટે સહયોગ મેળવવા હિટલરને મળે છે અને પ્રભાસના કાલ્પનિક પાત્ર 'ફૌજી'નો પરિચય કરાવે છે. ટીઝરમાં દર્શાવવામાં આવેલા સંવાદો પણ વિવાદનું કારણ બન્યા છે. તેમાં હિટલર ભારતીયો વિદેશી શાસન હેઠળ રહેવા ટેવાયેલો હોવાની વાત કરે છે.

હોલિવૂડમાં ગુંજ્યા 'જય શ્રીરામ'ના નારા! લોસ એન્જલસમાં 'રામાયણ'નું ભવ્ય પ્રીમિયર

મુંબઇ

ભારતીય સિનેમાની મહત્વાકાંક્ષી ફિલ્મ 'રામાયણ: રાઈઝ ઑફ અ લેજન્ડ'નું ભવ્ય વર્લ્ડ પ્રીમિયર અમેરિકાના લોસ એન્જલસમાં યોજાયું હતું. 27 ઑક્ટોબર, 2026ના રોજ યોજાયેલા આ ખાસ કાર્યક્રમમાં ફિલ્મના મુખ્ય કલાકારો રણબીર કપૂર, સાઈ પલ્લવી અને યશ સહિત દિગ્દર્શક નિતેશ તિવારી તથા નિર્માતા નમિત મલ્હોત્રા ઉપસ્થિત રહ્યા હતા. હોલિવૂડની ધરતી પર ભારતીય મહાકાવ્યને રજૂ કરતા આ કાર્યક્રમના વીડિયો અને તસવીરો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યાં છે. ખાસ વાત એ રહી કે કાર્યક્રમ દરમિયાન ચાહકોએ 'જય શ્રીરામ'ના

નારા લગાવી વાતાવરણને ઉત્સાહભર્યું બનાવી દીધું હતું. લોસ એન્જલસના ડેવિડ ગેફન થિયેટરમાં આ ખાસ પ્રીમિયર યોજાયું હતું. આમંત્રણના આધારે પ્રવેશ ધરાવતા આ કાર્યક્રમમાં ફિલ્મનું 3D સ્ક્રીનિંગ રાખવામાં આવ્યું હતું. થિયેટરમાં કુલ 945 લોકોની બેઠક ક્ષમતા છે. હોલિવૂડની હસ્તીઓ, ફિલ્મ નિર્માતાઓ, આંતરરાષ્ટ્રીય મીડિયા પ્રતિનિધિઓ અને ફિલ્મ ઉદ્યોગ સાથે જોડાયેલા મહેમાનોની હાજરીએ કાર્યક્રમને આંતરરાષ્ટ્રીય ઓળખ આપી હતી. દિવાળીના તહેવારને ધ્યાનમાં રાખીને મહેમાનોને ભારતીય પરંપરાગત પોશાકમાં આવવા માટે પણ પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. ભગવાન શ્રીરામની ભૂમિકા ભજવી રહેલા રણબીર કપૂરે સિલ્વર રંગના ચમકદાર પોશાકમાં રેડ કાર્પેટ પર એન્ટ્રી કરી હતી. તેણે ફોટોગ્રાફરો સામે પોઝ આપવાની સાથે ચાહકોનું અભિવાદન પણ ઝીલ્યું હતું. બીજી તરફ, રાવણની ભૂમિકામાં જોવા મળનાર યશ ઓલ-બ્લેક લુકમાં નજરે પડયો હતો. તે પોતાની સાથે પત્ની અને અભિનેત્રી રાધિકા પંડિતને પણ કાર્યક્રમમાં લાવ્યો હતો. રાધિકા લીલા અને સોનેરી રંગની સિલ્ક સાડીમાં આકર્ષક લાગી રહી હતી. રણબીર અને યશ વચ્ચે રેડ કાર્પેટ પર થયેલી મુલાકાત અને હૂંફભરી ભેટ પણ ચર્ચાનું કેન્દ્ર બની હતી.

ડોપિંગ બેન બાદ તણાવમાં હોવાનો દાવો!

3 ગોલ્ડ મેડલ જીતનારા ભારતીય ચેમ્પિયન નીરજ યાદવે જીવન ટૂંકાવ્યું

મુંબઇ

ભારતીય ખેલ જગતમાં શોકનો માહોલ છવાયો છે. 3 વખત એશિયન પેરા ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીતનાર દિગ્ગજ પેરા એથ્લેટ નીરજ યાદવે 42 વર્ષની વયે દિલ્હીમાં પોતાના ઘરે કથિત રીતે ઝેર ખાઈ આત્મહત્યા કરી લીધી છે. ડોપિંગ સસ્પેન્શનને કારણે તેઓ તાજેતરમાં એશિયન પેરા ગેમ્સમાં ભાગ લઈ શક્યા ન હતા, જેનાથી તેઓ તણાવમાં હોવાનું મનાય છે. તેમના મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું છે. ભારતીય ખેલ જગત માટે એક અત્યંત આઘાતજનક અને હૃદયદ્રાવક સમાચાર સામે આવ્યા છે. એશિયન પેરા ગેમ્સમાં દેશ માટે 3 ગોલ્ડ મેડલ જીતનારા દિગ્ગજ ભારતીય પેરા એથ્લેટ નીરજ યાદવનું 42 વર્ષની વયે અવસાન થયું છે. સમાચાર એજન્સી પીટીઆઈના અહેવાલ મુજબ, નીરજે કથિત રીતે પોતાના ઘરે ઝેર ખાઈ લીધું

હતું. બુધવારે દિલ્હીની એક હોસ્પિટલમાં તેમના મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું હુત. જોકે, તેમના મોતના ચોક્કસ સંજોગો અંગે હજુ સ્પષ્ટ તપાસ ચાલી રહી છે. ભારતીય પેરા એથ્લેટિક્સ ટીમના હેડ કોચ એસ. સત્યનારાયણે આ કરુણ ઘટનાની સત્તાવાર પુષ્ટિ કરી છે. તેમણે જણાવ્યું કે તેમને આ દુર્ભાગ્યપૂર્ણ ઘટનાની માહિતી મળી છે. ઘટના અંગે ઊંડો શોક વ્યક્ત કરતાં સત્યનારાયણે જણાવ્યું કે, નીરજે જીવન ટૂંકાવ્યું કરી છે. આવું બન્યું તે અત્યંત દુર્ભાગ્યપૂર્ણ છે.રિપોર્ટ મુજબ, નીરજ ચાલુ મહિને આઈચી-નાગોયા ખાતે યોજાયેલી એશિયન પેરા ગેમ્સમાં ભાગ લઈ શક્યા નહોતા. ડોપિંગ સસ્પેન્શનના કારણે તેમને સ્પર્ધામાંથી બહાર રહેવું પડ્યું હતું. એવું જણાવવામાં આવી રહ્યું છે કે આ સસ્પેન્શન બાદ તેઓ ભારે ભાવનાત્મક અને માનસિક તણાવમાંથી પસાર થઈ રહ્યા હતા. જોકે, તેમના આ આત્યંતિક પગલાં પાછળનું સચોટ કારણ હજુ સ્પષ્ટ થઈ શક્યું નથી. હેડ કોચ સત્યનારાયણે જણાવ્યું કે તેઓ નીરજના આ પગલાં પાછળના સચોટ કારણો અંગે કોઈ અટકળો લગાવવા માંગતા નથી. એક ખેલાડીએ જીવનમાં મળતી સફળતા અને નિષ્ફળતા બંને પરિસ્થિતિઓનો સામનો સંતુલિત મન સાથે કરવો જોઈએ.

અંડર-19 મહિલા ક્રિકેટમાં 1 રનને લઈને વિવાદ

રાંચી

અંડર-19 મહિલા ક્રિકેટ ટુર્નામેન્ટમાં ઝારખંડ અને ઉત્તરાખંડ વચ્ચે રમાયેલી મેચમાં સ્કોરિંગને લઈને વિવાદ થયો. ઝારખંડ ક્રિકેટ એસોસિયેશન (JCA)નો આરોપ છે કે ઑફિશિયલ સ્કોરરે ઈનિંગ દરમિયાન બનાવેલો એક રન ટીમના ખાતામાં ઉમેર્યો નહોતો. આ કારણે ઝારખંડની ટીમ 1 રનથી મેચ હારી ગઈ અને ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગઈ. એસોસિયેશને આ મામલે ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)ને લેખિત ફરિયાદ મોકલી છે. ઉત્તરાખંડે 134 રન બનાવ્યા હતા ગયા મંગળવારે રમાયેલી મેચમાં ઉત્તરાખંડે પ્રથમ બેટિંગ કરતાં 6 વિકેટે 134 રન બનાવ્યા હતા. ટાર્ગેટને ચેઝ કરવા ઉતરેલી ઝારખંડની ટીમ છેલ્લા બોલે 133 રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ. સત્તાવાર સ્કોર અનુસાર, ઉત્તરાખંડે આ મેચ 1 રનથી જીતી હતી. ધ ઈન્ડિયન એક્સપ્રેસના અહેવાલ મુજબ, ઝારખંડનો આરોપ છે કે ઈનિંગ્સની 20મી ઓવરના ચોથા બોલ પર બેટર બીજો રન લેવાનો પ્રયાસ કરતાં રનઆઉટ થઈ હતી. આ દરમિયાન બેટર પહેલો રન પૂરો કરી ચૂકી હતી, પરંતુ ઑફિશિયલ સ્કોરરે રનઆઉટ તો નોંધ્યો, પરંતુ પૂરો કરેલો પહેલો રન ટીમના સ્કોરમાં ઉમેર્યો નહીં. JCA મુજબ, મેદાનના બીજા છેડે લગાવવામાં આવેલા સ્કોરબોર્ડ પર દરેક બોલ પછી સ્કોર અપડેટ થઈ રહ્યો હતો અને તેમાં આ રન ઉમેરવામાં આવ્યો હતો. જોકે, મુખ્ય સ્કોરરના રેકોર્ડમાં રન ઉમેરાયો ન હતો. ખેલાડીઓને લાગ્યું કે મેચ ટાઈ થઈ ગઈ ઝારખંડના ખેલાડીઓને સ્કોરબોર્ડ પર દેખાતા સ્કોરના આધારે લાગ્યું કે ટીમને જીતવા માટે વધુ 2 રન અને મેચ ટાઈ કરવા માટે 1 રનની જરૂર છે. છેલ્લી બોલ પર ટીમે 1 રન બનાવ્યો.

16 વર્ષ જૂનો કેમાર રોચનો રેકોર્ડ તોડ્યો

T20I ઈતિહાસની સૌથી મોંઘી પહેલી ઓવર, જૈકબ ડફીના નામે નોંધાયો અનિચ્છનીય રેકોર્ડ

મુંબઇ

ન્યુઝીલેન્ડ સામેની ત્રીજી T20 મેચમાં ભારતીય ટીમે ઓપનિંગ જોડીમાં ફેરફાર કર્યો હતો. સંજુ સેમસનની જગ્યાએ અભિષેક શર્મા અને વૈભવ સૂર્યવંશી ઓપનિંગમાં ઉતર્યા હતા. ભારતીય ઓપનરોએ પહેલી જ ઓવરમાં 26 રન ઝૂડી કાઢીને વિસ્ફોટક શરૂઆત કરી હતી. આ સાથે ન્યુઝીલેન્ડના બોલર જૈકબ ડફીએ T20 ઈન્ટરનેશનલ ક્રિકેટમાં ઈનિંગ્સની સૌથી મોંઘી પહેલી ઓવર ફેંકવાનો સંયુક્ત વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો. તેણે 16 વર્ષ જૂનો કેમાર રોચનો રેકોર્ડ તોડ્યો. ન્યુઝીલેન્ડ સામેની ત્રીજી T20

મેચમાં ભારતીય ટીમે પોતાની ઓપનિંગ જોડીમાં મોટો ફેરફાર કર્યો હતો. સંજુ સેમસનની જગ્યાએ અભિષેક શર્મા સાથે યુવા બેટ્સમેન વૈભવ સૂર્યવંશી ઓપનિંગમાં ઉતર્યો હતો. ન્યુઝીલેન્ડે બોલિંગની શરૂઆત ઝડપી બોલર જૈકબ ડફી પાસે કરાવી હતી.

ભારતીય ઓપનરોએ પહેલી જ ક્ષણથી આક્રમક વલણ અપનાવ્યું અને ડફીની આ પહેલી જ ઓવરમાં 26 રન ઝૂડી કાઢીને વિસ્ફોટક શરૂઆત કરી હતી. T20 ઈન્ટરનેશનલ ક્રિકેટમાં ઈનિંગ્સની સૌથી મોંઘી પહેલી ઓવર ફેંકવાનો આ સંયુક્ત વર્લ્ડ રેકોર્ડ બની ગયો છે. આ પહેલા 2023માં જિબ્રાલ્ટર સામે માલ્ટાના બોલર વરુણ થામોથરમે પણ પહેલી ઓવરમાં 26 રન આપ્યા હતા, અને હવે જૈકબ ડફીનું નામ પણ આ યાદીમાં જોડાઈ ગયું છે.

અભિષેક, તમે શાનદાર રમ્યા, પરંતુ મારો રેકોર્ડ તૂટ્યો નથી: યુવરાજ

યુવરાજ સિંહની રમૂજી પોસ્ટ, લખ્યું- હું પણ 30 બોલમાં સદી ફટકારી શક્યો નહોતો

મુંબઇ

પૂર્વ ભારતીય ક્રિકેટર યુવરાજ સિંહે અભિષેક શર્માને લઈને સોશિયલ મીડિયા પર મજાકિયા અંદાજમાં પોસ્ટ કરી છે. યુવરાજે લખ્યું- તમે હજુ પણ 12 બોલમાં 50 રન બનાવી શકતા નથી. ખરું ને અભિષેક શર્મા? એવું લાગી રહ્યું છે જાણે બે ડાબોડી બેટર્સ પોતાના ઘરે રમી રહ્યા હોય. ન્યૂઝીલેન્ડ સામેની ત્રીજી T20માં અભિષેકે 38 બોલમાં 113 રનની ઈનિંગ્સ રમી. સૂર્યવંશીએ પણ 19 બોલમાં 45 રન બનાવ્યા. તેના કારણે ભારતે 199 રનનો ટાર્ગેટ 13.2 ઓવરમાં 4 વિકેટ ગુમાવીને ચેઝ કરી લીધો. મેચ બાદ યુવરાજે 2 પોસ્ટ કરી. તેણે અભિષેક અને વૈભવ સૂર્યવંશીના વખાણ કર્યા.

સાથે જ લખ્યું કે 30 કે 34 બોલમાં સદી હું પણ ફટકારી શક્યો નથી. યુવરાજે કહ્યું- વૈભવ-અભિષેકની જોડી ખતરનાક યુવરાજે અભિષેકને શાનદાર ઈનિંગ માટે અભિનંદન પાઠવ્યા અને મજાકિયા અંદાજમાં કહ્યું કે તેણે સિંગલ રન પણ લીધા. યુવરાજે આવું એટલા માટે કહ્યું કારણ કે અભિષેક પોતાની સિક્સર હિટિંગ માટે ઓળખાય છે. યુવરાજે વૈભવ અને અભિષેકની જોડીને અત્યંત ખતરનાક ગણાવી. યુવરાજે સંજુ સેમસનને ટીમ મેન ગણાવ્યો, જે નંબર-3 પર બેટિંગ કરવા ઉતર્યો હતો. અભિષેકે મેચ પછી કહ્યું કે 12 બોલમાં 50 રન બનાવવા બિલકુલ સરળ નથી. આવું ક્યારેક જ થાય છે. તેણે કહ્યું કે બેટર મેદાન પર કોઈ રેકોર્ડ માટે નહીં, પરંતુ ટીમને મેચ જીતાડવાના ઈરાદા સાથે ઉતરે છે. અભિષેકે વૈભવ સૂર્યવંશી સાથે પોતાની ઓપનિંગ ભાગીદારી વિશે કહ્યું કે બંનેનો પ્લાન પાવરપ્લેમાં ખુલીને બેટિંગ કરવાનો હતો. બંનેએ પ્રથમ 6 ઓવરમાં એકપણ વિકેટ ગુમાવ્યા વિના 118 રન બનાવ્યા.

બીજી સૌથી મોટી કંપની બની

જિયો પ્લેટફોર્મ્સનો શેર ₹1,358 પર લિસ્ટ, એરટેલને પાછળ છોડ્યું

મુંબઇ

જિયો પ્લેટફોર્મ્સનો શેર 1,358 પર લિસ્ટ થયો છે, જે તેના 1,119ના ઈશ્યૂ પ્રાઈસ કરતાં 21% વધારે છે. રિલાયન્સ બાદ તે માર્કેટ કેપિટલાઈઝેશનના આધારે દેશની બીજી સૌથી મોટી કંપની બની ગઈ છે. તેનું માર્કેટ કેપ 12.50 લાખ કરોડ રૂપિયા થઈ ગયું છે. રિલાયન્સનું માર્કેટ કેપ 15.99 લાખ કરોડ રૂપિયા છે. જ્યારે એરટેલનું માર્કેટ કેપ 12.10 લાખ કરોડ રૂપિયા છે.

લિસ્ટિંગ બાદ કંપનીના શેર વેચવા કે હોલ્ડ કરવા? માર્કેટ નિષ્ણાતોના જણાવ્યા મુજબ, જો તમે માત્ર લિસ્ટિંગ ગેઈન માટે રોકાણ કર્યું છે, તો લિસ્ટિંગના દિવસે નફો વસૂલવો યોગ્ય સ્ટ્રેટેજી રહેશે. જ્યારે લાંબા ગાળાના રોકાણકારોને શેરને પોર્ટફોલિયોમાં હોલ્ડ કરવાની સલાહ આપવામાં આવે છે. નિષ્ણાતોને આશા છે કે કંપનીનો શેર થોડા સમયમાં 1,500થી 1,800 સુધી જઈ શકે છે. માર્કેટ નિષ્ણાતો અનુસાર, લિસ્ટિંગના દિવસે શરૂઆતમાં ભારે ઉતાર-ચઢાવ જોવા મળી શકે છે, તેથી તરત એન્ટ્રી ન લો. જો લિસ્ટિંગ પછી શેરમાં થોડો ઘટાડો (ડિપ) આવે, તો ધીમે-ધીમે શેરની ખરીદી કરવી વધુ સારું રહેશે. શેરની કિંમત, વેલ્યુએશન અને કંપનીના પ્રદર્શનનું મૂલ્યાંકન કર્યા પછી જ રોકાણનો નિર્ણય લો. જિયો પ્લેટફોર્મ્સ આઈપીઓ સમયે 100 અબજ ડૉલરથી વધુના માર્કેટ કેપિટલાઈઝેશન ધરાવતી વિશ્વની માત્ર ચોથી એવી કંપની બની ગઈ છે, જેને તેના સ્થાપક પોતે ચલાવી રહ્યા છે. આ મામલે જિયો હવે મેટા, અલીબાબા અને એલોન મસ્કની સ્પેસએક્સના બિઝનેસ ક્લબમાં સામેલ થઈ ગઈ છે.

'ઈશા દીદીએ બીજ વાવ્યું, આકાશભૈયાએ પોતાનું સપનું બનાવ્યું

અનંતની ઈમોશનલ સ્પીચમાં પિતા મુકેશ અંબાણી રડી પડ્યા

મુંબઇ

જિયો પ્લેટફોર્મ્સની શેરબજારમાં આઈપીઓ લિસ્ટિંગ સેરેમની અંબાણી પરિવાર માટે માત્ર એક મોટી બિઝનેસ સિદ્ધિ જ નહીં, પરંતુ ભાવનાઓનો એક અનોખો સંગમ બની રહી હતી. આ ઐતિહાસિક અવસર પર અનંત અંબાણીએ આપેલા હૃદયસ્પર્શી સંબોધણે સૌનું ધ્યાન ખેંચ્યું હતું, જેમાં તેમણે વ્યવસાયને પૂજા અને આરાધના સાથે સરખાવ્યો હતો. અનંતે જિયોની આ સફળતાનો પૂરો શ્રેય દેશવાસીઓના અખૂટ વિશ્વાસને આપતાં કહ્યું કે, એક્સચેન્જની ઘંટડી તેમના માટે મંદિરની ઘંટડી સમાન છે અને જિયોને દેશની જનતા સાથે વહેંચવું એ 'પ્રસાદ' વહેંચવા જેવું પવિત્ર કામ છે. પિતા

મુકેશ અંબાણીના ભારતને આગળ વધારવાના સપનાનો ઉલ્લેખ કરતી વખતે અનંતના આ શબ્દો સાંભળીને મુકેશ અંબાણી પોતે પણ ભાવુક થઈ ગયા હતા, જે આ સમગ્ર સેરેમનીની સૌથી ચર્ચિત ક્ષણ બની ગઈ હતી. અંતમાં અનંતે આકાશ અને ઈશા અંબાણી સાથે મળીને એક સંયુક્ત સંકલ્પ સાથે આગળ વધવાની અને દેશ માટે પ્રતિબદ્ધ રહેવાની મજબૂત ખાતરી આપી હતી. જામનગરની ઉજ્જડ જમીન પર દુનિયાની સૌથી મોટી રિફાઈનરી ઊભી કરીને બતાવ્યું. તેમણે કરી બતાવ્યું કે જ્યારે ભારત બનાવે છે તો દુનિયા જોવે છે. પછી આવ્યું નવું ભારત, યુવા ભારત, એક નવું ભારતનું સપનું. દરેક હાથમાં ઈન્ટરનેટનું સપનું. દરેક ગામમાં દુનિયાના આ સપનાનું નામ હતું જિયો, આ સપનાના બીજને ઈશા દીદીએ વાવ્યું અને આકાશ ભાઈએ આ બીજને પોતાનું સપનું બનાવ્યું. જિયોને આખા દેશે દુઆ આપી. માતાએ કહ્યું જીઓ મેરે લાલ, દાદીએ કહ્યું જુગ જુગ જીઓ. અને મિત્રોએ કહ્યું, જીઓ યાર...

અજાણ્યા ગ્રુપ્સથી દૂર રહેવા સેબીએ જણાવ્યું

વૉટ્સએપ પર શેર્સની ટિપ્સ આપનારા તત્ત્વોથી રોકાણકારો ચેતીને દૂર રહે: SEBIનું એલર્ટ

અજાણ્યા વ્યક્તિઓ કે વિદેશી નંબરોથી ચાલતા ઈન્વિટેશન-ઓન્લી વૉટ્સએપ ગ્રુપ્સમાંથી તરત બહાર નીકળી જવું. નકલી ટ્રેડ કન્ફર્મેશન કે પ્રોફિટના સ્ક્રીનશોટ જોઈને લાલચમાં ન આવવું.

મુંબઇ

સેબીએ 22 ઓક્ટોબર, 2026ના રોજ રોકાણકારો માટે મહત્વપૂર્ણ અપીલ કરી છે. સેબીએ વોટ્સએપ ગ્રુપ્સ દ્વારા અપાતી ગેરકાયદેસર સ્ટોક ટિપ્સ સામે ચેતવણી આપી છે. આવા ગ્રુપ્સ નાણાકીય છેતરપિંડી આચરી રહ્યા છે. સેબીએ રોકાણકારોને માત્ર રજિસ્ટર્ડ સલાહકારો પાસેથી જ સલાહ લેવા અને અજાણ્યા ગ્રુપ્સથી દૂર રહેવા જણાવ્યું છે. આ પગલું સામાન્ય રોકાણકારોને છેતરપિંડીથી બચાવશે. માત્ર આમંત્રણથી વૉટ્સએપ ગ્રુપમાં આમંત્રણ આપીને જોડાતા અને ગેરકાયદેસર રીતે સ્ટોક ટિપ્સ આપતા વૉટ્સએપ ગ્રુપ્સ એક પ્રકારની નાણાકીય છેતરપિંડી છે, એમ બજાર નિયામક સેબી-સિક્યોરીટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયાએ 22

ઓક્ટોબર, 2026ના બહાર પાડેલી મહત્ત્વપૂર્ણ અપીલ જાહેર કર્યું છે. સેબીના આ નિર્ણયની સીધી અસર શેરબજારમાં રોકાણ કરતા સામાન્ય અને નવા રોકાણકારો પર પડશે. આ રોકાણકારો સોશિયલ મીડિયા પર મળતી ફ્રી ટિપ્સ કે ટ્રેડિંગ ટિપ્સને આધારે જ રોકાણ કરીને પોતાની મૂડી જોખમમાં મૂકે છે. તેથી સેબીના આ નિર્ણયની મોટી અસર વિદેશી નંબરો પરથી ચલાવવામાં આવતી ગેરકાયદેસર એડવાઈઝરી સંસ્થાઓ કે નકલી એક્સપર્ટ્સ પર પડશે. સેબીના આ પગલાથી સામાન્ય રોકાણકારોને વૉટ્સએપ ગ્રુપની જાળમાંથી બચવામાં મદદ મળશે. તેમ જ રોકાણકારોને માત્ર સેબીમાં રજિસ્ટર થયેલા સલાહકારોના માધ્યમથી જ રોકાણ કરવા અંગેના નિર્ણયો લેવા તરફ જવાની પ્રેરણા મળશે.

સેબીએ જણાવ્યું છે કે આ ગેરકાયદેસર ઓપરેટરો પોતાના ગ્રુપને સાચું અને રોકાણકારોને ફાયદો કરાવતા ગ્રુપ તરીકે પ્રસ્થાપિત કરવા માટે કૃત્રિમ માહોલ ઊભો કરે છે. તેઓ ચોક્કસ સભ્યોના માધ્યમથી નકલી પ્રોફિટ ક્લેમ- નફાના ખોટા સ્ક્રીનશોટ મુકાવડાવે છે. તેમ જ પોતાના ગ્રુપની પ્રશંસા કરાવતા મેસેજ કરાવે છે. આ યુક્તિને ટેકનિકલ ભાષામાં એસ્ટ્રોટર્ફિંગ તરીકે ઓળખાવવામાં આવે છે. તેનાથી છેતરાઈને નવા રોકાણકારો ટ્રેડિંગ શરુ કરી દે છે. સેબી જ્યારે કોઈ ગ્રુપ પર પ્રતિબંધ મૂકે કે તેના કામકાજને સસ્પેન્ડ કરી દે છે ત્યારે ઓપરેટરો નવા નંબરથી મેસેજ મોકલીને એવો દાવો કરે છે કે સોશિયલ મીડિયા પ્લેટફોર્મના નિયમોના કારણે જૂનું ગ્રુપ બંધ કરવામાં આવ્યું છે.

નાની NBFC માટે ભંડોળ એકત્ર કરવું મુશ્કેલ બન્યું

- **મોટી NBFC પાસે બેંકો અને અન્ય નાણાકીય બજારોમાંથી ભંડોળ એકત્ર કરવા માટે બહુવિધ વિકલ્પો તેનાથી વિપરીત, નાની NBFC પાસે મર્યાદિત વિકલ્પ**

મુંબઇ

નોન-બેંકિંગ નાણાકીય કંપનીઓ (એનબીએફસી) ભારતમાં મોટી સંખ્યામાં લોકોને લોન પૂરી પાડે છે, ખાસ કરીને એવા ગ્રાહકોને જે બેંકો પાસેથી સરળતાથી લોન મેળવી શકતા નથી. જો કે, નાની એનબીએફસી હવે ભંડોળ એકત્ર કરવામાં નોંધપાત્ર પડકારનો સામનો કરી રહી છે. જ્યારે મોટી કંપનીઓ વિવિધ માધ્યમો દ્વારા ભંડોળ એકત્ર કરી રહી છે, ત્યારે નાની અને મધ્યમ કદની કંપનીઓ માટે આમ કરવું વધુને વધુ મુશ્કેલ બની રહ્યું છે. આ ક્ષેત્રના જાણકાર વર્તુળોએ જણાવ્યું હતું કે જ્યારે ભારતમાં મોટી એનબીએફસીને ભંડોળ એકત્ર કરવામાં મુશ્કેલી પડી રહી છે, ત્યારે નાની કંપનીઓ તેમના વ્યવસાયો ચલાવવા અને વિસ્તૃત કરવા માટે ભંડોળ એકત્ર કરવામાં બહુ મોટા પડકારોનો સામનો કરી રહી છે. મોટી એનબીએફસી પાસે બેંકો અને અન્ય નાણાકીય બજારોમાંથી ભંડોળ એકત્ર કરવા માટે બહુવિધ વિકલ્પો છે. તેનાથી વિપરીત, નાની અને મધ્યમ કદની કંપનીઓને જરૂરી ભંડોળ એકત્ર કરવામાં મુશ્કેલીનો સામનો કરવો પડે છે. આનું એક કારણ આ કંપનીઓનું ક્રેડિટ રેટિંગ છે. નબળા રેટિંગ નાની કંપનીઓ માટે બજારમાંથી ભંડોળ એકત્ર કરવાનું મુશ્કેલ બનાવે છે. નાની કંપનીઓએ શરૂઆતમાં ચોક્કસ પ્રકારના ધિરાણ વ્યવસાય પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ અને અન્ય ધિરાણ સંસ્થાઓ સાથે સહયોગમાં પણ કામ કરવું જોઈએ.

દિવાળી ટાણે જ અમદાવાદવાસીઓના સ્વાસ્થ્ય સાથે ખેલ

ગોમતીપુરની 'રજવાડી સ્વીટ'માં હેલ્થ વિભાગના સપાટાથી ખળભળાટ

તબીબી નિષ્ણાતોના મતે, બજારમાં વેચાતો અશુદ્ધ અને નકલી માવો માનવ સ્વાસ્થ્ય માટે અત્યંત ઘાતક સાબિત થઇ શકે છે, આવા નકલી ખાધ પદાર્થોના સેવનથી ગંભીર પ્રકારનું ફૂડ પોઇઝનિંગ થવાનું જોખમ અનેકગણું વધી જાય છે

અમદાવાદ

તહેવારોની સિઝનમાં લોકો મીઠાઈઓ ખરીદીને પોતાના પરિવારજનોના મોં મીઠા કરતા હોય છે, પરંતુ તે જ મીઠાઈઓ જો ઝેર સાબિત થાય તો? હા, દિવાળીના પર્વને આડે હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે અમદાવાદ શહેર મ્યુનિસિપલ કોર્પોરેશનના હેલ્થ વિભાગે લાલ આંખ કરી છે. શહેરના ગોમતીપુર વિસ્તારમાં આવેલી 'રજવાડી સ્વીટ' નામની પેઢી પર હેલ્થ વિભાગની ટીમે ત્રાટકીને મોટા પાયે દરોડા પાડ્યા છે. અહીં વેચાણ અર્થે રાખવામાં આવેલા અને કોલ્ડ સ્ટોરેજમાં છૂપાવીને રાખવામાં આવેલા માવાની ગુણવત્તા શંકાસ્પદ જણાતા તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે જથ્થો સીલ કરી દેવામાં આવ્યો છે અને તેના સેમ્પલ લેબોરેટરીમાં મોકલી આપવામાં આવ્યા છે. મળતી માહિતી મુજબ, હેલ્થ વિભાગની ખાસ ટીમે ગોમતીપુર સ્થિત 'રજવાડી સ્વીટ' પર અચાનક ચેકિંગ હાથ ધર્યું હતું. દુકાનની અંદર તપાસ કરતાં પાછળ આવેલા કોલ્ડ સ્ટોરેજમાં શંકાસ્પદ હાલતમાં માવાનો મોટો જથ્થો સંગ્રહિત કરવામાં આવ્યો હોવાનું ધ્યાને આવ્યું હતું. દિવાળીના તહેવારોમાં ભારે માંગને પહોંચી વળવા માટે આ માવો અગાઉથી કેટલા સમયથી તૈયાર કરીને રાખવામાં આવ્યો હતો અને તેમાં કયા પ્રકારની સામગ્રી વાપરવામાં આવી હતી તે અંગે ભારે રહસ્ય સર્જાયું છે. અધિકારીઓએ પ્રાથમિક તપાસમાં જ આ માવો શંકાસ્પદ લાગતા તેને તાત્કાલિક ધોરણે સીલ કરી દીધો હતો.

તહેવારોમાં વધુ નફો કમાવવાની લ્હાયમાં બુટલેગરો અને અનીતિમંદ વેપારીઓ દ્વારા લોકોના જીવન સાથે ચેડાં કરવામાં આવતા હોય છે. ગોમતીપુરની આ પેઢીમાં પણ માવા અંદર કોઈ અખાદ્ય પદાર્થો, સ્ટાર્ચ કે હાનિકારકમિકનિકલ પદાર્થોની ભેળસેળ કરવામાં આવી છે કે કેમ, તે દિશામાં સઘન તપાસ શરૂ કરાઈ છે. માવાની શુદ્ધતા ચકાસવા માટે લેબોરેટરીમાં સેમ્પલ ટેસ્ટિંગ માટે મોકલાયા છે, જેના રિપોર્ટ આવ્યા બાદ જ ભેળસેળનું અસલી કાળું સાચું બહાર આવશે. તબીબી નિષ્ણાતોના મતે, બજારમાં વેચાતો અશુદ્ધ અને નકલી માવો માનવ સ્વાસ્થ્ય માટે અત્યંત ઘાતક સાબિત થઈ શકે છે. આવા નકલી ખાદ્ય પદાર્થોના સેવનથી ગંભીર પ્રકારનું ફૂડ પોઈઝનિંગ થવાનું જોખમ અનેકગણું વધી જાય છે. આ માવો ખાવાથી નાગરિકોને પેટમાં ભારે દુખાવો, સતત ઊલટીઓ, ઝાડા અને ચક્કર આવવા જેવી ગંભીર શારીરિક તકલીફો થઈ શકે છે. એટલું જ નહીં, જો આ માવામાં કોઈ અત્યંત હાનિકારક રસાયણો કે કેમિકલ રંગોની ભેળસેળ નીકળે, તો તે સીધી જ માનવીની કિડની અને લીવરને કાયમ માટે નુકસાન પહોંચાડી શકે છે.

રાધિકા ફૂડ પ્રોડક્ટ્સના કોલ્ડ સ્ટોરેજ પર ફૂડ વિભાગના સપાટાથી ખળભળાટ

અંદાજે 40,000 કિલો શંકાસ્પદ અને અખાદ્ય માવો ઝડપાયો!

દિવાળીના પાવન તહેવારો અને મીઠાઈઓની મોસમ હવે પૂરબહારમાં ખીલી છે, ત્યારે નાગરિકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતું એક અત્યંત ચોંકાવનારું અને ઘાતક કારસ્તાન પ્રકાશમાં આવ્યું છે. અમદાવાદ શહેરમાં ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા તહેવારો અગાઉ હાથ ધરવામાં આવેલી સૌથી મોટી કાર્યવાહીમાં, 'રાધિકા ફૂડ પ્રોડક્ટ્સ' નામના નામાંકિત એકમો અને તેના કોલ્ડ સ્ટોરેજમાંથી અંદાજે ૪૦,૦૦૦ કિલોગ્રામ (૪૦ ટન) જેટલો વિશાળ અને શંકાસ્પદ માવાનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો છે. એકસાથે આટલી મોટી માત્રામાં શંકાસ્પદ માવો મળી આવતા સમગ્ર અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ તેમજ વેપારી આલમમાં ભારે ભાગદોડ મચી ગઈ છે. મળતી સત્તાવાર વિગતો અનુસાર, તહેવારોમાં બજારમાં મીઠાઈઓની ભારે માંગને પહોંચી વળવા માટે મોટા પાયે ભેળસેળયુક્ત અથવા હાનિકારક પદાર્થો સંગ્રહિત કરવામાં આવતા હોવાની બાતમીના આધારે ફૂડ વિભાગની ટીમોએ અમદાવાદમાં અલગ-અલગ જગ્યાએ તૂટી પડી હતી. આ દરમિયાન જ્યારે રાધિકા ફૂડ પ્રોડક્ટ્સના કોલ્ડ સ્ટોરેજ પર દરોડો પાડવામાં આવ્યો, ત્યારે અંદરનો નજારો જોઈને અધિકારીઓના પણ હોશ ઉડી ગયા હતા. અહીં ઠેર-ઠેર હજારો કિલોગ્રામ માવો શંકાસ્પદ હાલતમાં ભરેલો પડ્યો હતો, જેની ગુણવત્તા અત્યંત શંકાસ્પદ જણાતી હતી. માત્ર માવો જ નહીં, પરંતુ તંત્ર દ્વારા સાવચેતીના ભાગરૂપે આ ફેક્ટરી અને સંકુલમાંથી વેચાણ અર્થે તૈયાર રાખવામાં આવેલી વિવિધ પ્રકારની મીઠાઈઓ તેમજ ફરસાણના પણ રેન્ડમ સેમ્પલ (નમૂના) એકત્રિત કરવામાં આવ્યા છે.

સાબરમતી રિવરફ્રન્ટ પર ગુંજ્યો રાષ્ટ્ર, ધર્મ અને અધ્યાત્મનો જયઘોષ

આંતરરાષ્ટ્રીય પુસ્તક મહોત્સવમાં સનાતન સંસ્થાના ભવ્ય ગ્રંથ પ્રદર્શનને મળી રહ્યો છે અપાર પ્રતિસાદ

અમદાવાદ

સાબરમતી રિવરફ્રન્ટના ઈવેન્ટ સેન્ટર ખાતે હાલ ધમધમી રહેલા ભવ્ય "અમદાવાદ આંતરરાષ્ટ્રીય પુસ્તક મહોત્સવ - ૨૦૨૬" માં સંસ્કૃતિ, ધર્મ અને જ્ઞાનના ત્રિવેણી સંગમ સમાન સનાતન સંસ્થા દ્વારા એક વિશેષ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. મહોત્સવના સ્ટોલ નં. સી-૩૫ પર શરૂ થયેલા આ દિવ્ય પ્રદર્શનમાં રાષ્ટ્ર, ધર્મ અને અધ્યાત્મ જાગૃતિના હેતુસર અનેક અમૂલ્ય ગ્રંથો પ્રદર્શિત કરવામાં આવ્યા છે, જેને જોવા અને માણવા માટે નગરજનો મોટી સંખ્યામાં ઉમટી રહ્યા છે.

આ જ્ઞાનવર્ધક અને સંસ્કારસભર પ્રદર્શનની ભવ્ય શરૂઆત સનાતન સંસ્થાના સાધકો દ્વારા શાસ્ત્રોક્ત વિધિ અને અત્યંત ભાવપૂર્ણ વાતાવરણમાં દિપ પ્રજ્વલન કરીને કરવામાં આવી હતી. શરૂઆતથી જ વાચકવર્ગમાં આ સ્ટોલ વિશે ભારે આકર્ષણ જોવા મળી રહ્યું છે.

સનાતન સંસ્થાના આ વિશેષ સ્ટોલ પર આજના યુગની જરૂરિયાત સમાન અનેક વિષયો પર આધારિત સાહિત્ય મુકાયું છે. જેમાં પ્રમુખરૂપે:

સાધના અને અધ્યાત્મ: ઈશ્વર પ્રાપ્તિ અને આંતરિક શાંતિના માર્ગ દર્શાવતા ગ્રંથો. આચારધર્મ અને ધર્મશિક્ષણ: દૈનિક જીવનમાં ધર્મનું આચરણ અને સંસ્કારોનું સિંચન કરતા પુસ્તકો. આયુર્વેદ અને સ્વાસ્થ્ય: કુદરતી ઉપચાર અને દીર્ઘાયુષ્ય માટેના માર્ગદર્શકો. રાષ્ટ્રરક્ષા અને ધર્મજાગૃતિ: દેશપ્રેમ અને રાષ્ટ્રભાવના જગાડતા પ્રેરણાદાયી સાહિત્ય. બાલસંસ્કાર: નાની વયથી જ બાળકોમાં સારા સંસ્કારો અને નૈતિક મૂલ્યોનું સિંચન કરતા વિશિષ્ટ ગ્રંથો.

વટવા SP રિંગ રોડ પરથી 4.96 લાખના મુદ્દામાલ સાથે 9 કિલોથી વધુ ગાંજાનો જથ્થો ઝડપાયો

અમદાવાદ

ગુજરાતમાં નશાનો કારોબાર ચલાવતા તસ્કરો અને બુટલેગરો પર અમદાવાદ શહેર પોલીસે સકંજો વધુ મજબૂત બનાવ્યો છે. શહેરના વટવા વિસ્તારમાં આવેલા રોપડા ચાર રસ્તા પાસે એસ.પી. રિંગ રોડ પરથી પોલીસની ક્રાઈમ બ્રાન્ચ અને વટવા પોલીસે સંયુક્ત બાતમીના આધારે પાંચ લાખ રૂપિયાની કિંમતનો વિપુલ પ્રમાણમાં ગાંજાનો જથ્થો ઝડપી પાડ્યો છે. આ ચોંકાવનારી ઘટનામાં પોલીસે જુનાગઢના બે મુખ્ય આરોપીઓની ધરપકડ કરી લીધી છે, જ્યારે જથ્થો મંગાવનાર માસ્ટરમાઈન્ડ અંધારામાં છૂપાઈને ફરાર થઈ જતા પોલીસ તેની શોધખોળ ચલાવી રહી છે. પોલીસ તપાસમાં બહાર આવેલી વિગતો મુજબ, આ ગેરકાયદેસર અને ઘાતક ગાંજાનો જથ્થો ઓરિસ્સાથી રબીદાસ નામના શખ્સ દ્વારા મોકલવામાં આવ્યો હતો. આંતરરાજ્ય ડ્રગ્સ સિન્ડિકેટના નેટવર્ક હેઠળ ઓરિસ્સાથી આ માલ ગુજરાતમાં ઘુસાડવામાં આવ્યો હતો, જેને અમદાવાદ પહોંચાડવાનું અને આગળ ડિલિવરી કરવાનું કારસ્તાન ચાલી રહ્યું હતું. વટવા પોલીસને મળેલી ચોક્કસ બાતમીના પગલે પોલીસે એસ.પી. રિંગ રોડ પર નાકાબંધી કરી હતી અને શંકાસ્પદ હિલચાલ પર બાજ નજર રાખી હતી. રોપડા ચાર રસ્તા પાસેથી પોલીસે દરોડો પાડીને જુનાગઢના રહેવાસી એવા કરીમશા રફાઈ અને રીઝવાના સેહતા નામના બે ઈસમોને રંગે હાથે ઝડપી લીધા હતા. પોલીસની કડક પૂછપરછમાં સામે આવ્યું કે આ ગાંજો મંગાવનાર મુખ્ય સૂત્રધાર આદિલ સૈયદ અને ફૈઝાન મેમણ નામના શખ્સો છે, જે હાલ પોલીસ પકડથી દૂર ફરાર થઈ ગયા છે. પોલીસે આ તમામ વિરુદ્ધ એન.ડી.પી.એસ. (NDPS) એક્ટ હેઠળ કાયદેસરનો ગુનો દાખલ કરીને આગળની તપાસનો ધમધમાટ શરૂ કરી દીધો છે.

પોલીસે સ્થળ પરથી પકડાયેલા જથ્થાની સઘન તપાસ કરતાં કુલ ૯ કિલો અને ૯૨૦ ગ્રામ જેટલો અખાદ્ય અને નશાકારક ગાંજો મળી આવ્યો હતો, જેની બજાર કિંમત અંદાજે ૪,૯૬,૦૦૦ રૂપિયા આંકવામાં આવી છે. ડ્રગ્સના આ મોટા નેટવર્કના તાર ક્યાં-ક્યાં જોડાયેલા છે અને ગુજરાતમાં આ માલ કોને પહોંચાડવાનો હતો તે દિશામાં વટવા પોલીસે ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરી છે.

ગ્રેનાઈટના ગોડાઉનમાં અચાનક ભયાનક આગ ભપકી ઉઠતા ભારે અફરાતફરી મચી

અમદાવાદના ગોતામાં અગ્નિતાંડવ: ફાયર બ્રિગેડની 4 ગાડીઓ યુદ્ધના ધોરણે બંબામારો કરી આગ પર કાબૂ મેળવવા રવાના!!!

અમદાવાદ

અમદાવાદ શહેરના પોશ અને ધમધમતા ગોતા વિસ્તારમાં આજે અચાનક અગ્નિદેવે રૌદ્ર સ્વરૂપ ધારણ કરતાં અફરાતફરી અને ભયનો માહોલ સર્જાયો છે. ગોતા વિસ્તારમાં આવેલા એક ગ્રેનાઈટના વિશાળ ગોડાઉનમાં અચાનક જ ભયાનક આગ લાગવાની સનસનાટીભરી ઘટના સામે આવી છે. જોતજોતામાં આગના કાળાડીબાંગ ગોટા અને ઉંચે સુધી ઉડતી જ્વાળાઓ દૂર દૂર સુધી દેખાવા લાગતાં આસપાસના રહેણાંક અને કોમર્શિયલ વિસ્તારમાં લોકો પોતાના બચાવ અર્થે રોડ પર દોડી આવ્યા હતા. ગ્રેનાઈટના ગોડાઉનમાં લાકડાના પેકિંગ, શંકાસ્પદ જ્વલનશીલ સામગ્રી

કે અન્ય સામાન હોવાને કારણે આગે ક્ષણવારમાં જ વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. ઘટનાની ગંભીરતાને જોઈને સ્થાનિકોએ તુરંત જ કંટ્રોલ રૂમમાં ફોન કરીને અમદાવાદ ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસને જાણ કરી હતી. ધુમાડાથી સમગ્ર વિસ્તાર ઘેરાઈ જતાં આસપાસની દુકાનો અને મકાનોમાં રહેતા લોકોમાં જીવ બચાવવા માટે નાસભાગ મચી ગઈ હતી.

બનાવની ગંભીરતા સમજીને ફાયર વિભાગની ટીમ તાત્કાલિક એક્શન મોડમાં આવી ગઈ હતી. ઘટનાસ્થળે ફાયર ફાઈટિંગના ૪ જેટલા વાહનો અને લાઈબંબો તાબડતોડ તૈનાત કરી દેવામાં આવ્યા છે.

ફાયર બ્રિગેડના જવાનો દ્વારા ચારેય તરફથી પાણીનો સતત બંબામારો ચલાવીને આગ વધુ પ્રસરે નહીં તે માટે યુદ્ધના ધોરણે રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. હજુ સુધી ગોડાઉનમાં આગ કયા કારણોસર લાગી (શોર્ટ સર્કિટ કે અન્ય કોઈ કારણ) તે ચોક્કસ જાણી શકાયું નથી. આ ભયાનક ઘટનામાં કોઈ કર્મચારી કે નાગરિક ફસાયા છે કે કેમ અને કેટલું આર્થિક નુકસાન થયું છે તે અંગેની સત્તાવાર વિગતો ફાયર વિભાગના સંપૂર્ણ ઓપરેશન પૂરું થયા બાદ જ સ્પષ્ટ થશે.

નારણપુરાના યુવક સાથે વર્ક પરમીટના નામે 11.65 લાખની ઠગાઈ

અમદાવાદ

અમદાવાદના નારણપુરામાં રહેતા યુવક સાથે યુરોપ અને દુબઈમાં વર્ક પરમિટ વિઝાના નામે 11.65 લાખની ઠગાઈ થઈ છે. વિઝા એજન્ટે નકલી ઓફર લેટર આપી 60 દિવસના દુબઈના ટૂરિસ્ટ વિઝા આપી યુવકને દુબઈ મોકલ્યો હતો. યુવકને દુબઈમાં રઝળતો કરતા યુવકે અમદાવાદ પરત આવીને વિઝા એજન્ટ સામે આનંદનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

નારણપુરામાં રહેતા અને પ્રાઈવેટ કંપનીમાં નોકરી કરતા 37 વર્ષીય ચિંતન શાહે આનંદનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી કે માર્ચ 2024માં તેમની મુલાકાત દીકરીની સ્કૂલના પ્રિન્સિપાલ દ્વારા દેવલ જોષી સાથે થઈ હતી. દેવલે પોતાને વિઝા અને એલઆઈસી એજન્ટ ગણાવીને યુરોપના દેશોમાં વર્ક પરમિટ અપાવવાની લાલચ આપીને રૂ.15,00,000 માગ્યા હતા. વિશ્વાસમાં આવીને ચિંતનભાઈએ ટુકડે ટુકડે ઓનલાઈન અને રોકડા સહિત કુલ રૂ. 16,65,000 ચૂકવ્યા હતા.

અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનમાં મોટો નાણાકીય ભડાકો

જમાલપુરના કોર્પોરેટર નાજનીન વસીમ ઠાકોરના AMCના GST રેકોર્ડ પર સનસનાટીભર્યા આક્ષેપો

4,571 પાર્ટીઓની વિગતો જાહેર કરવા માંગ અને 147 GST નંબર અમાન્ય હોવાનો ધડાકો!

અમદાવાદ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)ના વહીવટી તંત્ર અને નાણાકીય વ્યવહારો સામે હવે સત્તાવાર રીતે જ મોટા અને ગંભીર સવાલો ઉઠવા લાગ્યા છે. અમદાવાદ શહેરના જમાલપુર વોર્ડના કોર્પોરેટર નાજનીન વસીમ ઠાકોરે AMCના જીએસટી (GST) રેકોર્ડ અને ટેક્સ કૌભાંડને લઈને સત્તાધીશો સામે મોરચો ખોલ્યો છે. કોર્પોરેટરે AMCના જીએસટી રેકોર્ડ પર સવાલોની ઝડી વરસાવતા મ્યુનિસિપલ તંત્રમાં ભારે ખળભળાટ મચી ગયો છે. તેમણે AMC સાથે સંકળાયેલી કુલ ૪,૫૭૧ પાર્ટીઓની શંકાસ્પદ વિગતો તાત્કાલિક ધોરણે જાહેર કરવાની જોરદાર માંગ કરી છે. આ મામલે વિગતો આપતા કોર્પોરેટર નાજનીન વસીમ ઠાકોરે એક મોટો અને ચોંકાવનારો ખુલાસો કર્યો છે કે AMCના રેકોર્ડમાં નોંધાયેલી અને નાણાકીય વ્યવહારો કરતી પાર્ટીઓમાં તપાસ કરતા ચોંકાવનારી વાસ્તવિકતા બહાર આવી છે. મ્યુનિસિપલ કોર્પોરેશનના ચોપડે ચાલતા કરોડો રૂપિયાના વહીવટમાં ઉપયોગમાં લેવાયેલા જીએસટી નંબર પૈકી ૧૪૭ જેટલા જીએસટી નંબર અમાન્ય (Invalid) હોવાનું સામે આવ્યું છે. જો સરકારી દસ્તાવેજો અને મ્યુનિસિપલ કોર્પોરેશનમાં આટલી મોટી સંખ્યામાં ખોટા કે બોગસ જીએસટી નંબર ચાલતા હોય, તો આ પાછળ કોની મિલીભગત છે તે એક મોટો સવાલ બન્યો છે. કોર્પોરેટરના આ આક્રમક પ્રહારો બાદ એએમસીના ટેક્સ વિભાગ અને નાણાકીય શાખાની કામગીરી શંકાના ઘેરામાં આવી ગઈ છે. સવાલો એ થઈ રહ્યા છે કે જો જીએસટી નંબર અમાન્ય હતા, તો પછી અત્યાર સુધી લાખો-કરોડો રૂપિયાની લેણદેણ કે ટેક્સ પેમેન્ટ આ પાર્ટીઓને કેવી રીતે ચૂકવવામાં આવ્યા? શું વહીવટી તંત્ર જાણી જોઈને આ ગોબાચારી પર પડદો નાખી રહ્યું હતું કે પછી કોઈ મોટા કૌભાંડને છુપાવવાનો ખેલ ચાલી રહ્યો હતો? નાજનીન વસીમ ઠાકોરે તંત્રને સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી છે કે જો AMC દ્વારા આ ૪,૫૭૧ પાર્ટીઓની પારદર્શક યાદી અને નાણાકીય વિગતો સત્વરે જાહેર કરવામાં નહીં આવે, તો આ મામલો રાજ્ય સ્તરે ઉઠાવવામાં આવશે અને ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવશે.

સંક્ષીપ્ત સમાચાર

પશ્ચિમમાં 20 જ દિવસમાં શરણાઈઓ વાગવાની હતી, પણ હોટલના એક કમરાએ આખા ખેલનો પાસો પલટી નાખ્યો!

અમદાવાદના પશ્ચિમ વિસ્તારમાં તાજેતરમાં એક એવી ચકચારી અને ડ્રામેટિક ઘટના સામે આવી છે જેણે બે પરિવારના હોશ ઉડાવી દીધા છે. લગ્નના હવે માત્ર ગણતરીના 20 દિવસ જ બાકી રહ્યા હતા. બંને પરિવારમાં ખુશીઓનો માહોલ હતો, મંડપ અને લગ્નની તમામ તૈયારીઓ પૂરી થઈ ચૂકી હતી. પરંતુ આ ખુશીઓ વચ્ચે ભાવિ કન્યા પોતાના 5 વર્ષ જૂના પ્રેમીને મળવા એક હોટલે પહોંચી ગઈ હતી. ભાવિ પત્ની પર શંકા જતા મંગેતરે લોકેશન ટ્રેસ કર્યું અને હોટલ પર પરિવાર સાથે દરોડો પાડ્યો હતો. આખરે હોટલના દરવાજે એવો હાઈવોલ્ટેજ ડ્રામા સર્જાયો કે મામલો 181 અભયમ રેસ્ક્યૂ ટીમ સુધી પહોંચ્યો હતો. અભયમની ટીમે સ્થળ પર પહોંચીને કાઉન્સેલિંગ શરૂ કર્યું ત્યારે આખી કહાનીનો સૌથી ચોંકાવનારો વળાંક સામે આવ્યો હતો. યુવતીએ રડતા રડતા પોતાની મજબૂરી વ્યક્ત કરતા જણાવ્યું કે, તે પોતાની મરજીથી નહીં પણ પિતાના ડરથી આ સગાઈ કરી રહી હતી. યુવતીના જણાવ્યા મુજબ તેના પિતા ઘરમાં માતા સાથે સતત ઘરેલુ હિંસા અને મારપીટ કરતા હતા. જો તે પ્રેમી સાથે ભાગી જાય તો તેના રાક્ષસી પિતા તેની નિર્દોષ માતાને ઢોર માર મારશે તેવી ગંભીર ચિંતા તેને કોરી ખાતી હતી. આ ડરના કારણે જ તેણે પોતાની ઈચ્છા વિરુદ્ધ સગાઈ કરી લીધી હતી.

રખિયાલ-ગોમતીપુરના હોમગાર્ડ યુનિટના બે હોમગાર્ડ ₹2000ની લાંચ લેતા ઝડપાયા

દિવાળીના તહેવારો પૂર્વે જ અમદાવાદમાં ભ્રષ્ટાચાર સામે એન્ટી કરપ્શન બ્યુરો (ACB) દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી છે. 'H' ટ્રાફિક પોલીસ સ્ટેશન હેઠળના વિવિધ પોઈન્ટ પર ફરજ બજાવવા અને નોકરી ચાલુ રાખવા માટે માસિક રૂ.1,000ના હપ્તા પેટે રૂ.2,000ની લાંચ માગનારા હોમગાર્ડ યુનિટના કર્મચારીઓ સામે એસીબીએ સકંજો કસ્યો છે. એસીબીએ છટકું ગોઠવીને લાંચ લેતા કર્મચારીઓને રંગેહાથ ઝડપી લીધા છે, જ્યારે બે આરોપીઓ ફરાર છે. ફરિયાદી ઈ-ડિવિઝન હોમગાર્ડ યુનિટમાં ફરજ બજાવે છે. એચ-ટ્રાફિક પોલીસ સ્ટેશન હેઠળના પોઈન્ટ્સ પર ડ્યુટી ફાળવવાની કામગીરી ડિવિઝન કમાન્ડર વિજયભાઈ જાદવ, કમ્પ્યુટર ઓપરેટર પંકજભાઈ પરમાર અને હોમગાર્ડ હર્ષમયભાઈ સૂર્યવંશી દ્વારા કરવામાં આવતી હતી. ડિવિઝન કમાન્ડરે ફરિયાદી પાસે ધમકી આપીને દર મહિને રૂ.1,000ના હપ્તાની માગણી કરી હતી અને જણાવાયું હતું કે જો નાણાં નહીં આપે તો ટ્રાફિકમાંથી છૂટા કરી રાત્રિ ડ્યુટીમાં મૂકી દેવાશે. નાણાં આપવાની ના પાડતાં ફરિયાદીને 20 જુલાઈના રોજ ટ્રાફિક ડ્યુટીમાંથી પરત ડિવિઝનમાં મૂકી દેવાયા હતા. ત્યારબાદ ઓગસ્ટ અને સપ્ટેમ્બર માસના મળીને કુલ રૂ.2,000ની લાંચ આપવા પર ફરીથી ટ્રાફિક ડ્યુટી ફાળવવાની ખાતરી અપાઈ હતી.

નારોલ-નરોડા હાઇવે પર અમીયતના કલંક જેટી ઘટના; ખારીકટ કેનાલમાંથી મળી આવ્યો નવજાત શિશુનો મૃતદેહ

ગુજરાતના પાટનગર અને અતિ વિકસિત મહાનગર અમદાવાદમાંથી એક અત્યંત હચમચાવતી અને માનવતાને શરમમાં નાખતી ઘટના સામે આવી છે. શહેરના વ્યસ્ત ગણાતા નારોલ-નરોડા હાઈવે પર આવેલા વિસ્તારમાં ખારીકટ કેનાલના ગંદા પાણી અને કચરાના ગંજમાંથી એક નવજાત શિશુનો નિર્જીવ મૃતદેહ મળી આવતા સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ છે. કોઈ નિર્દયી દ્વારા જન્મ લેતાની સાથે જ માસૂમ શિશુને આ રીતે કચરામાં ફેંકી દેવામાં આવતા સ્થાનિક રહીશો અને રાહદારીઓમાં ભારે રોષ અને આક્રોશ ફેલાયો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, વહેલી સવારના સુમારે નારોલ-નરોડા હાઈવે નજીકથી પસાર થતા નાગરિકોનું ધ્યાન ખારીકટ કેનાલના પ્રદૂષિત પાણી અને કચરામાં પડેલા એક નવજાત બાળકના શબ પર ગયું હતું. આ મામલાની ગંભીરતા જોતા તાત્કાલિક ધોરણે ફાયર બ્રિગેડ (Fire Brigade) અને સ્થાનીય પોલીસને જાણ કરવામાં આવી હતી. સૂચના મળતાની સાથે જ ફાયર બ્રિગેડની ટીમ ત્વરિત ઘટનાસ્થળે દોડી આવી હતી.

ખોખરામાં IITRAM કોલેજમાં પાર્કિંગ મુદ્દે NSUI દ્વારા તાળાબંધી, ઉગ્ર દેખાવ

અમદાવાદ શહેરના ખોખરાની IITRAM કોલેજમાં વિદ્યાર્થીઓના વાહન પાર્કિંગ મુદ્દે NSUIએ વિરોધ કર્યો. હોસ્ટેલના વિદ્યાર્થીઓને વાહન પાર્કિંગની મંજૂરી ન મળતા અને પ્રોફેસરોને છૂટ અપાતા NSUI કાર્યકરોએ કોલેજના મુખ્ય ગેટ પર તાળાબંધી કરી. તેમણે 24 કલાકમાં ઉકેલ ન આવે તો ઉગ્ર આંદોલનની ચીમકી ઉચ્ચારી છે. ખોખરા વિસ્તારમાં આવેલી IITRAM કોલેજમાં વિદ્યાર્થીઓના વાહન પાર્કિંગના મુદ્દે વિવાદ ઊભો થયો છે. હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓને પોતાનાં ટુ-વ્હીલર અને ફોર-વ્હીલર વાહનો કોલેજની અંદર પાર્ક કરવા પર પ્રતિબંધ હોવા છતાં પ્રોફેસરોને વાહન પાર્કિંગની મંજૂરી આપવામાં આવતી હોવાનો આક્ષેપ NSUIએ કર્યો છે. આ મુદ્દે સંગઠનના કાર્યકરોએ કોલેજમાં વિરોધ પ્રદર્શન કરીને મુખ્ય ગેટ પર તાળાબંધી કરી હતી. સાથે જ પાર્કિંગની સમસ્યાનો ઉકેલ લાવવા માટે સત્તાધીશોને 24 કલાકનું અલ્ટિમેટમ આપ્યું છે. મળતી માહિતી પ્રમાણે, IITRAM કોલેજની હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓને પોતાનાં વાહનો કોલેજની અંદર પાર્ક કરવાની મંજૂરી આપવામાં આવતી નથી.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃત્તિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI